Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદ્-કથાઓ

ધૂમકેતુ



૨૦ ગ
૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... 20 ग/१४

पञ्जिका संख्या.....२६० १६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદ્ કથાઓ

ધૂમકેતુ

CHE 1973
Initial
૨૦ગ/૧૪
૨૬.૧૬

બે રૂપિયા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ,
ફરનાન્ડિઝ પુલ, અમદાવાદ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી આવૃત્તિ નવેમ્બર : ૧૯૫૦

[પુનર્મુદ્રણ વગેરે સર્વ પ્રકારના હક્ક લેખકને સ્વાધીન]

પ્રકાશક :
ઈશ્વરલાલ મોહનલાલ દવે,
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ,
ફરનાન્ડિઝ પુલ, અમદાવાદ-૧

મુદ્રક :
જયંતિ ઘેલાભાઈ દલાલ,
વસંત પ્રિન્ટિંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

૧	સત્યકામ જાબાલ	૫
૨	શ્રેષ્ઠ કોણ ?	૧૦
૩	અક્ષર એક, અર્થ ત્રણ	૧૦
૪	આત્મજ્ઞાનની પ્રાપ્તિ	૨૬
૫	મહીદાસ ઐતરેય	૩૧
૬	જ્ઞાનદાન !	૪૦
૭	સર્વશ્રેષ્ઠ કોણ ?	૪૬
૮	ધૌમ્ય	૫૪
૯	શ્વેતકેતુ	૫૬
૧૦	નચિકેતા	૬૮
૧૧	અષ્ટાવક્ર	૮૦
૧૨	પિપ્પલાદ મુનિ !	૯૧
૧૩	ગાર્ગી	૧૦૬
૧૪	પ્રાણ જ બળવાન છે !	૧૧૮
૧૫	ઉષસ્તિનો આચાર !	૧૧૨
૧૬	આત્માની ઓળખાણ !	૧૨૫
૧૭	તપ, વિદ્યા, યજ્ઞ	૧૩૩
૧૮	પ્રાણની ઉપાસના	૧૪૦
૧૯	દાસીપુત્રની જ્ઞાન જિજ્ઞાસા !	૧૪૫
૨૦	એક રૂપક	૧૫૦
૨૧	અસત્માંથી સત્માં !	૧૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદ્ કથાઓ

[૧] સત્યકામ જાબાલ

કેટલીક વાતો એવી હોય છે જે વાંચવાની સાથે સમજવાની પણ હોય છે. સત્યકામ જાબાલની વાત એવી છે.

એક સ્ત્રી હતી. એનું નામ જબાલા. એ બિચારી જુવાનીમાં આધાર વિનાની થઈ પડી. જ્યાં ત્યાં રખડે અને દાસી તરીકે કામ કરીને પોતાનું પેટ ભરે !

આવા રખડુ જીવનમાં, ધ્યાન રાખે તો તો ઠીક, નહિતર ક્યાંક આડો અવળો પગ પડી જાય તો જીંદગી હારી બેસે !

ડહાપણ હોય તો એ ભૂલભરેલા માર્ગમાંથી પણ રસ્તો મળે. ડહાપણ ન હોય ને મન બેબાકળું થઈ જાય તો માણસ એમાંથી તો આખું જીવન હારી જાય ! પછી એ જીવે, પણ મડદાંની જેમ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જબાલાનો પણ જુવાનીમાં ક્યાંક આડો અવળો પગ પડી ગયો. એને એક છોકરો થયો. છોકરો મોટો થયો. એમ કરતાં કરતાં એને ગુરુને ત્યાં ભણવા જવાનો સમય પણ આવી પહોંચ્યો.

એ વખતે કાંઈ આજની પેઠે નિશાળો નહિ. ફી નહિ. પુસ્તકોની મોટી હારમાળા પણ નહિ.

આચાર્યો, પોતપોતાને આંગણે જ શાળા ચલાવે. ઋષિ મુનિ હોય તો જંગલમાં શાળા ચાલતી હોય. ત્યાં વિદ્યાર્થીઓ ભણવા આવે. ત્યાંજ રહે, ખાય પીએ, ગુરુનું કામ કરે, ને વિદ્યા પુરી થાય ત્યારે ગુરુ ઘેર જવાની રજા આપે, એટલે ઘેર જાય! પણ એટલામાં એ વિદ્યા મેળવી ચૂકયા હોય.

પહોંચી શકે તેમ હોય એ ગુરુદક્ષિણા આપે. ન પહોંચી શકે તેમ હોય તો, ગુરુ મફત ભણાવે. ભણાવવું એ આચાર્યોનો ધર્મ હતો. આજની પેઠે એ વખતે એની નોકરી નહિ!

એટલે આ જબાલાનો પુત્ર ગુરુને ઘેર જવા માટે તૈયાર તો થયો, પણ એ વખતે એક વાતની બહુ તપાસ રાખે. ગુરુ જેને વિદ્યા આપે, એની જાત જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા આપે. કોઈ કજાતને હાથ વિદ્યા ન જાય એનું બહુ ધ્યાન રાખે.

આજે જેમ પોલીસની નોકરી જોઈતી હોય તો છાતીનું માપ કાઢે છે, એવી આ વાત થઈ! ગુણવાન વિના ગમે તેને વિદ્યા આપવાની મના હતી. અને એ તો હોય જ નાં? તેમાં વેદવિદ્યા તો પવિત્ર હોય તેને જ અપાતી.

જબાલાના પુત્રે ગુરુને ત્યાં જવા માટે તૈયારી આદરી. દંડ લીધો. પોટકું બાંધ્યું. કોપીન વાળ્યું. સાથવો સાથે બાંધ્યો. પણ ત્યાં એને સાંભર્યું કે ગુરુ મને પહેલો જ સવાલ પૂછશે, તારું ગોત્ર કયું? તું પુત્ર કોનો? કયા વંશનો? તો હું શું જવાબ વાળીશ? મેં તો પિતાજીને કોઈ દિવસ દીઠા નથી. છે કે નથી એની જ મને તો ખબર નથી.

એટલે એ પહોંચ્યો મા પાસે. જઈને માને કહ્યું: 'મા! મારે વિદ્યાઅભ્યાસ કરવા જવું છે. પણ ત્યાં આચાર્ય મને નામ પૂછશે, ગોત્ર પૂછશે, તો આપણું ગોત્ર કયું? આપણો વંશવેલો શેમાંથી પ્રગટયો? એનું નામ શું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જબાલા બોલી: 'હે દીકરા ! આપણે ગોત્ર શું ને વંશ શું ? જુવાનીમાં ભરણપોષણ માટે દાસીપણું કરતાં કરતાં હું તને પામી. તારું નામ તો સત્યકામ છે. એટલે તને પૂછે તો કહેજે કે હું, જબાલાનો પુત્ર સત્યકામ છું ! સત્યકામ જબાલ !"

છોકરો તો મહા નિર્દોષ હતો. એને વિદ્યાની લગની હતી. એ લગનીમાં ને લગનીમાં એ તો જઈને ગૌતમ ઋષિ પાસે ઊભો !

નાનકડું શરીર છે, માથે ચોટલી રહી ગઈ છે, હાથમાં દંડ રાખ્યો છે, કપાળે ભસ્મ લગાવી છે, ને આ નાનકડો બટુક તો જઈને હિમ્મતથી મહામુનિ ગૌતમની પાસે ઊભો રહ્યો. બે હાથ જોડીને આચાર્યને કહ્યું: 'હે ભગવન્ હું આપને ત્યાં વિદ્યાર્થી તરીકે આવ્યો છું. મને સ્વીકારો !'

ભણવા માટે વિદ્યાર્થી આવે એને ભણાવવાની ના પાડવી એ એ વખતે મહાપાપ ગણાતું !

ગૌતમ મુનિ બોલ્યા: 'હે બાળક ! તું દેખાય છે તો સૌમ્ય–શાંત. તું ભલે આવ્યો. તારું ગોત્ર કયું ?'

સત્યકામે તો બહુ જ નિર્દોષ ભાવે કહ્યું: 'હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન્! મારું ગોત્ર કયું તે હું જાણતો નથી. મારી માને પૂછ્યું, તો એણે કહ્યું: "મને ખબર નથી. જુવાનીમાં હું આંહીં તહીં રખડીને પેટ ભરતી, ત્યારે તારો જન્મ થયો છે! આમાં જે કાંઈ ગોત્ર ભગવાને તને આપ્યું હોય તે ખરું!

એટલે હે ભગવાન! મારું ગોત્ર હું જાણતો નથી. હું સત્યકામ. મારી માનું નામ જબાલા. તેથી હું સત્યકામ જાબાલ છું!"

છોકરાની વાણી સાંભળીને મહામુનિ ગૌતમ વિચારમાં પડી ગયા. આની કોણ જાત હશે એ કોને ખબર?

પણ તરત એમના દિલમાં એક નવો વિચાર આવ્યો.

જે આટલા નિર્દોષ ભાવે સત્ય બોલી ગયો, એની જાત પૂછવાની હોય? જે આમ નિર્દોષ ભાવે સત્યનું આચરણ કરે એ બ્રાહ્મણ જ! બીજું શું?

બ્રાહ્મણ કોને કહેવો—એની એક જબરજસ્ત ગુંચ આ વાતમાં ઉકેલી છે.

જે નિર્દોષ હોય, સત્યનું આચરણ કરતો હોય, તે બ્રાહ્મણ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમ મુનિએ તરત કહ્યું: 'આવ બેટા! તું જ ખરો બ્રાહ્મણ છો! વિદ્યા તારા જેવા માટે છે!' અને એને શિષ્ય તરીકે પોતે સ્વીકાર્યો.

વાતને બરાબર સમજીએ તો આપણા મનનું સમાધાન થઈ જાય એવું કાંઈ ને કાંઈ દરેક વાતમાં હોય છે.

આ વાતમાં જ એક વાતનું સમાધાન પડ્યું છે. જન્મથી બ્રાહ્મણ હોય ને અસત્ય આચરણ કરે, તો એ બ્રાહ્મણ નહિ. એનો અર્થ એ થયો કે આચરણ જ સૌથી મુખ્ય વસ્તુ છે. આ જાણ્યા પછી તો આપણે એ આચરવું રહ્યું!

[૨] શ્રેષ્ઠ કોણ?

એક વખત દેવો ને દાનવોનું વચ્ચે યુદ્ધ થયું. એમાં દેવો જીત્યા. દાનવો હાર્યા.

પણ લડાઈ જીતવી સહેલી છે, જીત્યા પછી જ જીરવવી અઘરી છે.

એટલે લડાઈ પતી ગયા પછી દેવોમાં તરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર અંદર હુંશાતુંશી શરૂ થઇ. એકને લાગ્યું કે વિજયમાં એનો જેવો તેવો હિસ્સો નથી. તો બીજાને થયું કે એ ન હોત તો વિજય મળત જ નહિ ! એમ ને એમ વાત વધારે ને વધારે ગુંચવાવા માંડી.

પછી તો દરેક દેવ ઉધાડે છોગ બોલવા માંડયો કે 'હું હોઉં નહિ ને આ વિજય મળે નહિ!'

અગ્નિ કહે: 'વિજય મેં અપાવ્યો. આગની પાસે દુશ્મનો ટકી શકયા નહિ ને આપણો વિજય થયો'

મરૂત કહે: 'અગ્નિદેવ! ખાલી ફીફાં ખાંડો માં. દુનિયા આખી જાણે છે કે પવન હોય નહિ ને અગ્નિનું જોર વધે નહિ !'

મેઘે ગર્જના કરી: 'ભાઇઓ! તમે બન્ને શાંત રહેશો ? જળબંબાકાર પૃથ્વી થઈ, ત્યારે દુશ્મનો ભાગવા માંડયા. એમને લાગ્યું કે આ તો સાક્ષાત્ મોત આવ્યું! બાકી તમને અગ્નિને હોલાવતાં એમને શી વાર લાગવાની હતી ?'

ઇંદ્ર કહે: 'મેઘ મારી આજ્ઞામાં છે. એની વાત સાચી છે. એ હતો તો વિજય મળ્યો. પણ એને મેં પ્રેર્યો હતો! એટલે સમજો ને, કે હું હોઉં નહિ, ને આ વિજય મળે નહિ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી વાતો તો નિત્યની થઇ પડી.

દેવતાઓ જાણે કે પોતાની જાતને જ ભૂલી ગયા! જેની ઇચ્છા વિના આખા વિશ્વમાં એક પાંદડું પણ ચાલી શકતું નથી, એ બ્રહ્મદેવ જાણે દુનિયામાં ક્યાંય હોય જ નહિ, ને પોતે જ કર્ત્તાહર્ત્તા હોય, તેમ દરેક દેવ વર્ત્તવા માંડયો!

બ્રહ્મદેવને પણ વિચાર થઈ પડયો. આ અહંકારને રોકવામાં ન આવે તો તો આ બધા ય એમાં ને એમાં ઉંધા પડે! દેવતાઓને જ્ઞાન આપવાની જરૂર હતી. પણ આપવું શી રીતે?

બ્રહ્મદેવે એક નવો જ રસ્તો લીધો. એ સમજી ગયા કે પ્રત્યક્ષ પાઠ વિના આમાંનો કોઈ વાળ્યો વળે તેમ નથી.

એમણે એક અદ્ભુત નવી નવાઈનું આશ્ચર્ય-કારક રૂપ ધાર્યું. અને પછી એ દેવતાઓ બેઠા હતા ત્યાં પ્રગટ થયા. એમનું પોતાનું આ રૂપ યક્ષના જેવું હતું.

પેલા દેવતાઓ તો વિચારમાં પડી ગયા. 'આ શું હશે? આવું અદ્ભુત તો આપણે કોઈ દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું નથી !' અને એમના મનમાં બીક પણ પેઠી: 'કયાંક દાનવોએ આ કોઈ નવું ધતીંગ ઊભું કર્યું હોય નહિ !'

એટલે એમણે સૌએ પહેલાં અગ્નિને જ કહ્યું: 'તમે જઈને તપાસ તો કરો અગ્નિદેવ ! આ છે શું ? કોણ છે ને કયાંથી આવ્યું છે ?'

અગ્નિએ કહ્યું: 'એ તો હું આમ જાણી લાવું. તમે સૌ આંહીં બેસો.' અગ્નિદેવ ચાલ્યા. બ્રહ્મદેવનું પેલું યક્ષ જેવું રૂપ હતું તેની પાસે પહોંચ્યા. પણ ત્યાં પહોંચ્યા ને શું પૂછવું એ જ જાણે કે પોતે ભૂલી ગયા ! યક્ષનું રૂપ એવું તેજસ્વી ને ઝળાંઝળાં થતું હતું કે એને જોવામાં જ એ તો રોકાઈ ગયા !

છેવટે બ્રહ્મદેવરૂપ યક્ષે પોતે જ કહ્યું: 'કોણ છો તમે ?'

અગ્નિદેવે જવાબ આપ્યો: "મારું નામ તો પ્રસિદ્ધ છે. હું અગ્નિદેવ. બીજું નામ પણ રાખું છું. જાતવેદા !'

'એમ ? ઓહો ભાઈ ! આવા બબ્બે પ્રસિદ્ધ નામવાળા તમે છો એ અમને શી ખબર ? પણ નામ પ્રસિદ્ધ છે તો બળમાં પણ પ્રસિદ્ધ હશો નાં ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિએ જવાબ વાળ્યો: 'હે પૂજ્ય દેવ! અભિમાન તો નથી કરતો, પણ ત્રિલોકમાં કોઈ પદાર્થ એવો નથી, જેને બાળીને હું ભસ્મ ન કરી શકું!'

યક્ષદેવે આશ્ચર્ય પામતા હોય તેમ કહ્યું: 'શું કહો છો?'

'હા. તમામ પદાર્થને બાળીને એક ક્ષણમાં હું ભસ્મ કરી નાખું એવું મારું બળ!'

બ્રહ્મદેવ મનમાં ને મનમાં એના 'હું'કાર ઉપર હસી પડ્યા. પણ એમણે મોટેથી કહ્યું: 'આ સામે પડ્યું છે તણખલું, એને તમે બાળી શકો?'

અગ્નિદેવ ક્રોધથી લાલ લાલ થઈ ગયા. એમને લાગ્યું કે આ તો પોતાની મશ્કરી થાય છે. એમણે વેગમાં ને વેગમાં કહ્યું: 'આ તણખલાને બાળવાની વાત કરો છો? અરે! પેલું સામે લીલું કુંજાર વન ઊભું છે, એ આખા વનને એક પળમાં રાખ કરી નાખું!'

'એ વાત જવા દો ને ભાઈ! વનને તો બે લાકડાં સામસામાં ભટકાય તો પણ બાળી દે. એમાં શું? આ તણખલું પડ્યું છે એને જ બાળી દો ને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિદેવે ગર્વથી કહ્યું : 'અરે ! એમાં તે મારે કઈ તાકાત અજમાવવાની છે ? એને તો જરાક અડીશ ત્યાં જ ભસ્મ ! જુઓ....'

એમ બોલતાં જ અગ્નિદેવે એક જવાળા ફેંકી. પણ તણખલું તો હતું તેમ ને તેમ રહ્યું !

અગ્નિદેવ ભોંઠા પડી ગયા. ત્યાં બ્રહ્મદેવે ટાઢી રીતે કહ્યું:

'સુકું છે નાં, એટલે બળતું નહિ હોય!'

અગ્નિદેવે તો તરત પોતાની બધી જવાલા ને વેગ ભેગાં કર્યાં. ને પેલા સુકા તણખલા ઉપર પ્રચંડ ધસારો કર્યો. પણ બાળવાનું તો બાજુએ રહ્યું, તણખલાનો એક જરા જેટલો ભાગ તો ગરમ થા ! એ પણ ગરમ ન થયો !

અને વળી મશ્કરીમાં હસતું હોય તેમ એ સુકું ઘાસ જાણે ખડખડ હસતું લાગ્યું !

થઈ રહ્યું. અગ્નિદેવ પાસે બીજી કોઈ શક્તિ તો ન હતી. તમામ શક્તિ એમણે વાપરી કાઢી હતી. શરમથી એનું મોં નીચું ઢળી ગયું. તે યક્ષની પાસેથી ક્યારે સરકી ગયા તે પણ ખબર પડી નહિ. જઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોને કહ્યું: 'હે દેવો! આ યક્ષ કોણ છે એ તમે કોઈક જાણી આવો, આપણને એ કામ નહિ ફાવે!'

દેવોએ વાયુદેવ તરફ દૃષ્ટિ કરી: 'મરુતરાજ! તમે ઉપડો. તમારા વિના બીજા કોઈનું એ કામ નથી!'

વાયુદેવ તરત દેવોની આજ્ઞા પ્રમાણે ત્યાં જવા ઉપડ્યા.

પણ જે દશા અગ્નિદેવની થઈ હતી, તે જ એમની પણ થઈ.

એ પણ જઈને ઊભા રહ્યા. ઉપરથી કે હેઠેથી કાંઈ બોલે ને કાંઈ ચાલે!

યક્ષે નામ પૂછ્યું ત્યારે જ એમની ભાન સાન ઠેકાણે આવી! પણ પછી પ્રત્યુત્તર આપવામાં એ કાંઈ ગાજ્યા જાય તેવા ન હતા.

મારું નામ પૂછો છો? મારું નામ તો સૌ કોઈ જાણે છે. મારું નામ વાયુ. સેંકડો જોજન દૂર પડેલા સુગંધને એક પળમાં આમથી તેમ ગમે ત્યાં હું ફેલાવી દઉં, એ જ પ્રમાણે દુર્ગંધને ફેલાવી દઉં! હું ગમે ત્યાં જઈ શકું. છેક આકાશમાં પહોંચું. મારું નામ માતરિશ્વા પણ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ ? ઓહો ભાઈ ! ત્યારે તો તમે પણ બે નામ વાળા ! પણ તમારામાં બળ શું ?' બ્રહ્મદેવે પૂછયું.

'મારામાં બળ શું ? અરે ! મોટાં મોટાં વૃક્ષોને ઉડાડીને ક્યાંયનાં ક્યાંય ફેંકી દઉં ! સ્થાવર જંગમ તમામને આમથી તેમ ફંગોળી નાખું ! મારું બળ તો એવું કે, ગમે તે હોય નહિ, હું એને ઉડાડી મૂકું !'

'એમ ? ઓહો ભાઈ ! ત્યારે તો તમે ભારે બળવાળા ! આ પેલું સુકું તણખલું પડયું છે, એ જરાક ઉડાડો તો !'

વાયુદેવ હસી પડયા ! સુકું તણખલું ઉડાડવું ? એમાં તે શી મોટી વાત હતી ? પ્રચંડ વેગથી એ તો જે ધસ્યા તણખલા ઉપર કે જો બિચારું એ ઉડે તો તો જાતું સમુદ્રમાં જ પડે !

પણ વાયુદેવનો વેગ થંભી ગયો. તે રાતાપીળા થઈ ગયા. ભોંય ઉપર જોતાં શરમથી કાળા મેંશ થઈ ગયા !

અરર ! આટલા પ્રચંડ વેગથી તો આખા ડુંગરાના ડુંગર ઉખડી પડે ને આ તણખલું ખસ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન હતું એ તે શું ?

એ તો શરમથી મોં જ છૂપાવી ગયા ! એમને લાગ્યું કે અગ્નિદેવ ભાગી આવ્યા હતા, એનું કારણ આ જ હશે. એની આવી જ હાલત થઈ હશે !

એમણે પણ ડહાપણથી પીછે હઠ કરી. સરકી ગયા.

હવે આંહીં દેવતાઓએ, વાયુને પણ પાછા આવતા જોયા, એટલે એ તો ચિંતામાં પડી ગયા !

આવા બે સમર્થ દેવો પાછા આવ્યા–એટલે બીજો દોઈ તો જવાની હિમ્મત જ શેનો કરે ?

એટલે પછી ઇંદ્રદેવને વિનતી થઈ. ઇંદ્રદેવ પોતે ચાલ્યા. પણ અગ્નિદેવ ને વાયુદેવ કરતાં એ બળમાં ચડે એમ હતા. તો અભિમાનમાં ક્યાં ઉતરે તેમ હતા ?

એ તો અભિમાનમાં ને અભિમાનમાં ફાંકો મારતા એ તરફ જવા ઉપડયા–પેલા યક્ષ તરફ.

પણ બ્રહ્મદેવે એને આવતા જોઈને જ વિચાર કર્યો: "ઓહો ! આ તો ઇંદ્રદેવ પોતે લાગે છે. પણ એનું અભિમાન તો મૂળમાંથી કાપીશું તો જ કપાશે. નહિતર એ તો પાછા પોતાને, દેવતાઓના રાજા માને, એટલે સાતમે ગગન બેસશે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે બ્રહ્મદેવે એક નવો જ નુસ્ખો અજમાવ્યો. અગ્નિને અને મરુતને તો એ મળ્યા હતા. આને તો મળ્યા પણ નહિ ! અદૃશ્ય જ થઈ ગયા !

'અરે !' ઇંદ્ર તો ત્યાં આવ્યો ને કોઇ મળે નહિ એટલે ભોંઠો પડી ગયો. પણ એણે એને શોધી કાઢવાનો નિશ્ચય કર્યો.

એટલામાં તો ત્યાં એક રૂપ ભરેલી સ્ત્રી પ્રગટી.

ઇંદ્રે તરત એને ઓળખી કાઢી. 'ઓહો ! આ તો ભગવાન શંકર ને ઉમા—ઉમા કહે છે તે ! એને જ પૂછવા દે કે પેલું યક્ષરૂપ કોણ હતું ?'

જઈને એને પૂછ્યું: 'હે માતર્ ! પેલું સ્વરૂપ કોનું હતું ?'

'કેમ કોનું હતું ? હે ઇંદ્ર ! તમે સૌ પોત પોતાની જાતને મહાન ગણીને, વિજય તો તમારો ગણી રહ્યા છો, પછી એ રૂપ કોનું હતું એ જાણીને તમારે શું કરવું છે ? વિજય તો તમારો જ છે ! પછી શું ?'

ઇંદ્રની આંખ હવે ખુલી ગઈ. ત્યાં તો ઉમાએ કહ્યું: 'હે ઇંદ્રદેવ ! એ તો પરમબ્રહ્મનું રૂપ છે. જેના વડે તમે વિજય મેળવ્યો. એની પાસે તમે તો નિમિત્તમાત્ર છો—એ વાત તમે ભૂલી જ ગયા લાગો છો. એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંતશક્તિનો ખ્યાલ કરો. એટલે તમને વધુ સ્પષ્ટ રીતે સમજાશે કે એ કોણ હોઈ શકે!'

ઇંદ્રની આંખ ઉઘડી ગઈ. પછી સૌએ ભેગા થઈને બ્રહ્મની ઉપાસના કરી. એ બ્રહ્મ–એટલે તપ–દમ–કર્મ અને સત્ય. જે પોતાના પ્રાપ્ત કર્મની આરાધના સંયમથી કરે તેને જ સત્ય મળે–એટલે કે બ્રહ્મજ્ઞાન થાય!

[૩] અક્ષર એક, અર્થ ત્રણ

જૂના વખતમાં એક સમયે એવું બન્યું કે દેવ માનવ ને દાનવ, સઘળા પ્રજાપતિ પાસે પહોંચ્યા. સૌને ખાત્રી થઈ હતી કે વિદ્યા મેળવવાથી શાંતિ મળે. અને એ વિદ્યા, માત્ર બ્રહ્મદેવ જ આપી શકે; બીજો કોઈ નહિ. એ વખતે વિદ્યા અદ્‌ભુત વસ્તુ ગણાતી, અને તે વિદ્યા, આપણે મેળવીએ છીએ તેવી દાખલા ગણવાની કે વાંચવાની નહિ, પણ જીવન ઘડવાની હતી. જે જીવન ઘડે તે વિદ્યા. વિદ્યાની એ વ્યાખ્યા હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં દેવો ત્યાં પહોંચ્યા. જઇને પ્રજાપતિ પાસે શિષ્યભાવે રહ્યા. તમામ અભિમાન છોડીને પ્રજાપતિને ગુરુભાવે નમતા ભજતા દિવસો ગાળવા લાગ્યા. પછી એમણે પ્રજાપતિને કહ્યું: 'હે મહારાજ! અમને હવે ઉપદેશ કરો!'

પ્રજાપતિએ ટૂંકામાં ટૂંકો જવાબ વાળ્યો: 'દ કરો.' પણ આ દ એટલે શું એ દેવોએ પૂછ્યું નહિ. પૂછ્યા વિના પ્રજાપતિએ કહ્યું નહિ. દેવો સમજ્યા કે આપણે આ એક જ સૂત્રને વળગી રહીશું તો બસ છે! કારણ કે જીવન ઘડવા માટે તો બે ચાર શબ્દો બસ છે. પેલા એક ગ્રીક તત્ત્વવેત્તા સોક્રેટીસની વાત આ સંબંધમાં યાદ રાખવા જેવી છે. તેની પાસે અનેક શિષ્યો આવે અને એ સૌને યથાશક્તિ જ્ઞાન આપે. પણ ઘણાને માટે તો એ તુંબડીમાં કાંકરા જેવું થઇ જાય! લેવું સહેલું, પણ પચાવવું અઘરું, એવું એ રસાયન છે!

એવામાં એક શિષ્ય એને સાચો મળ્યો. સોક્રેટીસે એને જ્ઞાન ઉપદેશ આપ્યો: 'જો ભાઇ! સત્ય બોલવું, એ જ પરમધર્મ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો તો બે હાથ જોડીને ઊભો જ થઈ ગયો. 'ગુરુદેવ! આજે આટલું બસ છે. આ પાઠ બરાબર થઈ જાય, પછી બીજા કરીશું!' એમ કહીને એ તો ચાલતો થઇ ગયો! પણ પછી મહિના સુધી દેખાણો જ નહિ. એક દિવસ અચાનક સોક્રેટીસ એને ભેટી ગયો. ઊભો રાખીને પૂછ્યું: 'અલ્યા! તું તો પાછો આવ્યો જ નહિ!'

પેલાએ જવાબ વાળ્યો: 'પણ તમે આપેલો પહેલો પાઠ જ હજી તો હું પૂરો શીખ્યો નથી. એટલે આવીને કરું શું?'

સોક્રેટીસ પણ કાન પકડી ગયો. વાત તો સાચી હતી. સત્ય બોલવું—એટલું જ શીખતાં માણસનું જીવન પૂરું થઈ જાય, અને એટલું તો એને બસ થઈ પડે! એકલાં થોથાંનો ભાર તો ગધેડાં હમેશાં ઉપાડી જતાં હોય, પણ તેથી કાંઈ, એ વિદ્વાન થોડા ગણાવાના હતાં? વિદ્વાન તો એ, જે જાણે, અને આચરે! આચરવા માટે જ જાણે. ત્યારે આ દ નું પણ એવું જ થયું.

દ લઈને દેવતાઓ ઉપડવાની તૈયારી કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, ત્યાં બ્રહ્મદેવે પૂછયું: 'આ દ તો તમે લઈ જાઓ છો. પણ એનો અર્થ તમે સમજ્યા છો? કે પછી એમને એમ?'

'કેમ સમજ્યા છીએ ને ભગવાન! દ એટલે તમે કહ્યું 'દમન કરો. ઇંદ્રિયદમન કરો. બરાબર છે નાં?'

'હા.' બ્રહ્માએ કહ્યું: 'ત્યારે તમે સમજ્યા તો છો. જીવનમાં દમનનો મહિમા બરાબર સ્થાપો. એટલે તમે તરી પાર ઉતરશો. એ તમારી વિદ્યા. ઇંદ્રિયદમન. વિલાસને રસ્તેથી તમામ ઇંદ્રિયને પાછી વાળો.'

પછી આવ્યા માનવ. બ્રહ્માએ એમને પણ ઉપદેશ તો એ જ આપ્યો. 'ભાઇઓ! દ માં જ જીવન છે!'

માનવો પણ આ એકાક્ષરી મંત્ર લઈ જવા તૈયાર થયા, ત્યારે બ્રહ્મદેવે રોકયા; 'પણ કાંઈ અર્થ સમજ્યા છો કે એમ ને એમ?'

'સમજ્યા છીએ ને ભગવાન! દ એટલે દાન કરો.'

'બરાબર! એ સમજ્યા તો કહેવાશો, જો જીવનમાં દાનનું સ્થાન સ્થાપશો તો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવ પણ ગયા. પછી આવ્યા દાનવ. દાનવને પણ પ્રજાપતિએ એજ ટૂંકાક્ષરી ઉપદેશ આપ્યો: દ.

એમને પણ ઉપદેશ ગ્રહણ કરીને જતી વખતે બ્રહ્માએ પૂછયું: 'દ નો અર્થ તમે સમજ્યા છો કે પછી ઉતાવળે ભાગવું છે?

ઉતાવળે કાંઈ આંબા નહિ પાકે. સમજ્યા હશો તો દ તમારા કામનો. નહિતર તો જેવા અનેક અક્ષર રહે છે, એવો એ. એમાં શું?'

દાનવોએ કહ્યું, 'પ્રભુ!' દ એટલે દયા. તમે દયા રાખવાનું કહ્યું છે!'

પ્રજાપતિએ કહ્યું 'તો તમે સમજ્યા છો, બરાબર. હવે એ પ્રમાણે જીવનમાં એનું પાલન કરો.'

પ્રજાપતિ બ્રહ્માએ કહેલો અક્ષર સંકેત એક જ હતો, દ. પણ એના તમામે જુદા જુદા અર્થ ઘટાવ્યા અને બ્રહ્માએ એ કબૂલ પણ રાખ્યા.

કારણકે, દેવોના જીવનમાં, મોટામાં મોટો વિનાશ, વિલાસદ્વારા થાય એવી શકયતા હતી. એમને સુખ-ભોગનો પાર નહિ, સગવડતાઓનો તોટો નહિ. એટલે એ, ઇંદ્રિયદમનને જીવનમાં મહત્ત્વનું સ્થાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે તો જ તરી પાર ઉતરે. એમને માટે દ નો અર્થ દમન બરાબર હતો.

માનવો રહ્યા લોભી. મારું તારું કરવાવાળા. એટલે એમને માટે દાનનો, ત્યાગનો ધર્મ, શ્રેષ્ઠ હતો. માટે દ નો અર્થ એ દાન સમજ્યા, તે પ્રજાએ કબૂલ કર્યો.

દાનવો ક્રૂર ગણાય. એટલે એ દયાવૃત્તિ રાખતાં શીખે તો સારું. એ ઉપરથી પ્રજાપતિએ ત્યાં દ નો અર્થ દયા એમ સ્વીકાર્યો.

આવી વિવેક વસ્તુ આપણે જીવનમાં વણી રાખવી ઘટે. કોઈ એક રીતે સમજે, કોઈ બીજી રીતે વળે. જે પાણીએ મગ ચડતા હોય તે પાણીએ ચડે. કોઈ હાર્યા વળે, કોઈ દાવે વળે, કોઈ જ્ઞાનથી વળે. એટલે વાત એકની એક હોય પણ એમાં હજાર ગાડાંનો ફેર પડે ! આવી સમજણ વિના પછી બધી વાત ઉંધે રવાડે ચડી જાય ! દ અક્ષર એ નો એ. પણ એના અર્થ ત્રણ. પણ ત્રણે જુદા ને ત્રણે સાચા ! જેમણે જે લેવો ઘટે તે લેવો. આવું જ ભગવાનના રૂપનું પણ સમજવું ! રામ હોય, શંકર હોય, કૃષ્ણ હોય, સમજે તે તરે !—અને તો તરે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪] આત્મજ્ઞાનની પ્રાપ્તિ

એક વખત પાંચ સાત ઋષિઓ વિચાર કરવા બેઠા. આપણે બધા વારંવાર ઉપદેશ તો કરીએ છીએ કે આત્મા અમર છે, આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે, આત્મા વિના બીજું કાંઈ નથી, આ બધું આપણે બોલ બોલ તો કરીએ છીએ, પણ એ આત્મા વિષે આપણામાંથી કોઈ કાંઈ જાણે છે ખરું ? જાણ્યું તો કહેવાય, જો એનો અનુભવ હોય તો; બાકી બોલબોલ કરવાથી ફાયદો શું ?

પછી એમણે નક્કી કર્યું કે ચાલો આપણે એવા કોઈને મળીએ, જે આત્મા વિષે આપણને બરાબર સમજાવી શકે.

પછી એ ઉદ્દાલક ઋષિ પાસે ગયા. આ ઋષિના જેટલું આત્મા વિષે કોઈ જાણતું નથી, એવી એમની એ વખતે ખ્યાતિ.

પણ જેમ ડૉક્ટર પોતાની વિદ્યાનો બરાબર જાણકાર હોય, તો રોગીને દૂરથી જોતાં જ એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરધો રોગ કળી જાય, તેમ ઉદ્દાલક ઋષિ, આ ચાર-પાંચ જણાને આવતા જોઈને દૂરથી જ કળી ગયા કે, આ મહાશયો આત્મા વિષે કાંઈક જાણવા સારુ આવી રહ્યા છે, પણ મારો અનુભવ એવો નથી કે, એમના મનમાં વાત ઉતરી જાય, એવી રીતે, એમને સમજાવી શકું! એટલે મફતની ઉપાધિ થાય ને છેવટે ફળ કાંઈ નહિ, એના કરતાં જે એમને સમજાવી શકે તેમ છે, એનું નામ એમને આપું!

એટલે ઋષિએ એમને કહ્યું: 'હે ઋષિઓ! તમે જેના વિષે જાણવા આવ્યા છો તેના વિષે તમને બરાબર તો એક અશ્વપતિ કરીને રાજા છે, કેકય રાજાનો પુત્ર, તે સમજાવી શકશે!'

ઋષિઓને નવાઈ લાગી કે વનમાં રહીને રાતદિ આત્મા વિષે ચિંતન કરનાર એ વાત સારુ બીજાનું નામ આપે છે. અને તે પણ સંસારીનું! પણ ઉદ્દાલક ઋષિનો નિર્ણય બરાબર હોવો જોઈએ એમ માની તે સૌ રાજા અશ્વપતિ પાસે ગયા.

અશ્વપતિ રાજાએ એમની પૂજા કરી. એમને માન આપ્યું. પણ ઋષિમુનિઓ આવ્યા છે એટલે કોઈ યજ્ઞયાજ્ઞાદિની વાત હશે, એમ માનીને એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે વગર પૂછયે જ ધનનો ઢગલો કર્યો !

પણ ઋષિઓ ધનને શું કરે ? એમણે ધન સામે જોયું પણ નહિ.

રાજાને શંકા થઇ. અધર્મીનું ધન ઋષિઓ લેતા નથી, એ એ જાણતો હતો. તેણે બે હાથ જોડીને કહ્યું: 'ભગવાન ! આ ધન તમે ગ્રહણ કરો. એ ન્યાયનું જ ધન છે. રાજા તરીકેનું કર્ત્તવ્ય બરાબર કરતાં જે રાજભાગ મળે તેમાંથી એ આવેલું છે. દેશમાં કોઇ ચોર મેં રહેવા દીધો નથી. કોઇ દારૂડિયો રહ્યો નથી. કોઇ વ્યભિચારી નથી. કોઇ ઠોઠ ને જડ રહ્યો નથી. આવી વ્યવસ્થા કરવા માટે પ્રજા જે કર આપે છે તે કરમાંથી આ ધન આવ્યું છે, ને તે તમારા જેવા વિરક્તોને આપવા માટે જ છે. માટે આપ આ ગ્રહણ કરો !'

રાજાનાં વચન સાંભળીને ઋષિઓ બોલ્યા: 'હે રાજા! જેમના દિલમાં પોતાના હેતુ વિષે સચ્ચાઇ હોતી નથી, તેનું દિલ વાસનાના ધામ જેવું છે. અને હેતુની સચ્ચાઇ હોય તો તો એ એક જ હેતુ વિષે, એમની એકાગ્રતા એટલી તીવ્ર હોવી જોઇએ, કે પછી બીજી ત્રીજી લપનછપન કરવામાં એ પડે જ નહિ. અમે એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ હેતુથી પ્રેરાઈને તમારી પાસે આવ્યા છીએ. તમે આત્મા વિષે જાણો છો ને અમારે એ વિષે જાણવું છે. માટે અમને એ જ વાત આપો, ધન અમારા ખપનું નથી!'

પણ રાજા તો ખરેખર મહાજ્ઞાની હતા. સંસારમાં રહીનેજ એણે એવા વિવેકથી પોતાનું કર્ત્તવ્યનાવ હંકાર્યું હતું કે દેશભરમાં કોઇ જગ્યાએ કયાંય લેશ પણ અન્યાય રહ્યો ન હતો, જાણે કે પ્રજાના લોહીમાં એ વસ્તુ જ ન હોય!

એનું આત્મજ્ઞાન આવા અદ્ભુત કર્મયોગને આભારી હતું.

એ વાત સમજી ગયો. ઋષિઓની હેતુની સચ્ચાઈ વિષેની વાત એ માની શકયો. પણ હેતુ ગમે તેટલો ઉગ્ર રીતે સાચો હોય, છતાં એ પોતાના દિલમાં હોય ત્યાં સુધીની વાત જુદી છે. એને પ્રગટ કરો ત્યારની વાત જુદી છે. ઋષિઓએ એમના આવવાનો હેતુ પ્રગટ કર્યો ખરો, પણ એમને એ પ્રગટ કરતાં આવડયો નહીં. આત્મજ્ઞાન વિષે જાણવા નીકળ્યા છે, પણ એ વિષેની મહત્તા તો, એમણે બરાબર જાણી નથી. એ જ્ઞાન મેળવનારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્તા વિષે આવી ઉપેક્ષા કેમ? એટલે એ જ્ઞાન મેળવવા આવ્યા છે, પણ જેની પાસેથી મેળવવું છે, એનો સ્થાનવિવેક એ જાણતા નથી. માણસ અજ્ઞાન ત્યારે હોય છે, જ્યારે એનામાં અભિમાન હોય છે. પછી ભલેને એ અંશાશમાં જ હોય! દૂધનું ભલેને મોટું વાસણ હોય, તેને બગાડવા માટે તો એક બિંદુ વિષ બસ છે! અભિમાન પણ આવું વિષ છે. આ ઋષિઓને એ ખબર લાગતી નથી!'

એટલે રાજાએ કહ્યું: 'ઋષિવરો! તમને હું કાલે સવારે આ વાતની હા કે ના કહીશ!'

પણ ઋષિઓ પોતે એમ તો જ્ઞાની હતા. જ. રાજાની જ્ઞાન આપવાની તત્પરતાને બદલે 'હા' કે 'ના'ની વાત આવતાં જ સમજી ગયા. એટલે બીજે દિવસે શિષ્યો જેમ વિનયથી ગુરુ પાસે જાય, તેમ પોતાનું દેહ અભિમાન તજીને રાજાની પાસે ગયા અને પછી રાજાએ એમને આત્મજ્ઞાન આપ્યું!

પણ આમાંથી જ આત્મજ્ઞાન એટલે શું એનો અર્થ મળી રહે છે.

"હું કાંઈક છું" એવું લેશ પણ અભિમાન, પછી એ પોતાના જન્મ વિષેનું હોય, કે સત્તા, પૈસા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન કે ત્યાગ વિષેનું હોય—પણ જ્યાંસુધી હૃદયને કોઈ ખૂણે એ બેઠું હોય, ત્યાં સુધી આત્મજ્ઞાન આવી શકતું નથી!

આત્મજ્ઞાન મેળવવાની નિસરણીનું પહેલું પગથિયું જ અભિમાનનો ત્યાગ!

"હું કાંઇક છું" એવું જેના મનમાં અભિમાન થાય તેને માટે આ પ્રત્યુત્તર તૈયાર જ છે: 'તું કાંઈ જ નથી!'

અને જેના મનમાં એમ વિચાર થાય કે "હું કાંઇ જ નથી" એને મળનારો ઉત્તર પણ લખાયેલો જ પડયો છે: 'તું જ સર્વસ્વ છો!'

[૫] મહીદાસ ઐતરેય

આખું જંગલ, એક નાનકડા છોકરાનું રૂદન સાંભળવા જાણે થંભી ગયું હોય તેમ, ઝાડનું એક પાન પણ ક્યાંય ચાલતું ન હતું. પવન બંધ થઈ ગયો હતો. વૃક્ષો શાંત હતાં. ઝરા અને ઝરણાં પણ છાનું છાનું વહી રહ્યાં હતાં! પણ આ છોકરો કોણ હતો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શું કરવા આવું હૈયાફાટ રૂદન કરી રહ્યો હતો ? શું બન્યું હતું ?

આ છોકરો, એક રૂષિનો હતો.

કાલે સાંજે એણે ચુપચાપ રહીને એક વાત સાંભળી હતી. પાસેના કોઈ નગરમાં, એના પિતા, યજ્ઞ કરાવવા માટે જવાના હતા. એના પિતા મોટા યજ્ઞવિદ્ હતા. છોકરો એ સાંભળીને હર્ષમાં આવી ગયો હતો. સાથે બીજા ઋષિમુનિનાં વૃંદ પણ જવાનાં. રસ્તે આખે કથાવાર્ત્તા ને રસવિનોદની વાતો થતી જાશે. અલક મલકની લોકકથાઓ કહેવાતી જાશે. જ્યાં પડાવ થાશે ત્યાં ફળફળાદિ કંદમૂળના ઢગલા થાશે. એટલે એનું શિશુ–હૃદય આ સાંભળીને નાચી ઉઠયું. એણે નિશ્ચય કરી લીધો. કે પોતે સવારમાં વહેલો ઉઠીને કોઈ ન દેખે તેમ, સૌથી પહેલો તૈયાર થઈ જાશે. માત્ર માના કાનમાં છાનું માનું કહી આવશે કે પોતે જાય છે ! નહિતર પાછી એ રડે. અને પછી ખાખરાની ડાળિયે ઝોળી લટકાવીને સૌની મોઢા આગળ એ ચાલતો થઈ જાશે. પછી એને કોણ ના કહેશે ? અને કોઈ ના કહેવા આવશે તો પોતે સીધો પહોંચશે પિતાજી પાસે ! એને બીક એના ભાઈઓની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો સગોભાઈ તો કોઈ હતો નહિ. પણ સાવકા ત્રણ ચાર હતા ! એ એને રમવામાં પણ પાસે ઢુંકવા દેતા નહિ. પાસે જાય તો તરત કાઢી મુકતા. 'તું આંહીં નહિ ! તું આંહીં નહિ ! એ ઈતરાના ! તું આંહીં નહિ ! અમારી સાથે તું નહિ, તું બીજે રમવા જા !'

હમેશાં, આ 'તું આંહીં નહિ !' એ સાંભળી સાંભળીને, એને હવામાંથી પણ રાત દિ, એક જ જાતના પડઘા પકડવાની જાણે ટેવ પડી ગઈ હતી ! 'તું અમારી સાથે નહિ ! એ ઈતરાના !' એ શબ્દો એને વારંવાર સંભળાતા. એને સૌ ઈતરાનો છોકરો કહેતા. એની માને એણે ઘણી વખત પૂછ્યું હતું કે 'મા ! તારું નામ શું ?' નીચાં નેણ ઢાળીને મા એક જ જવાબ દેતી: 'બેટા ! ઈતરા ! મારું નામ ઈતરા !'

'પણ મા ! સૌ તો કહે છે એ કોઈનું નામ જ નથી. એ તો અમસ્તું કહેવાનું નામ છે. આપણે પેલી ગાયને 'સુનંદા'નું નામ આપ્યું છે, પેલા હરણના બચ્ચાંને પિતાજીએ 'વિદ્યુત્રેખા' નામ આપ્યું છે, એવું તારું સાચું નામ શું મા ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા સજળ નેને દીકરા સામે જોઈ રહેતી. પછી ધીમેથી બોલતી: 'બેટા! મારું નામ ઈતરા!'

'પણ પેલા મારા ભાઈઓ તો કહે છે મા! 'ઈતરા' એટલે તો ગમે તે! હામશી ભામશી! ઢેફું ઢળીયું! અરચુરણ પરચુરણ! એવું તે કાંઈ નામ હોય?'

એનો જવાબ એને કોઈ દિવસ મળ્યો ન હતો.

એટલે એના શિશુ-હૃદયમાં પિતાની આ વાત સાંભળતાની સાથે જ એક ભડક પણ ઊભી થઈ હતી. ક્યાંક એના ભાઈઓ એને ન લઈ જવાનું પિતાને કહેશે તો? એણે વૃક્ષના થડ આડેથી એક ચોર દૃષ્ટિ કરીને અંદર જોયું તો, ત્યાં પર્ણકુટિમાં એના પિતાની સામે બેસીને, એના ભાઈઓ સમિધના નાનાં નાનાં મોટકાં બાંધી રહ્યાં હતાં!

એટલામાં એણે વાતચીતના શબ્દો સાંભળ્યા અને એની છાતી બેસી ગઇ. એના પિતા પોતે જ એના ભાઈઓને કહી રહ્યા હતા: 'જુઓ, આ સમિધના ઢગલા જે ઈતરાનો છોકરો જોઈ જાશે, તો એ તમારી વાંસોવાંસ પ્રભાતમાંથી જ ચોટશે હો! એને ખબર પડે એટલી વાર છે! એને જો ક્યાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખબર પડી કે યજ્ઞ કરાવવા જવાનું લાગે છે, તો પછી એ રાત આખી તમારી ચોકી ભરશે! અને સવારે ભેગો ઉપડશે!'

'અરે, એને સૂતો મૂકીશું પિતાજી!'

'તો ઠીક; નહિતર તે દિવસે ખબર છે ને, આપણે આખી વેદી ફરીને રચવી પડી. એ આવીને કોણ જાણે ક્યારે ઊભો ને સૂરજ દેવતાએ પણ એના પડછાયાને બીજી દિશામાં વાળવાને બદલે, વેદી ઉપર જ નાખ્યો! આપણે આખી વેદી ફરીને રચવી પડી.'

'તમે ફિકર ન કરતા ને! હું હમણાંથી જ એને અલકમલકની વાતોએ ચડાવીને સુવરાવી દઉં છું. એ સૂએ કે ઝુંપડી ઠસાવી દઉં. મા દીકરો મહેનત કરીને થાકે પણ સવારે બારણું જ ન ઉઘડે ને!'

મોટા છોકરાની વાતને ઋષિએ જરાક શાંત રહીને ઉત્તેજન આપ્યું. એટલે એ ત્યાંથી ઊભો થયો. પણ જેવો એને ઊભો થતો જોયો, કે ઇતરાનો પુત્ર સડેડાટ દોડયો જ ગયો! અને રાત આખી ક્યાંય નજરે જ ચડયો નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પ્રભાતમાં કોણ જાણે ક્યાંથી એ ફૂટી નીકળ્યો ! ઈતરાના છોકરાને મોઢા આગળ ચાલતો જોયો અને સૌ નવાઈ પામ્યા. રાતે એનો પત્તો લાગ્યો નહિ. અને અત્યારમાં સૌથી પહેલો હાજર ! બે ત્રણ ઋષિકુમારો એને ટીંગાટોળી કરીને પાછો મૂકી આવ્યા. ફરી આવ્યો તો ફરી પાછો મૂકી આવ્યા. એના પિતાએ પણ એને સાથે લઈ જવાની ના પાડી, 'તું 'ઈતરા'નો છોકરો છે તારાથી નહિ અવાય !' પિતાએ સ્પષ્ટ શબ્દમાં ના પાડી દીધી.

એનું શિશુ–હૃદય આ નિષ્ઠુર વાણી સાંભળીને ફાટી ગયું. તે હૈયાફાટ રૂદન કરતો પાછો ફર્યો. બે ઘડી જંગલ પણ એનું આ રૂદન સાંભળીને થંભી ગયાં ! એને કોઈ રીતે સમજાતું ન હતું કે આ 'ઈતરા' શબ્દમાં એવું શું જાદુ છે કે એ ગમે ત્યાં જાય, એક એ શબ્દનો ઉચ્ચાર થતાં જ, એની આડે મોટી વજ્જરની દિવાલ ખડી થઈ જાય છે ! એની મા શું કરવા પોતાનું નામ બદલતી નથી ! અને બીજા તમામ ઋષિમુનિકુમારોને રૂપાળાં રૂપાળાં નામ છે, કોઈ શ્વેતકેતુ છે, કોઈ વારૂણી છે, કોઈ આરણ્યક છે, કોઈ અશ્વત્થ છે, એકલો એ જ નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનાનો ? કેવળ 'ઈતરાનો છોકરો !' અને એને 'છોકરો' પણ કોઈક વખત કોઈક વિવેકમાં કહેતું. બાકી તો એ 'ઈતરાના !' એટલું જ એનું સંબોધન !

આજ એનું શિશુ–હૃદય ફાટી જતું હતું. એ ધ્રૂસકે ધ્રૂસકે ત્યાં ઝરણાંને કાંઠે રડી રહ્યો હતો. એને થતું હતું કે એનો આખો દેહ જો આંસુ રૂપ થઈને આ ઝરણમાં વહી જાય તો બસ !

મોડી સાંજે એ પાછો ફર્યો. એની મા ઈતરા એની રાહ જોતી ત્યાં કયારની ઊભી હતી. એને એણે દીઠી અને એની આંખમાંથી શ્રાવણ ભાદરવો ચાલી નીકળ્યાં. ઈતરા પણ બોલ્યા વિના જ વાત સમજી ગઈ. તેણે તેને પ્રેમથી પોતાની છાતીમાં દાબી દીધો. 'બેટા ! મેં તને કહ્યું ન હતું કે એ આપણે માટે નથી ?'

'પણ ત્યારે મા ! તેં તારું નામ 'ઈતરા' શું કરવા રાખ્યું ? આજ તું ચાલ, આપણે નામ બદલાવી કાઢીએ !' છોકરાને એમ હતું કે આ બધું નામને લીધે થાય છે. એને બાળકને જ્ઞાતિભેદની આ કરામત કયાંથી સમજાય ?

'બેટા ! નામ બદલવાથી કાંઈ ન થાય. આપણું આ

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ ઠીક છે!'

'પણ મા!' છોકરો રડતો રડતો બોલ્યો:–'તેં મને પણ કાંઈ નામ આપ્યું નથી.'

'દીકરા! તારું નામ તો છે ને! તું ઈતરાનો!'

મા દીકરો બન્ને જણાં ત્યાં એમ ને એમ બેસી જ રહ્યાં. એમને કાંઈ ગતાગમ પડતી નથી કે એમણે એવો મોટો શો અપરાધ કર્યો છે કે, વન આખું પેલા મહાન યજ્ઞમાં હાજરી આપવા ગયું છે–અને કેવળ એ બે જ જણાં, મા દીકરો આંહીં બાકી રહ્યાં છે!

માએ નીચાં નેણ ઢાળીને છોકરાની સામે જોયું. એની આંખમાં આંસુ આવી ગયાં હતાં. તેણે પૃથ્વી ઉપરથી થોડી ધૂળ લઈને તેને હવામાં ઉડાડી.

'કેમ બોલી નહિ મા? આપણી કુળદેવતા કોણ? આપણે એના ઉપરથી નામ ચાલુ કરીએ!'

માએ ફરી ધૂળ ઉડાડતાં કહ્યું: 'આપણી કુળ દેવતા આ ધરતી, દીકરા! આપણને એ સંધરે, એ પાળે, એ રક્ષે, મરીએ તો એ ખાંપણ આપે. આપણી કુળદેવતા પૃથ્વી, ધરતી, મહી. આપણે એને પ્રાર્થના કરવાની. એ જવાબ આપે તો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે પ્રભાતમાં મા દીકરો બન્ને જંગલમાં ગયાં. માએ શુદ્ધ માટી આણી. છોકરો સમિધ લઈ આવ્યો. ઋષિમુનિઓ બનાવતા હતા એવી વેદી એણે બનાવી. એકચિત્ત થઈને એણે મા ધરતીને આહ્વાન આપ્યું.

અને મા ત્યાં ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી રહી: 'હે મા! ધરતી! તું આ મારા દીકરાને, તને ઠીક પડે તેવું નામ આપ. હે મા! હે મહી! તું એને નામ આપ. અને તું જ આશીર્વાદ આપ. હે મા! તું અમારી છે. અને તારા વિના અમારે બીજું કોઈ નથી!'

મા દીકરા બન્નેના આશ્ચર્ય વચ્ચે, જાણે પવનમાંથી પડઘો ઉઠતો હોય તેમ, થોડીવારે એક વાણી ઉઠી: 'હે ઈતરા! તારો આ પુત્ર મહીદાસ એ નામે હવે પ્રસિદ્ધ થાઓ! એ મહી એટલે ધરતીનો પુત્ર કહેવાઓ! તારો આ પુત્ર મહીદાસ ઐતરેય મારો પણ મહિમા સ્થાપશે. લોકોને એ જ્ઞાન આપશે કે મહી એટલે ધરતી—એ જ અંતે સર્વની સાચી જનની છે! મહીદાસ ઐતરેય એક પરમ સત્ય આપી જશે: प्रज्ञानं ब्रह्म બ્રહ્મ જ્ઞાનમય છે. પ્રાણી માત્ર જીવે છે, કારણ કે એનામાં બે બલ છે. એક પ્રાણબલ છે, બીજું જ્ઞાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલ છે. એમ કરતાં કેવળ જ્ઞાન વડે જ્યારે એ જીવે, ત્યારે એ મુક્ત બને. માટે प्रज्ञानं ब्रह्म બ્રહ્મ જ્ઞાનમય છે. એ પરમસત્યનો દ્રષ્ટા હે ઇતરા! તારો આ મહીદાસ થશે!'

આ અશરીરી વાણી સાંભળતાં, મા અને દીકરાનાં મસ્તક ત્યાં પ્રેમથી ધરતીને અડતાં, નીચે નમી પડયાં!

[૬] જ્ઞાનદાન!

એક રાજા હતો. જાનશ્રુતિ. એને એવી લગની લાગી કે પોતે અન્નદાતા, ખરા અર્થમાં થાય, તો ખરો! એ કીર્તિ મેળવવા માટે એણે ઠેર ઠેર અન્નશાળાઓ બંધાવી. જે કોઇ આવે તે ત્યાં જમી જાય! ગમે તે આવે ને ગમે ત્યારે આવે, અન્નની કોઇને ના નહિ.

રાજા જાનશ્રુતિની આ કીર્તિની પછી તો ઋષિમુનિઓએ પણ સ્તુતિ ગાવા માંડી. રસ્તે પણ બે માણસો ભેગાં થાય તો જાનશ્રુતિની વાતો ચાલે! 'જાનશ્રુતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ખરો અન્નદાતા' એમ લોકમાં એની પ્રસિદ્ધિ થઈ.

પણ એની એ કીર્તિ ધૂળ થઈ જાય એવી વાત એક દિવસ બની ગઈ.

એક ઋષિએ બીજાને કહ્યું : 'આ રાજા જાનશ્રુતિનો મહિમા ઘણો છે, પણ ગાડાવાળા રૈકવને એ ન પહોંચે !'

'ગાડાવાળા રૈકવને આ રાજા જાનશ્રુતિ ન પહોંચે ? શું બોલ્યા ? રૈકવે કેટલી અન્નશાળાઓ બંધાવી છે ?'

'એમાં અન્નશાળાઓ બંધાવવાની વાત નથી ઋષિજી ! આ તો નીરક્ષીરના ભેદની, હંસ જેવી વિવેકવાત છે. અન્નદાન રાજાનું ખરું. પણ રૈકવ ગાડાવાળાને રાજા ન પહોંચે !

એ રૈકવ પાસે જ્ઞાન છે. સાચું જ્ઞાન. જે તરત અસર કરે. એની તોલે અન્નદાન ન આવે ! અન્નદાન દેહ સાચવે. જ્ઞાનદાન પ્રાણ સાચવે. બોલો કોણ વધે ?'

રાજા આ વાત સાંભળી ગયો. એને કુતુહલ થયું. 'એવો કોણ જબરો પાકયો કે જેનું દાન મારા કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડી જાય ! અને તે પણ કેવળ જ્ઞાનનું દાન ? અન્નની તો વાત નહિ !'

પછી તો એના મનમાં નાનામોટાની વાત થઈ. એટલે એને આખી રાત નિદ્રા આવી નહિ. સવારના પહોરમાં જ એણે સારથીને બોલાવ્યો : 'રથ જોડો, આપણે પ્રસિદ્ધ ગાડાવાળા રૈકવને મળવું છે ! એને બોલાવી લાવો !' સારથી રૈકવને ક્યાંથી ઓળખે ? પણ એણે વિચાર કર્યો કે આ કાંઈ જેવો તેવો માણસ નહિ હોય. શહેરમાં જાતાં જાતાં કોઈને કોઈ એનો ભવ્ય મહાલય બતાવી દેશે ! એને એમ કે, આવડા મોટા દાનેશ્વરી રાજા કરતાં પણ, જેને ઋષિ મુનિ મોટો માને એ કાંઈ ઢાંકયો રહેશે ?

એણે તો અનુમાને રથ હાંકયો. શહેરના ખુણે-ખુણા ફરી વળ્યો. પણ ત્યાં કેવો રૈકવ ગાડાવાળો ? ક્યાંય એનો પત્તો લાગ્યો નહિ.

એ તો ફરીને પાછો આવ્યો. રાજા કહે : 'અરે ! એ તો જ્ઞાની છે. એ તે કાંઈ શહેરમાં રહેતા હશે ? તપાસ કરો જંગલમાં, ત્યાં એનો પત્તો ખાશે !'

સારથી ફરીને ઉપડયો. પણ રૈકવ ગાડાવાળાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્તો કયાં મળે? જંગલમાં એક ઠેકાણે એક ગાડાની નીચે એક માણસને બેઠેલ જોઈ ને એણે અનુમાન કર્યું. 'આ તો રૈકવ ન હોય? રૈકવ ગાડાવાળો કહેવાય છે, અને આનો મુકામ પણ ગાડાની નીચે જ રહેતો લાગે છે! ગાડું જ એનું ઘર લાગે છે!' તેણે હાથ જોડીને એને પૂછયું: 'રૈકવ ગાડાવાળા કહેવાય છે તે તમે જ છો પ્રભુ?' રૈકવે જવાબ વાળ્યો: 'છું તો હું જ!'

સારથીએ દોડતા જઈને રાજાને ખબર આપી. રાજાને તો એક ધૂન હતી. જો રૈકવનું જ્ઞાન એને મળી જાય, તો પછી પોતાની કીર્તિમાં કાંઇ કહેવાપણું રહે નહિ! પછી એ અન્નદાતા કહેવાય ને જ્ઞાનદાતા પણ ગણાય. એકને બદલે બે કીર્તિ મળે!

એટલે એણે આ જ્ઞાન મેળવવા માટે સુવર્ણ ને ગાયો ને હારશણગાર ઉપાડયા. જઈને ઋષિને ચરણે એ ધર્યું. હાથ જોડીને વિનંતિ કરી. 'હે ભગવાન! તમારું જ્ઞાન મને આપો, આ દાન લ્યો, ને જ્ઞાન આપો!'

ઋષિ રૈકવ મનમાં હસી પડયા. આ રાજાને શું કહેવું? એ એમ માનતો લાગે છે કે ધનથી ન ખરીદાય એવું કાંઇ જ નથી. આ તો શુદ્ર જેવી વાત થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં રાજાએ ફરીને હાથ જોડયા: 'હે પ્રભુ! મને ઉપદેશ કરો. મને તમારું જ્ઞાન આપો!' રૈકવ ઋષિએ બધી વસ્તુઓ તરફ નજર કરતાં કહ્યું: 'હે શુદ્ર! આ બધું તું લઇ જા! જ્ઞાન એ જુદી જ વસ્તુ છે! તને અજ્ઞાનીને જ્ઞાનનું શું જ્ઞાન હોય?'

રાજા તો આ સાંભળીને ઉદાસ થઈ ગયો. પોતે આટલાં આટલાં અન્નક્ષેત્રો બાંધ્યાં છે અને પોતે અજ્ઞાની?

પણ એના મનમાં તો પેલી વાત ઘર કરીને બેઠી હતી. ધન વડે ન મળે એવું દુનિયામાં શું હોય? કાંઈ જ નહિ. દરેક વસ્તુને તમે મેળવી શકો. માત્ર વધતી ઓછી કિમ્મત હોય એટલું જ!

એટલે એ તો ફરીવાર રૈકવ મુનિ પાસે આવ્યો. પણ આ વખતે પાંચસોને બદલે હજાર ગાયો લાવ્યો. હાર પણ એક ને બદલે બે લાવ્યો. અને આ ઋષિ કનકથી જીતાતા ન હોય તો બીજી રીતે જીતાશે, એ પણ છેવટે છે તો માણસ કે બીજું કાંઈ? એટલે પોતાની પુત્રી લઈને ઋષિ પાસે આવ્યો. 'આ રાજ-કન્યા પરણાવું, ગામગરાસ આપું. પછી તો પ્રભુ! મને ઉપદેશ કરશો નાં?' તેણે હાથ જોડીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિને મનમાં શોક થયો. 'ઓહો હો !' તે વિચાર કરી રહ્યા. 'માણસ પાસે જ્યારે સંપત્તિ હોય છે, ત્યારે એ એમ માનતો લાગે છે કે હવે થઈ રહ્યું ! વેચાતું ન લેવાય એવું હવે કાંઇ જ રહ્યું નથી ! જ્ઞાન પણ સોનાને બદલે મળે, એમ એ માનવા મંડે, ત્યારે માણસાઇનું એ મોટામાં મોટું દીવાળું સમજવું ! બીજી વસ્તુ તો ઠીક, જ્ઞાન પણ ? સોનામાં એનો પણ જોખ ! તો તો થઈ રહ્યું. અજ્ઞાનકુપમાંથી પછી એ માણસ નીકળી શકે જ નહિ, કારણ કે એમાં અભિમાન, લાલસા, સત્તાકાંક્ષા, બધું ભેગું થાય !'

ઋષિ ધીમેથી બેઠા થયા. રાજકન્યા પાસે આવ્યા: 'દીકરી ! તું આ તારા શુદ્ર બાપની સાથે પાછી ઘેર જા. વિદ્યા પણ વેચાતી મેળવી શકાય છે, એમ એ સમજે છે. પોતાના જાતવિકાસ દ્વારા એ સાધવાની અલૌકિક વસ્તુ છે, એમ આને હજી સમજણ જ નથી. હે રાજા ! તું શુદ્ર છે. તું ફરીને આ લઈને આવ્યો ? જા, ફરીને એ પાછું લઈ જા !'

રાજા જાનશ્રુતિની હવે આંખ ઉઘડી ગઈ. એને હવે સમજાયું કે બહારનાં સાધન વધુ ઓછાં, માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે હોય, તો એ બે પૈસા આમ કે તેમ ખર્ચે, ધર્માદામાં ખર્ચે, છતાં જે મેળવવાનું છે જ્ઞાન, એ જો એ ન મેળવે, તો એનું એ તમામ દાન, ધર્મ, બધું ફોક! મૂળ વસ્તુને ઉદય પમાડવા માટે જ એ સઘળું દાન, પુન્ય, ધર્મ છે. અને એ મૂળવસ્તુ તે આ. આંહીં આ દુનિયામાં જે કાંઇ છે તે પરમાત્માનું છે. પરમાત્મા સિવાય જ્યાં જીવન જ નથી ત્યાં, પોતાનાં થોડાં ઘણાં સાધનોથી દાન ધર્માદો કરવાનું અભિમાન લેવું, એ જ મહાપાપ છે. પુણ્યને બદલે એ જ મહાપાપ!'

રાજા જાનશ્રુતિ આ સમજણનો ઉદય થતાં જ ઋષિના ચરણમાં પડી ગયો. પોતાના પાસે જે હતું તે કુછ વિસાતમાં નથી, એવું કાંઇક ખરું તત્ત્વ ઋષિ પાસે હતું, એની સમજણ હવે એને પડી.

[૭] સર્વશ્રેષ્ઠ કોણ?

એક વખત એવું બન્યું કે માણસના પોતાના શરીરમાં બળવો જાગ્યો. મન, પ્રાણ, ઇંદ્રિયો વિસંવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરજાવી બેઠાં. દરેક કહેવા લાગ્યું, 'હું સૌથી શ્રેષ્ઠ. હું છું તો તમે છો.'

હવે આ વસ્તુનો નિકાલ કોણ કરે ? નિકાલ કરનારું મન, એ પોતે જ પોતાનો પક્ષ લેનારું થાય ! એટલે વાત વળે ચડી. પછી તો બધી ઇંદ્રિયો એક પછી એક મનને જ ઘેરી વળી. આંખ આવીને મનને કહેવા લાગી: 'મારા વિના તો તું આંધળું ધબ ! પછી તું શું જુએ ને શું સમજે ?'

મન બિચારું મુંઝાઈ ગયું. ત્યાં તો કર્ણેન્દ્રિય આવી : મનને કહે, 'તારે માટે તમામ જ્ઞાનનો વારસો હું લાવું છું એ તને ખબર છે ? તું નહિ જૂએ તો અજ્ઞાન નહિ રહે, પણ નહિ સાંભળે તો ? પાંચ વરસના બાળક જેટલું પણ પછી તને જ્ઞાન નહિ હોય ! માટે સમજી લે કે સર્વશ્રેષ્ઠ હું છું. હું કર્ણેન્દ્રિય ! મોટા મોટા નરપુંગવ પણ જો કાનના કાચા હોય તો નમાલા ગણાય છે એ આટલા જ માટે !'

મન બિચારું કર્ણેન્દ્રિયની વાત સમજ્યું ન સમજ્યું ત્યાં તો એના ઉપર નાસિકાનો હલ્લો આવ્યો: 'અલ્યા એ ! નહિ જુએ તો શું ખાટું મોળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ જવાનું છે? ને નહિ સાંભળે તો શું અખણિયાળું રહી જવાનું છે? એમ તો તું કયાં હમેશાં સ્વર્ગ જ જુએ છે કે અપ્સરાનાં ગાન જ સાંભળે છે? કાનના કીડા ખરી જાય એવી ફૂલવાણી પણ સાંભળવા મળે છે, ને આ જોયાથી ન જોયું ભલું, એવું તો દિવસમાં દસવાર તું દેખે છે, એનું શું? માટે એ બન્નેને જવા દે. મારા વિના તો તારો શ્વાસ જ ધબાય નમઃ માટે સર્વશ્રેષ્ઠ હું! મારા વિના દેહ જ ન રહે. અને દેહ નહિ હોય તો તારો પોતાનો જ ભાવ કોણ પૂછશે એ બોલને! માટે સો વાતની એક વાત. સર્વશ્રેષ્ઠ, હું નાસિકા! લોકમાં અમસ્તી કહેવત ચાલે છે, કે દસ-શેરનું માથું ભલે ડૂલ થાય, પણ નવટાંકનું નાક ન જાય તો ઘણું?'

નાકની વાત પુરી થઈ ન થઈ, ત્યાં જીભ બોલી ઉઠી: 'પણ એ નાકની પ્રતિષ્ઠા કોને લીધે છે એ કોઈ જાણો છો? નિર્માલ્યોનાં નાક તો હમેશાં કપાય છે ને હમેશાં ચોડાય છે. પણ જાતકજાતની ખબર તો મારે લીધે પડે છે એનું શું? એના ઉપર જ નાકનાં તોલ! 'બોલ એક માંહી તોલ માણસનો જાણીએ' એમ કવિજનો અમસ્તા બોલે છે? હું છું તો માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસની સાથે રહી શકે છે; હું છું તો, પરંપરા જીવતી રહે છે. હું છું તો તમે તમારી જાતને પ્રગટ કરી શકો છો. હું વાણી, અમૃતનો કુંભ ધારું છું, ને જરૂર પડે તો ઝેર પણ હું જ ઓકું છું! મેં અનેક સામ્રાજ્યો સ્થાપ્યાં છે ને ઉથાપ્યાં છે. મેં ઇતિહાસ ઘડયો છે. ભૂગોળને હું લોપી શકું છું. હું હતી તો વેદ વર્ષો સુધી જીવતા રહ્યા. મારા વિના તો માણસ શબ જેવો બની જાય. વગર વિચારે કહી નાખો મહેરબાન! કે સર્વશ્રેષ્ઠ ઇંદ્રિય છે, જીભ, વાણી. એ જીવન લાવે છે ને મૃત્યુને પણ વારે છે. સાવિત્રીએ જમરાજાને શેના વડે હરાવ્યા? વાણી વડે. માટે ઇંદ્રિયોમાં શ્રેષ્ઠ તો જીભ જ કહેવાય!'

મન તો હજી વિચાર કરતું રહ્યું ત્યાં પ્રાણ બોલ્યા: 'ભાઈ! મારા વિના તો દેહના લોચા દેખાશે લોચા! ને ગીધડાં માનશે કે આ માંસપિંડ છે, મિજબાની માણવા જેવો! હું છું તો ઢાંકયા શોભો છો. અને જ્ઞાન તો જેટલું આંગળાના ટેરવામાં રહે છે, એટલું મગજમાં પણ રહેતું નથી. માટે વગર પૂછયે ઠરાવો કે સર્વશ્રેષ્ઠ તો હું છું, હું પ્રાણ, સમજ્યા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એમ કાંઈ કોઈના કહેવાથી કોઈ પોતાની વાત જવા દે ખરું? ચક્ષુ, કાન, મન, વાણી બધાં એને કહેવા માંડયાં. 'તમારી વાત સાચી, પણ અમારા વિના તમે જ શું? તમને એકલાને ઓળખે પણ કોણ? અમે હઈને તમે છો તેનું શું? એમ કાંઈ કોઈ મોટાભા થવા દેશે?'

સમાધાન થયું નહિ, એટલે પછી આખો કાફલો ઉપડયો બ્રહ્માજી પાસે. દેહ ઘડનાર પ્રજાપતિ તો એ નાં? સૌએ નક્કી કર્યું કે એને જ પુછીએ કે એણે કોને સર્વશ્રેષ્ઠ ગણેલ છે?

પ્રજાપતિ મહાચતુર હતા. વાત સમજી ગયા કે અનુભવ વિના આ કોઈ પોતાની વાત જવા દે એમ લાગતું નથી. એટલે એમણે જવાબ વાળ્યો: 'તમે એમ કરો, તમે એક એક જણ બહાર મુસાફરી કરવા નીકળો. બીજાને તમારા વિના કેવી વીતે છે એ જાણશે, એટલે નરમઘેંશ થઈને કબુલ કરશે કે સર્વશ્રેષ્ઠ આ!'

પછી પહેલાં વાણી બહાર ફરવા ગઈ. માણસ મુંગો થઈ ગયો. પણ મુંગો મુંગો, એ જીવતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાય પીયે ને મજા કરે ! બોલાય નહિ તો ન બોલે, એમાં શું ?

એ પાછી આવી ને બધાને પૂછ્યુ: 'કેમ કેવું વીત્યું ? મારા વિના જીવવું આકરું થઈ પડયું ના ?'

બધાએ જવાબ દીધો: 'પ્રાણી ક્યારે બોલવા જાય છે ? તું ન હોય તો ગાડું ચાલે, વાંધો ન આવે !'

વાણી મુંગી મુંગી વાત સમજી ગઈ કે પોતાના વિના બધા હેમખેમ તો છે, માટે બહુ ખેંચવા જેવું નથી.

પછી ચક્ષુ બહાર ફરવા ગયાં. એ ગયાં એટલે થોડાક દિ તો બધાં મુંજાઈ ગયાં. પણ પછી ધીમે ધીમે રાગે પડી ગયું. તે એની ખોટ ન જણાય એમ બધાં બીજી રીતે કામ રોડવવા લાગ્યાં !

ચક્ષુ ફરીને પાછાં આવ્યાં ત્યારે વગર કહ્યે સમજી ગયાં કે માળું આપણા વિના કામ તો ચાલતું રહ્યું ! એટલે આપણે ખરા, પણ આપણા વિના કામ ન રડે એવું કાંઈ નથી !

કર્ણેન્દ્રિય પણ એ પ્રમાણે બહાર ફરી આવી, પાછી ફરી ત્યારે એણે સૌને પૂછ્યું: 'કાં ? કેમ લાગ્યું મારા વિના ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાંએ જવાબ આપ્યો, 'તમારા વિના તમે જ જુઓને, કોઈ મરી તો નથી ગયું !'

છેવટે મનને અભિમાન રહ્યું હતું કે હું નહિ હોઉં ત્યારે આ બધાં ખોટાં થઈ જવાનાં છે. એટલે એ પણ બહાર ઉપડ્યું.

ફરી કારવીને લાંબે ગાળે એ પાછું ફર્યું ત્યારે એ ધારતું હતું કે બધી ઇન્દ્રિયો એને હાથ જોડીને નમી પડશે, કહેશે : 'ભાઈ ! તમે રાજા છો. તમારા વિના તો આંહીં અંધારું ઘોર થઈ ગયું હતું !'

પણ એ પાછું આવ્યું ત્યારે તો કોઇ ઇન્દ્રિય કાંઈ બોલી જ નહિ. ઉલટાની મુંગા મુંગા મનને જાણે કહી રહી કે 'ભાઈ ! તું તારી જાતને રાજા ધારે છે તે ખાંડ ખાય છે ! તારા વિના તો અમારે મજા થઈ પડી. જેમ સાવ નાનકડું બાળક જીવે, એમ અમે તો મજાથી, નહિ આ વાતમાં કે નહિ તે વાતમાં મન, એમ જીવતાં રહ્યાં ! તારે લીધે તો થાક ચડે છે. તું ન હો તો તો અમારાં ચક્કર ચાલતાં રહે ને એને થાક જ લાગે નહિ !'

મન, ચુપચાપ આવીને દેહમાં બેસી ગયું. જાણી ગયું કે આપણા વિના ગાડું ચાલતું રહ્યું એ ચોક્કસ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પ્રાણે કહ્યું કે 'હવે હું ફરી આવું !' પણ એણે એમ કહ્યું ન કહ્યું, ત્યાં તો કોણ જાણે શું થયું, તમામ ઇન્દ્રિયો ચકળવકળ થઈ ગઇ ! બધી સૃષ્ટિ બધા માટે જાણે અર્થહીન બની ગઇ હોય તેવું થઈ ગયું. વગર કહે જ બધાં સમજી ગયાં કે હજી તો પ્રાણ એમ બોલ્યા કે, હવે હું જરા ફરી આવું, ત્યાં આપણી આ સ્થિતિ થઈ ગઈ, તો ખરેખર એ ફરવા જશે ત્યારે તો આપણું શું થાશે ?

સમજાવ્યા વિના બધી ઇન્દ્રિયો વાત માની ગઈ કે કહો ન કહો, પણ પ્રાણ જ સર્વસ્વ છે. એના વિના તો આપણો મુડદાંનો કોઈ ભાવ પણ પૂછે તેમ નથી !

અને પછી તમામ ઇંદ્રિયોએ પ્રાણની સ્તુતિ કરી:

'હે પ્રાણ ! તમે છો, તો સ્થાવર જંગમ તમામ સૃષ્ટિ છે. તમે છો તો બધે રસ છે. દેવતાઓનું જીવન અમૃત એ પણ પ્રાણને લીધે છે.

'પ્રાણ જ સર્વશ્રેષ્ઠ છે. હે અમારા પ્રાણ ! અમારી જે કાંઈ શક્તિ છે તે શક્તિના મૂળમાં તમે છો. તમે જાગો છો ત્યારે અમારું બળ પણ અમાપ બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઇંદ્ર કહો, અગ્નિ કહો, મેઘ કહો, શક્તિ કહો, પણ એ બધું પ્રાણ માટે છે. પ્રાણને લીધે છે. માટે પ્રાણોપાસના જ સર્વોત્તમ છે!'

[૮] ધૌમ્ય

અરુણિ ઋષિનો પુત્ર આરુણિ. એ ગુરુ ધૌમ્યને ત્યાં વિદ્યા મેળવવા માટે ગયો. એ વખતે વિદ્યા લેવાની રીત જ જુદી. ગુરુને ત્યાં રહે, સેવા કરે, ગુરુને લાગે કે આને વિદ્યા આપવાથી વિદ્યાનો દુરુપયોગ થાય તેમ નથી, ત્યારે શિષ્યને વિદ્યા મળે. એ વખતે વિદ્યાનો એવો મહિમા હતો. અને આજ પણ એવું કયાં નથી? આજ અમુક વિદ્યા મેળવવા માટે અમુક પ્રકારની યોગ્યતા કેળવવી જ પડે છે. તે વખતે ગુરુને ત્યાં રહીને બધું કામકાજ કરવું પડતું. આવી જાતમહેનતને સૌ વિદ્યાનો જ એક ભાગ ગણતા.

એટલે આ ધૌમ્યને ખેતર સંભાળવાનું કામ ગુરુએ સોંપ્યું હતું. ગુરુએ એક દિવસ આજ્ઞા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ખેતરમાંથી પાણી વહી જાય છે માટે બંધ બાંધો.

ધૌમ્યે આજ્ઞા પ્રમાણે બંધ બાંધ્યો. પણ પાણીનો વેગ એવો કે, માટી નાખે ત્યાં માટી ધોવાઈ જાય. ધૌમ્યે મહેનત તો બહુ કરી પણ કેમે બંધ રહ્યો નહિ!

એટલે પછી પોતે જ બંધની જગ્યાએ વચ્ચે સૂઈ ગયો. પાણી અટકી ને રોકાઇ ગયું.

પણ પોતે સૂતો તે સૂતો. હવે ત્યાંથી ઉઠે શી રીતે ? ઉઠે તો તો પાણી ચાલ્યું જાય !

પણ ધૌમ્ય પાછો આશ્રમમાં આવ્યો નહિ એટલે સૌને ચિંતા થઈ. ગુરુએ તપાસ કરી તો ધૌમ્ય મળે નહિ! તે જાતે તપાસ કરવા નીકળ્યા. ત્યાં ધૌમ્યને બંધની આડે સૂતેલો દીઠો!

કોઈકને આમાં મૂર્ખાઈ લાગે. પણ જોવાનું એ હતું કે, પાણી તે દિવસે અટકાવવાનું હતું. ધૌમ્ય આડે સૂતો એટલે બંધ ટકી ગયો હતો. ધૌમ્યની આ આકરી કર્તવ્યનિષ્ઠા—જે કામ લીધું તે કોઈ પણ હિસાબે પૂરું થવું જ જોઈએ એવી દૃઢતા—ગુરુને બહુ જ ગમી ગઈ. એમને લાગ્યું કે ધૌમ્યમાં જેવી તેવી તેજસ્વિતા નથી. ત્યારથી ધૌમ્યનું નામ ઉદ્દાલક પડ્યું. ઉદ્દાલક એટલે પાણીનો બંધ. આ ઉદ્દાલકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી જ્ઞાન આપવામાં આવ્યું. અને એણે જીવન શરૂ કર્યું.

ઉદ્દાલક આરુણિને બે પુત્ર હતા. શ્વેતકેતુ અને નચિકેતા. એક પુત્રી હતી સુજાતા.

એ ત્રણેની વાત છે. પહેલી શ્વેતકેતુની વાત કરીએ.

[૯] શ્વેતકેતુ

શ્વેતકેતુ આ ઉદ્દાલક ઋષિનો પુત્ર. એ મોટો થયો. ઋષિના મનમાં એમ કે છોકરાને વિદ્યાની ભૂખ જાગે, પછી હું એને વિદ્યા આપું તો વિદ્યા જલદી હૈયે ચડે! એટલે એણે થોડો વખત, એને બોલાવ્યા વિના જ જવા દીધો! પણ છોકરો એવો હોશિયાર કે ભણવાનું નામ જ લે નહિ! જંગલમાંથી સમિધ તમે કહો તેટલાં લાવી આપે, બાકી ભણવા કરવાનું રામ રામ!

એટલે ઉદ્દાલક ઋષિને ચિંતા થઈ. પોતાના કુટુંબમાં, અત્યાર સુધી તો કોઈને કહેવું પણ નહોતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું કે ભાઈ ! તું હવે ભણવા બેસ ! એ તો કુદરતી રીતે જ ભણવા બેસી જાતા ! જરાક સમજણાં થાય એટલી જ વાર ! એવી કુદરતી બક્ષીસ !

ત્યારે આ શ્વેતકેતુ તો ભણવાની વાત જ કરે નહિ ને !

એક દિવસ પછી ઉદ્દાલકે પોતાના પુત્રને પોતાની પાસે બોલાવ્યો. તેને પ્રેમથી પાસે બેસાર્યો. હેતથી એને કહ્યું: 'શ્વેતકેતુ ! તું હવે કોઈ યોગ્ય ગુરુને ત્યાં જા. અને વિદ્યાર્થીના ધર્મ પાળી વિદ્યા મેળવ. વિદ્યા ન મેળવે, એવો કોઈ, આપણા વંશમાં આજ દિવસ સુધી થયો નથી. બ્રાહ્મણ હોય ને વિદ્યા ન મેળવે તો પછી એવા નામધારી બ્રાહ્મણને શું કરવાનો ? બકરીની ડોકે આંચળ હોય—તે આંચળ કહેવાય—પણ એ કાંઈ દૂધ આપે ? એટલે વિદ્યા વિનાનો નામધારી બ્રાહ્મણ તું થા, તો તો આપણી પ્રતિષ્ઠા જાય ! માટે તું કોઈ ગુરુનું શરણું લે ભાઈ !'

પિતાની આજ્ઞા થઈ એટલે શ્વેતકેતુ પણ વાત સમજી ગયો. બાર વરસનો બટુક લંગોટી લગાવી, દંડ ધારણ કરી, ગુરુની શોધમાં ચાલી નીકળ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાર વરસનો હતો ત્યારે એ ગયો. ને ચોવીશ વર્ષનો થયો ત્યારે પાછો આવ્યો. બાર વરસ સુધી વિદ્યાનું પઠન પાઠન કરીને મહાવિદ્વાન થયો.

એની ઉગતી જુવાની હતી. અનુભવ ઓછો હતો. અને ચારે વેદોનો અભ્યાસ કરેલો, એટલે એને મનમાં થઈ આવ્યું કે મારા જેવો પંડિત તો કોઇ છે નહિ! હું બોલું પણ કોની સાથે? એટલે એ તો ધરતીથી દોઢ હાથ ઉંચે હાલે! ઘેર આવ્યો, પણ જાણે જગ જીતીને આવ્યો હોય તેમ, ઉંચું ને ઉંચું જુએ! વૃદ્ધ ઋષિ બેઠા બેઠા દીકરાનો ઠાલ જુએ. મનમાં સમજે કે વિદ્વાન થયો છે—પણ વિદ્યા વિનય વડે શોભે છે—એ વાત તો હજી જાણતો નથી!

થોડા દિવસ તો એમ ને એમ ચાલ્યું. પછી ઋષિથી રહેવાયું નહિ. એક દિવસ એને કહ્યું: 'હે શ્વેતકેતુ! તું એવું શું ભણી આવ્યો છે ભાઈ! કે તું કોઇની સાથે બોલતો પણ નથી?

જાણે કે તને બીક લાગતી હોય કે તું બોલીશ, અને વખતે બીજા સમજશે કે નહિ સમજે! પણ તને એવું કોઇ જ્ઞાન તારા ગુરુ પાસેથી પ્રાપ્ત થયું છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે જ્ઞાનની પાસે, બીજાં બધાં જ્ઞાન બાળક બની જાય ? જે એક જ્ઞાન હોય, તો બધું જ જ્ઞાન મળે! કોઈ દિવસ કાને સાંભળ્યું ન હોય–છતાં સાંભળ્યું હોય તેવું લાગે ! વિચાર્યું ન હોય, છતાં જાણે વિચારેલું લાગે! આવું કોઈ જ્ઞાન તેં ગુરુ પાસેથી પ્રાપ્ત કર્યું છે?'

શ્વેતકેતુ તો પિતાની વાત સાંભળીને આભો જ બની ગયો. એણે આવી વાત તો કોઈ દિવસ સાંભળી પણ ન હતી. કોઈ દિવસ જાણતા ન હોઈએ, છતાં જાણે જાણતા જ હોઈએ, એવું તે શી રીતે થાય? એવા જ્ઞાન વિષે તો એણે સ્વપ્નમાં પણ જાણ્યું ન હતું !

પોતે આવા જ્ઞાન વિષે તો કંઈ જ જાણતો નથી એવો વિચાર એને આવતાં જ એનું અભિમાન ઉતરી ગયું!

તે પિતાના ચરણમાં પડયો. નમ્ર થઈને બોલ્યો: 'ભગવાન્! એવું આ જ્ઞાન કયું છે કે, જે એકનું જ્ઞાન થતાં, બધી વસ્તુનું જ્ઞાન થઈ જાય? એ શી રીતે શકય બને? આવું કાંઈ તો હું જાણતો નથી!'

ઉદ્દાલકે જવાબ વાળ્યો: 'માટીનું બરાબર રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન થાય, તો પછી માટીનાં જે જે કાર્ય છે, તેનું પણ જ્ઞાન થાય કે નહિ?'

'એ તો થાય જ.'

'ત્યારે એમાં જેમ મહત્ત્વ માટીનું છે, એ છે તો ઘડો છે, ભંભલી છે, ને બીજા આકાર છે, તેમ જ આ જ્ઞાનનું સમજવું. નામ અને રૂપ, એમનું જ્ઞાન, એ કાંઈ સાચું જ્ઞાન નથી. મૂળ સોના વિષે તમે જાણો એટલે બસ. એમાંથી થયેલાં ઘરેણાં, તે તો જુદાં જુદાં નામ ધારણ કરે છે એટલું જ.

લોખંડના હજાર પદાર્થ થાય. પણ એમાં મહત્ત્વ લોખંડનું. લોખંડ છે, તો, નેરણી છે. લોખંડ હોય નહિ તો પછી નેરણી બિચારી ક્યાં હોય?'

'ક્યાં ય નહિ!'

'ત્યારે એવું જ આ. કંઠી એ કંઠી છે. એ તો સોનાના એવા એક આકારનું નામ થયું. પણ એમાં ખરું મહત્ત્વ તો સોનાનું છે. સોનું જ ન હોય તો કંઠી ક્યાં હોય?'

'ક્યાં ય નહિ!'

'તો પછી જુદા જુદા નામરૂપ વિષે જાણવું એ સાચું જ્ઞાન—કે એ નામ રૂપ, જેના વિના એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પળભર પણ ટકી શકે તેમ નથી, એના વિષે જાણવું, એ મહત્ત્વનું ને સાચું જ્ઞાન ?'

શ્વેતકેતુ વિચાર કરી રહ્યો. આવું તો એને એના ગુરુએ કોઈ દિવસ કહ્યું જ ન હતું ! એને શું ખબર કે જ્ઞાન બે પ્રકારનાં છે ! એક જ્ઞાન એવું છે, જે અંતરમાંથી આવે છે. બીજું જ્ઞાન એવું છે, જે બહારથી મળે છે. આ બહારનું જ્ઞાન સારી રીતે મેળવનારો, અંતરના જ્ઞાનનો અધિકારી થાય એ ભલે, પણ આવું આ અંતરનું જ્ઞાન, એ જ સાચું છે, એવી એને ખબર પણ નહિ !

આ જગતમાં જે કાંઇ છે તે દરેકને નામ છે. રૂપ છે. જે કાંઇ થયું છે તે કોઈક ક્રિયાનું પરિણામ છે. સોનાની કંઠી બની. એટલે એને એ નામ મળ્યું. પણ તેથી એ સોનું નથી, એમ કોઈ કહી શકે ?'

'ના'

'ત્યારે તું એને કંઠી કહે, અને હું સોનું કહું, તો સાચું કોણ ? કંઠી કહેનારનું જ્ઞાન સાચું કે સોનું કહેનારનું જ્ઞાન સાચું ?'

'જ્ઞાન તો સાચું સોનું કહેનારનું. કારણ કે એણે મૂળ વસ્તુ પકડી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બરાબર છે. એ જ પ્રમાણે આ જગત્ ઉત્પન્ન થયું છે. મૂળ પદાર્થ એક. એ જ સત્. એક એ ન હોય, તો કોઈ રૂપ ન હોય. એ સત્ પદાર્થ કોનામાં નથી? દરેક નામમાં, દરેક રૂપમાં, દરેક આકારમાં એ હોય અને હોય. ન હોય તો નામ પણ કેવું? સમુદ્રમાં મોજાં લાખો ને કરોડો આવે. બધાં સરસ લાગે. રૂપાળાં દેખાય. બધાંની શકિત ગજબની. પણ સમુદ્ર હોઈને, એ બધાં છે. સમુદ્ર ન હોય, તો મોજાં કેવાં? ને શકિત કેવી? એવું આ જગતનું સમજવું.

એક સત્ પદાર્થ છે તો આ બધાં ઊભાં છે! એ ન હોય તો તું આંહીં કેવો? હું પણ કેવો? અને કોઈ કયાંથી હોય?

પણ જેમ મધમાખ બધાં ફૂલમાંથી મધ ભેગું કરે, મધપુડામાં ભરે, પછી એ મધમાખને કોઈ કહે કે બકુલના ફૂલમાંથી જે મધ તું ચૂસી લાવી, એ કયાં છે? તો એનો જેમ કાંઈ જવાબ ન મળે, તેવું જ આ જગત્ વિષે સમજવું!

બધાં ફૂલમાં મધ સૂતું છે. એકરસ થઈ ગયા પછી કોઈ ફૂલનું મધ બીજા ફૂલના મધથી જુદું નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું જ આ જગત વિષે સમજવું. સત્માંથી જગત, અને જગત્ પાછું સત્માં. ત્યારે આ જે સત્ છે તે આત્મા. તારો, મારો, વાઘનો, વરૂનો, અને કીટનો આત્મા એક. રૂપ જૂદાં જૂદાં. એમ થવાનું કારણ ક્રિયા. એ ક્રિયા એટલે વાસના. તારી વાસના મરી જાય તો તારું જગત્ મરી જાય!'

શ્વેતકેતુ તો મનમાં ને મનમાં ઉંડો ઉતરી ગયો. આ જ્ઞાન કંઈ એના મગજમાં બેઠું નહિ. એણે ફરીને હાથ જોડયા: 'હજી કાંઈ સમજાયું નથી! શબ્દો સમજાય છે. પણ અર્થ મળતો નથી! ને મનમાં બેસતો નથી!'

ઉદ્દાલકે કહ્યું: 'સમુદ્ર તરફ બધી નદીઓ વહે છે. ગંગા હોય, જમના હોય, નર્મદા હોય, બધાંનાં પાણી સમુદ્રમાં જાય છે. એ પાણી સમુદ્રમાં ગયા પછી આ ગંગાનું પાણી, આ જમનાનું પાણી, આ નર્મદાનું પાણી, એમ કોઈ કહી શકે ખરું? તેમ જ આ બધી સૃષ્ટિનું સમજવું.

સત્માંથી આવે, અને સત્માં જાય. વચ્ચેનો આ ખેલ! એને નામ ગમે તે આપો. પણ છેવટે રહે એક—આત્મા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વેતકેતુ તો આ સાંભળીને છક્ક થઈ ગયો. પોતે કાંઈ નથી. એનું અભિમાન ગળી ગયું ! એને તો આ અગાધ જ્ઞાનનું માપ લેવાનું મન થઈ આવ્યું : એણે ફરીને હાથ જોડયા : 'હજી એક વખત આ વાત સમજાવો.'

'એક વૃક્ષ છે શ્વેતકેતુ ! એના મૂળમાં ઘા કરો, મધ્યમાં ઘા કરો, ગમે ત્યાં ઘા કરો, પણ વૃક્ષ મરે નહિ, જીવે ખરૂં. પણ એક શાખાને વૃક્ષથી છૂટી કરીએ તો શાખાનું શું થાય ?'

'તો તો એ સૂકાઈ જાય !'

'ત્યારે એવું આ સત છે. આત્મા છે ત્યાં સુધી દેહ ટકે છે. એણે જેવો દેહ તજ્યો, કે બધું ધબાય નમ: પછી કેવું ત્યાં શરીર, કેવું રૂપરંગ ને કેવું નામ ?'

પણ આ વિષય એવો કે એમ ઝટ દઈને કાંઈ સમજાય ખરો ? એટલે શ્વેતકેતુ ઘણો મનમાં આનંદ પામે કે ઓહો હો ! આ જ્ઞાન તો અદ્ભુત છે, અને અગાધ છે, પણ એ જ્ઞાનની ગડ કોઈ રીતે મનમાં બેસે નહિ ! એણે ફરીને કહ્યું : 'હજી સમજાવો પિતાજી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાવતાં થાકે નહિ એ ખરો ગુરુ. ઉદ્દાલકે એને કહ્યું : 'પેલો એક વડનો ટેટો લઈ આવ તો !'

શ્વેતકેતુ ટેટો લઈ આવ્યો.

'હવે એ ટેટો ભાંગી જો. અંદર શું છે ?'

શ્વેતકેતુએ ટેટો ભાંગ્યો. અંદર તદ્દન ઝીણાં બીજ હતાં. તે બોલ્યો : 'અંદર આ બીજ છે પિતાજી !'

'પણ કોઈ તને એમ કહે કે, એ બીજ નથી, પણ એક આખો વડ એમાં સંતાઈને બેઠો છે, તો એને તું મૂરખ ગણે કે ડાહ્યો ?'

'એને તો હું ડાહ્યામાં ડાહ્યો કહું. કારણ કે એ બીજમાં જે ખરું સત્ય છે તે જુએ છે !'

ત્યારે એવું જે સૂક્ષ્મતત્ત્વ તે આત્મા. ટેટામાં બીજ નથી, પણ વડ છે, ને એમાં વડ જોનારો સાચું જુએ છે, તેમ તારે આત્માનું સમજવું. સર્વત્ર આત્મા જોનારો સાચું જુએ છે !'

બીજું ઉદાહરણ આપું છું : 'આ પાણી છે. એ પાણી તું લઈ જા. એમાં એક મીઠાનો ગાંગડો નાખજે. રાત આખી પડી રહેવા દેજે. અને કાલે સવારે એ પાણી લઈને મારી પાસે આવજે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે શ્વેતકેતુ પિતા પાસે ગયો. ત્યારે એના મનમાં નવાઈ લાગતી હતી કે, હવે આ પાણી-માંથી પિતા શી વાત કરવાના હશે?

ત્યાં એના પિતાએ તો નવી નવાઈનો સવાલ એને કર્યો : 'શ્વેતકેતુ! તેં પાણીમાં જે મીઠાનો ગાંગડો નાંખ્યો હતો તે જરાક લાવ તો!'

'અરે! પિતાજી! એ ગાંગડો તે કાંઈ અત્યાર સુધી હોય? એ તો ગળી ગયો!'

'ત્યારે હે વત્સ! આ સકલસૃષ્ટિનું પણ એવું જ છે. એ પાણી તું ચાખી જો!' શ્વેતકેતુએ કહ્યું : 'એ તો ખારું હોય!'

પિતાએ કહ્યું : 'હવે છેક નીચેથી પાણી લઈને ચાખી જો!'

'એ તો એ પણ ખારું જ હોય. મીઠું પાણીમાં ગળી ગયું છે ને!'

'ત્યારે શ્વેતકેતુ! જેમ તું મીઠાને પાણીમાં જોઈ શકતો નથી, પણ મીઠું પાણીમાં છે, એમ તું જાણે છે, તેમ જ આ સમજવાનું. સત્‌ને કોઈ જોઈ શકતું નથી. પણ તે આંહીં સઘળે ઓતપ્રોત છે. એના વિના કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એ જ આત્મા છે. એ જ પરમાત્મા છે. જીવનનો એ જ રસ છે ! શ્વેતકેતુ !

'આ સંસારરૂપી અરણ્ય છે. એમાં માણસ પોતાની જાતને ભૂલી ગયો છે. અજાણ્યા દેશમાં જેમ પૂછતાં પંડિત થઈને માર્ગ મળે છે, તેમ આનો રસ્તો પણ એ જ રીતે મળે છે. પ્રશ્નો પૂછીને, જ્ઞાન મેળવીને, એ જ્ઞાનનું મનમાં ચિંતન કરીને, અને એ જ્ઞાન પ્રમાણે થોડું પણ વર્તીને. માણસને માણસ અન્યાય કરે છે, માણસાઈ છોડી દે છે, કારણ કે, એ એમ માને છે કે, એ જે કરે છે તે એ એકલો જ જાણે છે. ખરી રીતે માણસ જે કાંઈ કરે છે, તે આખી દુનિયા જાણે છે.

'એટલે તમે જે કામ કરો તે વખતે આખી દુનિયા હાજર છે એમ ધારીને કામ કરો. તમારાથી પછી સત્યનો જ આધાર લેવાશે. કારણ કે આંહીં સત્ સિવાય બીજું કાંઈ છે જ નહિ. શ્વેતકેતુ ! તત્ત્વમસિ—એટલે તે તું છે. જે પરમાત્માનો આધાર તું શોધે છે, એ પરમાત્મા તું જ છે. ને તે તારા હૃદયમાં જ છે. આટલું જ્ઞાન તું તારું કરીશ, તો પછી તારે બીજી એલફેલ બધી ઉપાધિ મટી જાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એટલા માટે આપણે ભગવાનને પ્રાર્થના એમ નહિ કરવાની કે હું સુખી થાઉં, હું લાંબું આયુષ્ય ભોગવું, હું ધર્મકાર્ય કરું, પણ સૌ સુખી થાઓ, સૌ સત્યમાર્ગે વળો. સૌ નિરોગી બનો. સૌનું કલ્યાણ હો! કારણ કે સૌમાં આપણે જ છીએ. ને આપણામાં સૌ છે.'

[૧૦] નચિકેતા

નચિકેતા, શ્વેતકેતુ કરતાં જુદી જ માટીમાંથી ઘડયો હોય તેમ, નાનપણથી જ જાણે જ્ઞાનનો વારસો પામ્યો હતો. એક વખતની વાત છે. એ નાનકડો હતો, ત્યારે એના પિતાએ એક યજ્ઞ આરંભ્યો. હવે ધર્મની વાત એવી સૂક્ષ્મ છે કે એમાં મોટા મોટા વિદ્વાનો પણ ગોથાં ખાય! જો ભાવનાથી થાય તો તો એક વસ્તુ ધર્મ હોય અને એ જ વસ્તુ નાક સાચવવા માટે, ને કોઈ આંગળી ન ચીંધે એવી લોકલજ્જાથી થતી હોય તો, એ જ અધર્મ હોય! ભાગવતની કથા ભગવાનનો મહિમા સમજવા માટે પ્રેમથી બેસા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીએ તો એ ધર્મ; અને અભિમાનથી, 'અમારે ત્યાં પણ પારાણ થઈ છે' એમ મોટાઈ બતાવવા માટે કરાવીએ તો એ જ અધર્મ ! આનું સાચું જાણકાર એકલું મન! એટલે મન ગંગા હોય તો ધર્મ, નહિ તો અધર્મ !

હવે ઋષિ ઉદ્દાલકે યજ્ઞ આરંભ્યો. યજ્ઞમાં ગાયોનું દાન દેવાનું આવે. પણ ઋષિને હૈયેથી સારી સારી ગાયો દાનમાં આપવાનું છુટે નહિ. અને યજ્ઞ પૂરો કરવા માટે દાન તો આપવું જ રહ્યું. એટલે એવી મનોવૃત્તિમાં જેવું દાન અપાય તેવું દાન ઉદ્દાલક ઋષિ આપવા મંડયા !

ગલઢી, વસુકી ગયેલી, નિર્માલ્ય ગાયો બ્રાહ્મણને અપાતી જોઈ, શિશુ નચિકતા મનમાં ને મનમાં મુંજાય! ઉમ્મર નાની, પણ જ્ઞાનવાર્ત્તા સમજે. એને મનમાં થાય કે આ દાન નથી. આ તો દાનની મશ્કરી છે! એટલે પિતાજી પોતાની જ જાણે મશ્કરી કરાવી રહ્યા છે !

અને તે શું કરવા? સારી સારી ગાયો ઘરમાં છોકરા માટે રહી જાય, અને છતાં ઋષિ લોકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વાહ્ વાહ્ થાય કે ઉદ્દાલક મુનિએ એક વધુ યજ્ઞ કરાવ્યો ખરો એટલા માટે! તો આવો ખોટો યજ્ઞ કરવાનું કોણે કહ્યું હતું? યજ્ઞ ન કરવો સારો, પણ યજ્ઞઢોંગ તો ખોટો! એટલે નચિકેતાને આ ગમ્યું નહિ. વિચાર કર્યો કે પુત્ર પ્રેમને લીધે જ આ ધંધો પિતાએ આદર્યો જણાય છે! પણ એમાં છેવટે કોઈનું કલ્યાણ નથી. લેનારનું, દેનારનું, સંગ્રહ કરનારનું, કે કોઈનું! કારણ કે જે ધર્મને જીવનભર શ્રેષ્ટ માન્યો હતો તે યજ્ઞધર્મ, એટલે બીજાને માટે થઈને કાંઈક પણ હમેશાં તજતા રહેવાનો ધર્મ, તેની આ તો ભયંકર મશ્કરી કરી કહેવાય! ને જ્યારે પોતાના ધર્મની માણસ પોતે જ મશ્કરી કરે એટલે થઈ રહ્યું! પછી તો એવો માણસ વધારે ને વધારે નીચો જ ઉતરતો જાય!

એટલે એણે પિતાને કહ્યું: 'હે પિતાજી! તમે આ વિશ્વજીત યજ્ઞ કરવા માંડયો છે. એ યજ્ઞમાં તો સર્વ ઉત્તમ વસ્તુઓ દાનમાં આપવાની હોય છે. તો તમે મને પણ દાનમાં કેમ નથી આપતા? મને કોને આપો છો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાએ એના પ્રશ્નનો ઉત્તર ન આપ્યો. એ તો જેમ કરતા હતા તેમ કરતા જ રહ્યા! પણ નચિકેતાને પિતાનું ધ્યાન એક વસ્તુ તરફ દોરવું હતું. જે લોભવૃત્તિથી પ્રેરાઈને એ પોતાના પુત્ર માટે ઉત્તમ ગાયો જાળવી રહ્યા હતા, એ લોભવૃત્તિ પોતે જ, એમના યજ્ઞને અધર્મ ઠરાવવા માટે પૂરતી હતી! પછી તો યજ્ઞ પોતે ઢોંગ જ થતો હતો! પિતાએ જવાબ ન વાળ્યો એટલે વળી નચિકેતાએ કહ્યું: 'હું પિતાજી! તમે મને કોને આપો છો? કેમ બોલ્યા નહિ?'

ઉદ્દાલક ઋષિ કાંઈ બોલ્યા નહિ. એમને હવે જલદી કામ પતાવી દેવાની ઉતાવળ હતી. એક કામ તો પત્યું! યજ્ઞની ધાર્મિક ભાવનાને સ્થાને, આવી વ્યવહારની યાંત્રિક ભાવના ત્યાં આવી ગયેલી નચિકેતાએ જોઈ.

એટલે એણે ત્રીજી વખત પિતાજીને પૂછ્યું: 'પિતાજી! મને કોને આપો છો?'

ફરી ફરી ને આ નો આ સવાલ કરતા નચિકેતાને સાંભળીને ઉદ્દાલક ઋષિને ક્રોધ ચઢયો. તેનાથી ઉતાવળમાં બોલાઈ ગયું: 'તને આપ્યો યમરાજને જા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નચિકેતા તો પિતાની આ વાણી સાંભળીને ડઘાઈ જ ગયો. યમરાજને ત્યાં તો માણસ કોને મોકલે? પોતાને અપ્રિય હોય તેને, કે ભારરૂપ હોય તેને. પિતાની વાત તો માથે ચડાવી લીધી. પણ મનમાં થયું કે યમરાજને બદલે કોઈ ઋષિમુનિને આપ્યો હોત તો હું એનું કામ કરત ને મજા કરત! આ તો પિતાજીએ મારું મૃત્યુ ઇચ્છિયું. યમરાજને ત્યાં હું જાઉં તેથી પિતાજીનું કોઇ કામ સિદ્ધ થતું હશે? આનો શું અર્થ હશે? મને યમરાજને કેમ સોંપ્યો?'

પણ એ વખતે તો જે વેણ નીકળ્યું તે નીકળ્યું. નચિકેતા તરત યમરાજને ત્યાં જવા તૈયાર થઇ ગયો.

પણ હવે ઉદ્દાલક ઋષિના પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ! બોલતાં તો બોલાઈ ગયું, પણ નચિકેતાએ જ્યારે હાથ જોડીને કહ્યું કે 'ત્યારે પિતાજી! હું યમરાજને ત્યાં જાઉં છું!' ત્યારે એમની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા માંડયા! કોણ એવો પિતા હોય જે પોતાના નાનકડા પ્રિયપુત્રને મૃત્યુને શરણે જતો જોઈને ધ્રૂજી ન ઉઠે?

પણ નચિકેતા બાળક છતાં, જ્ઞાની બાળક હતો. પ્રહ્લાદજીના જેવો. તે સમજી ગયો કે પિતાજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજ્ઞમાં લોભ કરવાની ભૂલ કરી. પછી ક્રોધ કરવાની ભૂલ કરી. અને હવે આ પુત્રમોહ થાય છે. પછી આ વચન ભંગની ભૂલ થાય—એટલે એમનું તપસ્વી જીવન રહ્યું ક્યાં? એણે હાથ જોડીને કહ્યું: 'પિતાજી! આપણા વંશમાં કોઈએ કોઈ દિવસ વચન ભંગ કર્યું નથી. એકવચની રહેવાની આપણી પ્રતિષ્ઠા તમે હવે વૂળ મેળવતા નહિ! હવે તો મને જવા જ દો! જન્મ અને મરણ તો જીવની સાથે જોડાયલાં છે. અને છતાં વળી, જીવ માટે એ નથી, એમ પણ છે. તમે એ જાણો છો પછી આ શોક શાનો? આંહીં દેખાય છે, છતાં ખરી રીતે જન્મ પણ કેવો? મૃત્યુ પણ કેવું? અને એ બે ન હોય તો પછી જીવન પણ કેવું? માટે હવે તો પિતાજી! તમે વચનભંગની કલ્પના પણ ન કરતા. હવે તો મને યમરાજને ત્યાં જવા જ દો! હું સદેહે સાજો તાજો, તમારે પ્રતાપે ત્યાં પહોંચું છું, એનો તો મારા મનમાં આનંદ આનંદ થઈ રહ્યો છે! આ મારી આંખો યમરાજને જોઈ શકશે એ જેવી તેવી વાત છે? સત્ય વડે તો ધર્મ છે, અને ધર્મ એ જ જીવન છે, માટે પિતાજી! તમે મને હવે જવાની વિદાય આપો! જીર્ણશીર્ણ થઈને અવશની પેઠે મૃત્યુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધીન થવું એના કરતાં તો આ હજાર દરજ્જે સારું છે! તમે જ ઘણી વખત કહ્યું છે કે તમારી પરંપરામાં, વચન માટે અસહ્ય કષ્ટ વેઠનારાઓ થઈ ગયા છે, અને હવે તમે જ એ પરંપરા ને તોડશો?'

નચિકેતાનાં વાકયોથી ઋષિ ઉદ્દાલક શાંત થયા. તેણે તેને યમરાજાને ત્યાં જવાની રજા આપી.

નચિકેતા યમરાજાને ત્યાં પહોંચ્યો. પણ યમરાજા ઘેર મળે નહિ! કયાંક બહાર ગયેલા. નચિકેતાએ વિચાર્યું કે પિતાએ પોતાને યમરાજાને સોંપી દીધો છે, એનો અર્થ તો એ થયો કે, એ સ્થૂળ રીતે તો હવે મરણ જ પામ્યો છે! યમરાજા ઘેર હોય કે ન હોય, પણ પોતાના સ્થૂળ દેહ વડે હવે કોઈ ભોગ ભોગવવો એ અધર્મ જ કહેવાય! એ પણ વચનભંગ ગણાય! કારણ કે ખરી રીતે તો હવે પોતે જીવતો જ નથી. અને જીવે છે તો યમરાજાને સોંપાયલા માનવ તરીકે. એટલે એ તો ત્યાં યમરાજાના દ્વાર ઉપર ભૂખ્યો તરસ્યો બેસી ગયો! નથી અન્ન લેતો. નથી પાણી પીતો. ત્રણ દિવસ એમ ને એમ વહી ગયા. ત્રીજે દિવસે યમરાજા ઘેર આવ્યા. ખબર મળ્યા કે દ્વાર ઉપર કોઈ અતિથિ બ્રાહ્મણ આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એણે ત્રણ દિવસ થયાં અન્નજળ લીધાં નથી! કોઇ પૂછવા જાય છે તો જવાબ આપે છે કે, 'મારે તો યમરાજાને પોતાને મળવાનું છે!' બ્રાહ્મણ અતિથિ, વળી સદેહે આવેલો, એ સાંભળીને યમરાજા પણ આશ્ચર્ય પામી ગયા. હાથમાં જલકુંભ લીધો. અને પોતે જ અતિથિરાજના હાથપગ ધોવા માટે ચાલ્યા!

પણ નચિકેતાની વાત સાંભળીને તો એ છક્ક થઈ ગયા. ધર્મ વિષેની આવી સમજણ બતાવનાર પ્રત્યે એમને ભારે માન થયું. એમણે નચિકેતાને કહ્યું: 'હે અતિથિ રાજ! તમે જે આ ત્રણ દિવસ અન્નપાણી વિના મારે આંગણે બેઠા રહ્યા, એની મને શરમ આવે છે. પણ હવે તમે ત્રણ વરદાન માગો. ગમે તે માગો.'

નચિકેતાએ કહ્યું: 'હે યમરાજ! જો આપ વર આપવા માગતા હો તો હું પહેલો વર આ માગું છું! હું મૃત્યુ પામ્યો છું. એટલે હવે પૃથ્વી ઉપરના મારા પિતા એનો સંકલ્પ વિકલ્પ કરીને નાહકના દુઃખી થાય એ ખોટું છે. એટલે પહેલું તો એ બંધ પડે. હું પૃથ્વી ઉપર જાઉં તો એ મને ઓળખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે. પ્રેમથી મને બોલાવી શકે. આ તમારો પહેલો વર હો !'

યમરાજે કહ્યું: 'ભલે એમ થશે !' 'બીજો વર મારે આ માગવાનો છે' નચિકેતા બોલ્યો: 'મારે સ્વર્ગ શું છે એ જાણવું છે. એ જ્ઞાન મને હો !'

યમરાજે કહ્યું: 'એ જ્ઞાન પણ તને થશે હે નચિકેતા ! સ્વર્ગ એ બીજું કાંઈ નથી. જ્ઞાનીજનની શાંતબુદ્ધિનો જ એ મહિમા છે. માણસ જ્ઞાની હોય, અને શાંત હોય, એ હરપળે જ્યાં હોય ત્યાં, સ્વર્ગ જ અનુભવે છે ! સ્વર્ગ બીજે કયાંય નથી. જ્ઞાનીજનના ચિત્તની એક શાંત લહરીથી એ ઊભું થાય છે. હવે ત્રીજું વરદાન માગ !'

'ત્રીજું હું આ માગું છું, હે યમરાજ ! માણસ મૃત્યુ પામે છે. પૃથ્વીમાં એના વિષે બે વાત ચાલે છે. કેટલાક કહે છે એ તો શરીર નાશ પામે છે. આત્મા અમર છે. બીજા કહે છે, આત્મા જેવું કાંઈ છે નહિ. શરીર ગયું એટલે બધું ગયું, હવામાં હવા મળી ગઈ. ખેલ ખલાસ. હવે ત્યાં કેવો આત્મા ને કેવી વાત ? હે ભગવાન ! આમાં સાચું શું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમરાજ સમજી ગયા. આ તો હવે આત્મ-જ્ઞાનની વાત થઈ. જેને એકડો આવડે એને જેમ પછીના આંકની ખબર પડે, તેમ આ બાળક જેવો નચિકેતા આવડી મોટી વાતો તો કરે છે, પણ તે કેવળ ગોખણપટ્ટી છે કે એની શ્રદ્ધાની વસ્તુ છે, એ જાણ્યા વિના, પોતે એની પાસે આત્મજ્ઞાનની વાત કરે તો એ મોટો અનર્થ થાય! આની શ્રદ્ધા કેવી છે એ પહેલું જોવું જોઈએ. અચળશ્રદ્ધા હોય તો, માણસને જે એક વસ્તુની અચળશ્રદ્ધા હોય, એના કરતાં વધારે કીમતી એ કોઈને ન ગણે. આ શ્રદ્ધાની પરીક્ષા. આત્મજ્ઞાનની તાલાવેલી છે કે માત્ર મોંની વાત છે એ જાણવાની આ કુંચી.

એટલે યમરાજે કહ્યું: 'હે નચિકેતા! હે બાળક! આ વાત તો અતિ સૂક્ષ્મ છે. એના કરતાં તું દ્રવ્યના ડુંગરા માગ. હજારો વર્ષનું આયુષ્ય માગ. પૃથ્વીનો રાજા થવાનું જ માગને! તું પૃથ્વીનો રાજા, અને લાખો વર્ષનું જીવન તને મળે—એવો વર હું તને આપું. આ આત્માની વાત જવા દે!'

'હે ભગવન્' નચિકેતાએ કહ્યું: 'લાખો વર્ષને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ 'અંત' છે. અને જેને અંત વિષે જ જાણવાની લગની છે, એ દ્રવ્યનું શું કરે? દેહ પૃથ્વી ઉપર જ રહી જાય છે. મારે તો જાણવું છે કે મૃત્યુ પછી શું છે? કાંઈ છે કે કાંઈ નથી? તમે જો એ ન કહો—તો પછી બીજો તો કોણ એનું રહસ્ય કહેનાર મળવાનો હતો? ને એ રહસ્ય જાણ્યા વિના લાખો વર્ષના જીવનને પણ શું કરવાનું? છેવટે તો એનો અંત આવવાનો. ને ત્યારે પાછો એજ પ્રશ્ન ઉભો થવાનો, મૃત્યુ પછી શું? માટે મારે તો આ જ્ઞાન જ જોઇએ.'

'હે નચિકેતા! તું વિચાર કરી જો. આટલું જરા જેટલું જ્ઞાન વધે—કે પૃથ્વીમાં ક્યાંય શોધ્યા જડે નહિ એવા સ્વર્ગના વૈભવો વધે? સ્વર્ગની અપ્સરાઓ, કુસુમવનની વાડીઓ, અદ્ભુત રથો, ને અનુપમ રમણીઓ—એ વધે કે આ જ્ઞાનનું પલ્લું વધે? મરણ પછી શું છે એ જાણવાથી તને શું ફાયદો થવાનો છે?'

પણ નચિકેતાની શ્રદ્ધા તો અચળ હતી. આત્મ-જ્ઞાનની તોલે કોઈ વૈભવ આવી શકે જ નહિ, એ એની દૃઢ માન્યતા હતી. એણે હાથ જોડીને કહ્યું: 'મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મૃત્યુ પછી આત્માનું શું છે એ વાત જાણવી છે! આત્મા છે કે નહિ—એ વાત કહો. બીજો કોઇ વૈભવ મારે જોઈતો નથી.'

'પણ હે નચિકેતા! આ જ્ઞાન ત્યારે જ સમજાય, જ્યારે આ જ્ઞાનનો ખરો પ્રાપ્ત કરનાર મળે. ગોખે તો બધા, શાસ્ત્રો પણ બધા વાંચે, પણ આ આત્માનો અનુભવ લેવો એ જુદી જ વાત છે! તારા જેવા શાંત ધીરજવાળા પૂછનારને—ધીમે ધીમે એ મળે. ત્યારે જો, આ આત્મા અજન્મા છે. એટલે એનો કોઇ બાપ નથી! શરીર તમામ અનિત્ય. એ નાશ પામે. પણ એમાંથી નીકળી જનારો કોઈ દિ નાશ ન પામે. આ આટલું જ્ઞાન, ખરેખરું સમજાય ક્યારે? જ્યારે ઇંદ્રિયો શાંત હોય, ચિત્ત સ્થિર હોય, અહંકાર ન હોય, ત્યારે. બાકી કેવળ વિદ્યાભ્યાસ આ જ્ઞાન નહિ આપે!

ચક્ષુ, સૃષ્ટિને જુએ. પણ પોતાને જોઈ શકે? ના. આ વાત બધી ઇંદ્રિયોને લાગુ પડે. બધી ઇંદ્રિયો સમજે છે કે કોઈક કાંઈક દોરી રહ્યુ છે. પણ એ દોરનારને જોવા જાય તો એનો પત્તો તો ત્યારે મળે, જ્યારે ઇંદ્રિયો જ ઇંદ્રિયો વિષેનો કાંઇ અનુભવ ન લે! એટલે કે સ્થિર, શાંત, અંતર્મુખ જોનારી બને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકી આત્માનું શું થાય છે એ હું તને કહું. મરણ પામે એટલે દેહ જાય. આત્મા રહે. એ આત્મા બીજું વસ્ત્ર પહેરવા માટે માતાના ગર્ભમાં પ્રવેશે. કાં થોડો વખત સ્થિર રહે. એ તો જેવી જેની ભાવના

હવે આ આત્માનું આમ જ છે, એમ જે અનુભવે—માત્ર જાણે નહિ, અનુભવે,—એ જીવનમુક્ત. એને પછી બીજો જન્મ નાંહ. બીજું મરણ નહિ. કારણ કે એણે વસ્તુ શોધી કાઢી. ને પોતાની બનાવી દીધી. એટલે એ પછી, મહાન એવા આત્મામાં,—લય પામે. મીઠું પાણીમાં ગળે તેમ.'

નચિકેતા યમરાજના આ શબ્દ શબ્દને અંતરમાં જોઈ રહ્યો હતો!

અને એના અનુભવમાં આનંદમય બની ગયો હતો.

[૧૧] અષ્ટાવક્ર

સુજાતા કહોડ ઋષિને પરણી. અષ્ટાવક્ર એનો પુત્ર. પણ સુજાતા વિધવા થઈ. માથે મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકટ આવી પડયું. એટલે એ પિતાને ત્યાં રહેવા આવી. અષ્ટાવક્ર પણ સાથે. એક વખત એવું બન્યું કે અષ્ટાવક્રે ઉદ્દાલક ઋષિને 'હે તાત!' એમ કહીને બોલાવ્યા. હવે ખરી રીતે તો એ માના બાપ, એટલે માતામહ થાય. એ ઉપરથી એના મામા શ્વેતકેતુએ એની મશ્કરી કરી: 'વાહ! તારા પણ 'તાત'? એ તો મારા તાત છે. તારા નહિ. તારા તો માતામહ થાય! આંહીં કોઈ તારા તાત છે જ નહિ!'

વાત તો સાવ નાની હતી. પણ તે દિવસે અષ્ટાવક્રને ઉંઘ ન આવી.

એનું મન વિચારે ચડી ગયું. એને એમ થવા માંડયું કે હું જેને 'તાત!' કહીને બોલાવી શકું એવા મારા તાત કયાં હશે? એ કેમ દેખાતા નથી?

એણે જઈને પોતાની માતાને પૂછયું: 'હે માતા! મારા તાત કોણ છે ને કયાં છે?'

સુજાતાએ કાંઈ ઉત્તર આપ્યો નહિ. છોકરાના અવાજમાં રહેલી ભારે વેદના એ કળી ગઈ. એને થયું કે સાચી વાત કહેતાં જ આ છોકરો હવે હાથથી જાશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છોકરો હાથથી જાય કે રહે—જેમ રજપૂતાણી, પોતાના છોકરાને મોટો થતાં રણક્ષેત્રની વાત કહ્યા વિના રહી શકતી નથી, તેમ આ બ્રાહ્મણની પુત્રીને પણ વાત કહ્યા વિના ચાલે તેમ ન હતું. તેણે તેને પાસે બોલાવ્યો: 'અષ્ટાવક્ર! બેટા! આ આપણો આશ્રમ નથી. આ તો શ્વેતકેતુનો આશ્રમ છે!'

'પણ ત્યારે આપણો આશ્રમ ક્યાં છે મા? આપણે આપણા આશ્રમમાં જઈએ. આપણે આંહીં રહેવું નથી! આજે મામાએ મને કહ્યું કે આંહીં કોઈ તારા તાત નથી!'

'એ સાચું કહ્યું છે દીકરા! મારા પિતા એ તારા તો માતામહ થાય. તાત નહિ!'

'પણ ત્યારે મા! મારે મારા તાતના ચરણે બેસીને વિદ્યા ભણવી છે! મારા તાત ક્યાં છે?'

સુજાતાની આંખમાં આંસુ આવી ગયાં. નિર્દોષ કિશોરને કાંઈ ખબર છે કે એના તાત આ દુનિયામાં નથી!

અષ્ટાવક્રે ફરીને પૂછ્યું: 'હેં મા! તું તો મને જવાબ પણ દેતી નથી, અને રડવા બેસે છે! બોલને, મારા તાત ક્યાં છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તારા તાત તો બેટા! જલમાં ડુબ્યા છે!'

'જલમાં ડુબ્યા છે? કયે ઠેકાણે? કેમ કરતાં? મને માંડીને વાત કર મા! મારે મારા તાતની વાત જાણવી છે!'

'વાત તો સાવ નાનકડી છે બેટા! તારા તાતની પાસે અદ્‌ભુત વિદ્યા હતી. એની પાસે કેક વિદ્વાનો પાણી ભરે. પણ હોંશિયાર તારો પાણીમાં ડૂબે એવી વાત થઈ. એક વખત વરૂણનો પુત્ર બંદી આવ્યો. તારા પિતાની અને એની વચ્ચે વિદ્યાની ચર્ચા ચાલી. એમાં બન્ને પક્ષે પ્રતિજ્ઞા લીધી હતી કે જે હારે, તે જલસમાધિ લે! કોઈની પાસે ન હારવાવાળા તારા પિતા ત્યાં હાર્યા, જનકરાજાના દરબારમાં. અને પોતે પ્રતિજ્ઞાને સત્ય કરવા જલસમાધિ લીધી બેટા!'

માની વાત સાંભળીને અષ્ટાવક્ર પળ બે પળ તો મુંગો થઈ ગયો. સુજાતાની આંખમાંથી આંસુ પડી રહ્યાં હતાં. પણ થોડી વારમાં જ અષ્ટાવક્રે પૂછ્યું: 'મા! એ બંદી ક્યાં છે?'

'એનું હવે આપણે શું કામ છે બેટા! એ હશે ત્યાં, રાજા જનકના દરબારમાં!'

અષ્ટાવક્ર એ વખતે કાંઈ બોલ્યો નહિ. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુજાતાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. બીજે જ દિવસથી અષ્ટાવક્ર જાણે ફરી ગયો હોય તેમ લાગ્યું. જાણે કે એ અષ્ટાવક્ર જ નહિ! નાનકડી કઢંગી દેહને સંભાળતો સંભાળતો, એ તો માતામહ ઋષિ ઉદ્દાલક પાસેથી વિદ્યાને જાણે કે પીવા મંડયો હતો! એટલા રસથી વિદ્યા ભણવા મંડયો કે ન પૂછો વાત!

ત્યાર પછી એક દિવસ અચાનક આવીને એ માતા સુજાતા પાસે હાથ જોડીને ઊભો રહ્યો: 'મા! રજા આપો મારે જાવું છે!'

સુજાતાના પેટમાં ધ્રાસકો પડયો: 'અરે! અરે! કયાં જવું છે બેટા? આ શેની તૈયારી છે?'

'હું અને મારા મામા શ્વેતકેતુ, બન્ને જનક-રાજાના દરબારમાં જઈએ છીએ. મા!'

'અરે! અરે! અષ્ટાવક્ર! . . .'

'મા! તમે કહ્યું કે મારા તાતે જલસમાધિ લીધી. ત્યારથી મને નિદ્રા આવી નથી. હું કયારે એ બંદીને હરાવું, એ વિચાર મારા મનમાં રાત દિવસ ઘોળાયા કર્યા છે. હું જનક રાજાના દરબારમાં જઈશ, બંદીને હરાવીશ, એને પણ જલસમાધિ લેવરાવીશ, અને પછી તમારી પાસે આવીશ. મને જવાની રજા આપો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિએ જીવતાં જીવત જલસમાધિ લીધી એ વાત હજી જેના મનમાં રમી રહી હતી તે સુજાતા, પુત્રની આ વાત સાંભળતાં જ ઉંડી વેદનામાં પડી ગઈ! એની આંખમાંથી શ્રાવણ ભાદરવો ચાલી નીકળ્યા!

'બે...ટા! આપણે એવું કરવું નથી...આપણે ત્યાં વિદ્યા દેખાડવા જવું નથી! આપણે આંહીં બહુ સારું છે. આશ્રમ સાચવવો ને મજા કરવી!'

'પણ મા! મને હવે શાંતિ ન મળે. મને શાંતિ તો જ મળે, જો મારા પિતાનું અપૂર્ણ કામ હું પુરું કરું તો. મને તમે રજા આપો!'

મા દીકરાનો આ સંવાદ ચાલે છે ત્યાં તો શ્વેતકેતુ દેખાયો.

એને જોતાં જ સુજાતાએ એને ઉધડો લીધો: 'ભાઈ! તારે ઉપર ઊભા રહીને આ છોકરો ખોવરાવવો છે કે શું છે? મારું રાંકનું આ એક રતન છે એ પણ તારાથી સંખાતું નથી?'

'અરે! બહેન! તું મફતની મુંજાય છે. અષ્ટાવક્રને પિતાજીએ પણ નાણી જોયો છે. અને જવાની રજા આપી છે. એને વાદમાં હરાવે એવો હવે કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માઈનોપૂત જનક દરબારમાં નથી!'

'અરે ભાઇ! એવી ને એવી વિદ્યા એના પિતા પાસે કયાં ન હતી? હોંશિયાર તારો જલમાં જ ડૂબે ભાઇ! મારો તો જીવમાં જીવ બેસી ગયો છે. તમને આવા ઉધામા શીખવાડયા કોણે?'

'કોણ શીખવાડે બહેન? એ ઉધામા વિનાનું જીવન, મૃત્યુ કરતાં વસમું જણાતું હતું. કોઈ પરાક્રમ કર્યા વિના, કેવળ જીવી કાઢવાનું, ઉદ્દાલક આશ્રમમાં, હજી સુધી તો થયું નથી. તમે જવા નહિ દો–તો નહિ જઈએ. પણ પછી આંહીં અમે નહિ હોઇએ. માત્ર યંત્ર જેવા નિર્માલ્ય અમારા દેહ હશે!'

સુજાતાને પણ વાત સાચી લાગી. મામો ભાણેજ બે સાથે એટલે એને કાંઈક ધરપત વળી. છેવટે એણે જવાની રજા આપી. એણે વારંવાર ભાઈને અને પુત્રને નિહાળ્યા જ કર્યા! એક રીતે બન્ને મૃત્યુના મોંમાં જઈ રહ્યા હતા! જનક સભામાં હારે તો જલસમાધિ એમને માથે લટકતી હતી.'

કેટલીયે વાર સુધી એ બન્ને જણાને જતાં જોઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુજાતાની પાસેથી રજા મેળવી મામો ભાણેજ બન્ને, રસ્તે પણ વિદ્યાના કઠિન પ્રશ્નોનો ઉકેલ કરતા, મિથિલા તરફ ચાલ્યા.

મિથિલા નગરીમાં બન્ને જણા પહોંચ્યા તો ખરા, પણ રાજા જનકની વિદ્વદ્સભામાં જેવા તેવાને તો પ્રવેશ પણ મળે નહિ. પહેલાં તો દ્વારપાલજ બે ચાર પ્રશ્નોમાં, આવનારની છત અછત જાણી લે. ત્યાર પછી જ આવનારને અંદર જવાનું મળે !

અષ્ટાવક્રે તો જ્ઞાન ઘોળી પીધું હતું. વળી કુદરતી રીતે નાનપણથી જ એને વિદ્યાની શક્તિ મળી હતી. એટલે દ્વારપાલને તો એનો પ્રત્યુત્તર સાંભળતાં જ ખાત્રી થઈ ગઈ, કે આ ભાઇ ભલે કુબડા ને વાંકા ત્રાંસા જેવા દેખાય છે, પણ એ વાંકા શરીરમાં વસી રહેલો આત્મા ઘણો જ સમર્થ છે !

અષ્ટાવક્ર ને શ્વેતકેતુ બન્ને વિદ્વદ્ પરિષદ્માં ગયા.

હવે આંહીં મિથિલા નગરીમાં એવું બનેલું કે, એક વખત રાજા જનકને એક સ્વપ્ન આવેલું. સ્વપ્નમાં પોતે ભિખારી થઈ ગયો ! પણ જેવો તેવો ભિખારી નહિ, ખીચડીના પણ સાંસા પડે એવો ભિખારી–!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં કયાંકથી થોડુંક ખાવાનું મળ્યું. બુભુક્ષિતની પેઠે રાજા પહેલો કોળિયો ભરવા જાય છે, ત્યાં તો જે, એક બે સાંઢ લડતા લડતા ત્યાં આવી પહોંચ્યા, કે ખીચડું ખીચડાને ઠેકાણે રહ્યું—અને રાજાના મોંમાંથી બૂમ પડી ગઇ ! પણ એ બૂમ પડતાંની સાથે જ એની નિદ્રા પણ ઉડી ગઈ !

પણ એટલામાં તો રાજાની બૂમ સાંભળતાં જ—'મહારાજ મિથિલાધિપતિને ઘણી ખમ્મા !' કહેતા કને ચારે તરફથી સૈનિકો ત્યાં દોડી આવ્યા.

રાજા જાગીને જુએ છે તો પોતે સોનેરી પલંગમાં પોઢયો છે. સુગંધી તૈલના દીપ ચારે તરફ પ્રકાશી રહ્યા છે. ખડી સમશેરની ચોકી ત્યાં ઊભી છે. દ્વારપાલો સાવધાનીની આલબેલ આપી રહ્યા છે. ચારે તરફથી કુસુમની મત્ત સુગંધ લાવતો પવન વાઇ રહ્યો છે ! ત્યાં કેવું હાંડલું ને કેવી ખીચડી ! કયાંય ખીચડાની ગંધ પણ દેખાતી નથી !

પણ રાજા તો મહાજ્ઞાની હતો. એ તો પળેપળે વાતમાંથી જ્ઞાન મેળવતો. એના મનમાં તરત પ્રશ્ન ઉઠયો. આ બે વાતમાં સાચી વાત કઇ ? જો આ દેખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું તે સાચું હોય તો પેલું સ્વપ્ન શા માટે? સ્વપ્નાં ક્યાંથી આવે છે? શા માટે આવે છે? ને ક્યાં રહે છે?

ને જો સ્વપ્નું સાચું હોય તો આ બધી ધમાલ શી?

આ બે વાતમાં કઈ વાત સાચી?

બસ, ત્યારથી રાજાને આ સવાલ જાણવાની તાલાવેલી લાગી. સંસાર સાચો કે ખોટો?

અનેક વિદ્વાનો આવે છે, પણ રાજાનું મન બરાબર સમાધાન પામે તેમ કોઈ બોલી શકતું નથી.

એવામાં આ બે વિદ્વાન ઋષિપુત્રો ત્યાં આવ્યા.

રાજા જનકે તેમને પણ એ જ પ્રશ્ન કર્યો: 'આ સત્ય કે તે સત્ય?' અષ્ટાવક્ર તો તરત જ્ઞાનદૃષ્ટિથી એના પ્રશ્નનું હાર્દ પામી ગયો. તેણે તરત જ કહ્યું: 'મહારાજ! તમને સ્વપ્ન આવ્યું છે. એમાં તમે આ સ્થિતિથી જુદી સ્થિતિ જોઈ છે. પણ મહારાજ! જે વસ્તુ સત્ય છે તેનો એક અચળ નિયમ છે. તે આપણી સાથે રહે છે.

આ સંસાર તમારી સાથે આવવાનો નથી એ હકીકત છે. સ્વપ્નનું દુઃખ સુખ પણ તમને વળગી રહ્યું નથી, એ પણ દેખીતી જ વાત છે. માટે એ બન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખાં મિથ્યા. જે સાથે આવે તે સત્ય. એટલે એ બન્નેને મિથ્યા જાણનારું જ્ઞાન—તે સત્ય!'

અષ્ટાવક્રની વાણીથી રાજા જનકને આનંદ આનંદ થઈ ગયો.

પૃચ્છા કરતાં તો અષ્ટાવક્રની ઓળખાણ મળી!

આંહીં જનક સભામાં પરાજય પામીને થોડાં વર્ષ પહેલાં જેણે જલસમાધિ લીધી કહેવાતી હતી, તે ઋષિ કહોડ, [કહોલનો] આ પુત્ર!

પણ એટલામાં તો બંદીએ પોતે જ કહ્યું કેઃ 'મહારાજ! જે જે ઋષિઓ આંહીં પરાજય પામ્યા હતા–તેમને મેં જલસમાધિની પ્રતિજ્ઞા લેવરાવી હતી ખરી, પણ જલસમાધિ કોઈને લેવા દીધી નથી. તે તમામ સહીસલામત છે. ને વરુણના યજ્ઞમાં ગયા છે. હવે એ પાછા પણ આવશે!'

એ જાણીને તો સૌને વધુ આનંદ થયો. બંદી એમ બોલે છે ત્યાં જ ઋષિ મુનિઓનું એક વૃંદ આવી ચડયું. કહોલ ઋષિ તેમાં હતા.

પછી પિતા પુત્રનો ત્યાં ભેટો થયો. અને અષ્ટાવક્રે રાજા જનકને ઉપદેશ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો આ ઉપદેશ સાંભળીને કહોલ ઋષિને પણ પુત્રની તેજસ્વિતા જણાઇ.

એના જ શાપથી આ અષ્ટાવક્રનાં અંગ વાંકાં થયાં હતાં. કહોલ ઋષિ કોઈ મંત્રનો પાઠ કરે, અને અષ્ટાવક્ર તે વખતે ગર્ભમાં ! તેણે ત્યાંથી પાઠની અશુદ્ધિ બતાવી. પિતાએ ક્રોધ કરીને આઠ અંગ વાંકાં થવાનો શાપ આપ્યો. એ શાપનું નિવારણ કરવા માટે બન્ને પિતાપુત્ર ત્યાંથી, રાજા જનકની રજા લઈને, ઘેર જવા નીકળ્યા. રસ્તામાં એક નદી આવી. મધુવિતા એનું નામ. તેમાં સ્નાન કરવાથી અષ્ટાવક્રનાં અંગ સુરખાં થઈ ગયાં. ત્યારથી એ નદી પણ સમંગા નામે ઓળખાઈ.

આ પ્રમાણે અષ્ટાવક્રે પોતાના પિતાને પાછા મેળવ્યા.

[૧૨] પિપ્પલાદ મુનિ !

દેવ અને દાનવના યુદ્ધમાં દેવોનો વિજય થયો. અને દાનવો હાર્યા. પણ એ એવા બળવાન હતા કે પાછા ફરીને ક્યારે ઊભા થાય તે કહેવાય નહિ ! એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોએ નિર્ણય કર્યો કે જે શસ્ત્રો વડે આપણને વિજય મળ્યો છે તે શસ્ત્રોનો આપણે ત્યાગ કરવો નહિ. ક્યાંક સાચવીને રાખી મૂકવાં.

હવે જો દેવલોકમાં રાખે, તો વખત છે ને, કોઈક અદકપાંસળીનો એમનું ગુપ્ત રહસ્ય પ્રગટ કરી દે કે દાનવોને એમની માહિતી આપી દે. એટલે એમણે વિચાર કર્યો કે એમને એવે સ્થળે રાખવાં કે જ્યાં એમના હોવાની કોઈને શંકા જ ન પડે !

એટલે એ મંડયા કોઈ ઋષિ મુનિનો આશ્રમ શોધવા. શોધતાં શોધતાં એમને દધીચિ ઋષિનો આશ્રમ મળી ગયો. એ આશ્રમ એવો હતો કે ત્યાં કોઈને શંકા જવાનો સંભવ નહિ! ઋષિ દધીચિ મરતાને મેર ન કહે એવા ! એટલા વિનમ્ર, શાંત, તપસ્વી, તમામ પ્રત્યે પ્રેમભર્યા !

દેવોને લાગ્યું કે દૈત્યોને આંહીં શંકા નહિ પડે ! આંહીં શસ્ત્રો સુરક્ષિતપણે પડયાં રહેશે, અને ઋષિ પણ એમને પોતાનાં ગણીને જાળવશે.

એટલે દેવતાઓ ત્યાં થાપણરૂપે શસ્ત્રો મૂકવા આવ્યા. ઋષિપત્ની મહા વ્યવહારુ હતાં. તે વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી ગયાં કે આ કાંઈ જેવી તેવી થાપણ નથી. આ તો કાચો પારો છે. જો જરાક જ ભૂલ થઈ, તો આશ્રમ ઉપર એ દૈત્યોનો દરોડો લાવી મૂકશે. એટલે એમણે ઋષિને વાર્યા. એમનું નામ ગભસ્તિની. લોપામુદ્રાનાં એ બહેન. એટલે તેજસ્વી તો ખરાં જ પણ વ્યવહારકુશળ પણ એવાં. પણ દેવો તો જમાનાના ખાધેલ હતા. તે સમજી ગયા કે શસ્ત્રો જો કયાંય હવે સુરક્ષિત રહી શકે તો આંહીં જ ! બીજો કોઈ એમને રક્ષી નહિ શકે.

એટલે એમણે તો વિજ્ઞપ્તિ કરી, દેવલોકનું રક્ષણ કરવાની વાત કાઢી, ગમે તેમ કરીને ઋષિને શસ્ત્રો જાળવી રાખવાની વારંવાર આગ્રહભરી પ્રાર્થના કરી. ઋષિપત્નીએ ઘણી સમજણ આપી કે આ શસ્ત્રો સાચવવા જતાં ભવિષ્યમાં વખતે દેવો પણ તમારા દુશ્મન થશે ને દૈત્યો પણ આંહીં સંહાર કરવા આવશે. એટલે આ ભારેલો અગ્નિ આપણે આપણા આશ્રમમાં રાખવો જ નહિ.

પણ દેવોની રખડપટ્ટીની સ્થિતિ જોઈને ઋષિનું મન પિગળી ગયું હતું. એમણે હા કહી. અને દેવોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એમનો એક શબ્દ એટલે શું એ ખબર હતી, એટલે શસ્ત્રઅસ્ત્ર ત્યાં મૂકીને એ તો તરત રવાના થઈ ગયા! ઋષિની પાસેથી એ શસ્ત્રઅસ્ત્ર હવે એમના જીવતાં કોઈ જ મેળવી ન શકે, એ વિષે એમને લેશ પણ શંકા ન હતી!

આ વાતને વર્ષો વીતી ગયાં. દૈત્યોએ દેવોનાં શસ્ત્રોનું રહસ્ય મેળવવા આકાશપાતાળ એક કર્યાં, પણ એ રહસ્ય એમને ન મળ્યું તે ન જ મળ્યું! પણ છેવટે એમને કાને ભૂખ એવી સનસા આવી કે એક વખત દેવો દધીચિ ઋષિને આશ્રમે ગયા હતા ખરા! એટલા ઉપરથી એમણે અનુમાન બાંધ્યું કે ત્યારે તો એ શસ્ત્રો ત્યાં જ હોવાં જોઈએ. એમણે તરત એ મેળવવાની નવી નવી યુક્તિઓ શોધવા માંડી! એ પણ જાણતા હતા કે ઋષિના જીવતાં શસ્ત્રો નહિ મળે. ને ઋષિને ત્યાં દરોડો પાડતાં પણ નહિ મળે. મળે તો માત્ર યુક્તિથી જ મળે!

આ બાજુ દેવો પણ ઋષિને ત્યાં ફરકતા નથી. એમને પણ એમ છે કે, ઋષિને ત્યાં આપણે ફરકયા છીએ એટલી નિશાની ઉપર તો દૈત્યો કેક કૌભાંડ રચી કાઢશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તો ગુપ્તમાં ગુપ્ત રાખવાની વાત હતી !

હવે આ તરફ દધીચિ ઋષિને કયાંય નિદ્રા નથી. એમને આ પારકી થાપણ પોતે લીધાનો હવે પશ્ચાતાપ થાય છે. પણ વેણ આપી દીધા પછી હવે શું થાય ?

એમણે પોતાની અદ્‌ભુત શક્તિનો આધાર લીધો. જે જે મંત્ર વડે આ શસ્ત્રઅસ્ત્ર ઉત્પન્ન થયાં હતાં, તે તે મંત્ર વડે શસ્ત્રઅસ્ત્રની પૂજા કરી, અને એ જલ પોતે પી ગયા ! આ વસ્તુ તો એ પોતે એકલા જ જાણતા હતા. હવે ત્યાં શસ્ત્રઅસ્ત્ર તમામ પડયાં છે, પણ જેમ પ્રાણ વિનાનાં શરીર પડયાં હોય તેમ. એમનું બધું તેજ–શક્તિ, પાણી–એ તો ઋષિના દેહમાં પડયાં હતાં !

આ શસ્ત્રઅસ્ત્રની પારકી થાપણ ચોરાતી અટકાવવા આ એક જ ઉપાય હતો. હવે કોઈને એ પાછાં જોતાં હોય તો ઋષિને મારે ત્યારે મળે !

ત્યાર પછી વખત જતાં દેવો એ શસ્ત્રો લેવા આવ્યા. જુએ છે તો શસ્ત્રો ત્યાં છે–પણ એમાંથી જાણે તેજ હણાઈ ગયું છે ! જાણે કે નિર્જીવ ખોખાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય! કોઈના ઉપર મૂકે તો એનાથી એક ચકલું ય ફડકે નહિ!

એમણે ઋષિ પાસે ધમાલ કરી મૂકી કે આ અમારાં શસ્ત્ર જ ન હોય. અને અમારે તો હવે દેવલોકના રક્ષણ માટે પાછું ફરી જુદ્ધે ચડવાનું છે! અમારાં શસ્ત્ર ક્યાં છે? આ તો ખોખાં છે!

ઋષિએ કહ્યું: 'ભાઈઓ! તમે શસ્ત્ર મૂકી ગયા પછી બિલકુલ દેખાયા નહિ. દૈત્યોનો ભય હમેશાં માથે તોળાઈ રહ્યો હતો. તમારાં શસ્ત્રો એમને હાથે જાય તો મેં આપેલું વચન ફોક થાય. એટલે વચન આપવાની અમારા વંશની કૈક યુગોની પ્રતિષ્ઠા પાણીમાં મળે! અમારી પાસે બીજી તો કઈ સમૃદ્ધિ હતી? આ મહાન સમૃદ્ધિ કે સિદ્ધિ જે ગણો તે, અમારી પરંપરામાં કૈક વર્ષોથી ચાલી આવતી, વચન પાલનની આ મહત્તા હતી. એ કેમ ફોક થવા દેવાય? અને એ ફોક થવા દેવી ન હોય તો તમારાં શસ્ત્રઅસ્ત્ર તો જાળવીને તમને પાછાં સોંપવાં જ રહ્યાં—પછી જીવતે કે મૂએ. એટલે એ તમારાં શસ્ત્રઅસ્ત્ર સહીસલામત પડયાં છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ આ તો ખોખાં છે—એમને અમે લઈ જઈને પણ શું કરીએ? એમનાથી દૈત્યોની વાત તો બાજુએ રહી—એક ચરકલડું ય ફફડે તેમ નથી!'

'તમારી વાત બરાબર છે. તમારાં શસ્ત્રોનું તેજ મારામાં વસી રહ્યું છે. પણ એ હવે તમને મળે તો જ—જો તમે મને હણીને મારાં અસ્થિ લઈ જાઓ તો!'

'અરે! આ તે કાંઇ વાત છે?' દેવોએ ધમાલ કરી મૂકી. 'અમે દેવો થઇને જીવતા બ્રાહ્મણને હણવાનું દુષ્ટ કર્મ કરીએ? એવી બ્રહ્મહત્યા અમારે વહોરવી નથી!'

'તો પછી તમારે અત્યારે ખોખાંથી સંતોષ માનવો રહ્યો—અને મારા કુદરતી મૃત્યુની રાહ જોવી રહી!'

દેવોને આ વાત તો આકરી પડી જતી લાગી. ઋષિ તો કોણ જાણે ક્યારે મરે? ત્યાં સુધી રાહ જોવી કેમ પોસાય? એમણે કહ્યું: 'ઋષિરાજ! રાહ જોતા અમે બેસીએ તો ખરા, પણ આંહીં તો દેવભૂમિ રહેશે કે જાશે એવો મહા યુદ્ધનો પ્રશ્ન ખડો થયો છે. તમે શસ્ત્રઅસ્ત્ર આપો તો દેવભૂમિ બચે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારે સત્યવ્રતનું યાથાર્થ પાલન કરવું જ હોય તો તમારે શું કરવું જોઇએ એ અમારે કહેવાનું હોય નહિ ! વખત બહુ થોડો છે, ને હરેક પળ અમારે માટે તો કીમતી છે ! '

ઋષિ ક્ષણ બે ક્ષણ આંખો મીંચી ગયા. એમણે આશ્રમમાં નજર કરી. ગભસ્તિની કયાંય દેખાતાં ન હતાં. એ કોઈ કામે બહાર ગયાં હતાં.

પણ થાપણ માગનારો થાપણ પાછી માગવા આવે, પછી વિચાર માટે વખત માગવાનો હોય જ નહિ. એટલે ઋષિએ મનમાં નિર્ણય કર્યો. ગભસ્તિ-ની ઘેર હોય કે ન હોય, આ આશ્રમમાં જયાં જન્મ-મરણ બન્ને મહોત્સવ સમાન છે, ત્યાં આમને ખોટી શું કરવા કરવા ?

એ તો તરત ત્યાં બદ્ધપદ્માસન થઈને બેસી ગયા. સ્વેચ્છાથી પ્રાણત્યાગ કરી નાખ્યો. કેવળ એમનું સ્થૂળ શરીર ત્યાં રહ્યું !

એ ઋષિનાં હાડકાં મેળવીને દેવોએ અદ્ભુત વજ્ર તૈયાર કરાવ્યું.

આ તરફ ગભસ્તિની અરણ્યમાંથી પાછાં ફર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુએ છે તો ઋષિનો સ્થૂળ દેહ માત્ર—થોડોક અવશેષ પડયો છે !

પોતાના ગર્ભમાં બાળક હતો. તેને જાળવવા માટે થઇને એ વખતે તો એમણે દેહત્યાગ ન કર્યો. પણ પ્રસવ પછી એને કેવળ ઈશ્વરાધારે મૂકવાની વજ્જર કરતાં પણ કઠણ છાતી કરી. અને વનદેવતાઓને બાળકનું રક્ષણ સોંપીને પોતે સતી થઇ ગયાં! આ બાળક તે પિપ્પલાદ મુનિ.

પિપ્પલાદ મોટો થયો. પણ સૃષ્ટિનો એક નિયમ છે. અન્યાય સો વર્ષે પણ જવાબ માગે જ માગે. પિપ્પલાદે પોતાના પિતાનો ઈતિહાસ સાંભળ્યો અને એનું મન ખારું ધુધવાડ થઈ ગયું. એનું હૃદય વૈર લેવાની ધૂનમાં ચડી ગયું. પોતાના પિતાને હણનારને હણવા માટે, એણે ભગવાન શંકરની ઉપાસના આદરી.

એની આ ઉપાસના જેવી તેવી ન હતી. ગૌતમી નદીના તટ ઉપર આસન લગાવીને એ બેસી ગયો.

સેંકડો પ્રલોભનો ત્યાં હમેશાં આવે છે. રૂપ રૂપના ભંડાર સમી નારીઓ જલમાં નાહવા ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. પણ આ ઋષિપુત્ર નથી દિવસ જાણતો, નથી રાત જોતો, બસ પોતાના તપમાં તલ્લીન છે!

એમ કરતાં ભગવાન શંકર પ્રસન્ન થયા. ભગવાન શંકરનું કલ્યાણકારી નિર્મળ સ્વરૂપ એના અંતરમાં પ્રગટયું.

જાહ્નવીની જળધારા એમના મસ્તકમાંથી ચાલી રહી છે. ચંદ્રની નિર્મળ જ્યોત્સ્ના ત્યાં રેલાઈ રહી છે. નંદી પોઠિયો ત્યાં છાનોમાનો બેસીને પોતાના કાન માંડી રહ્યો છે. ભગવાન શંકરનો વિષધર જાણે શાંત બની ગયો છે. એનું ડમરૂ મુંગું બેઠું છે. ભગવાન શંકર મંગલમયે સ્વરૂપે એની સામે દેખાયા.

પિપ્પલાદ બે હાથ જોડીને ભગવાનને નમ્યો. પણ તરત જ તીખી દૃઢતાથી બોલ્યો: 'હે ભગવાન! આપનું આ પરમ મંગલકારી રૂપ મને ખપતું નથી. મારે તો આપનું ડમરૂ બજાવંત, વિષધર ફુંફાડા મારતા હોય તેવું, ભયંકર રૂપ જોવું છે! મારે જે વરદાન માગવાનું છે તે એની પાસે. આપની પાસે નહિ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન શંકર પણ આ જુવાન પિપ્પલાદની વૈરની ધુન જોઈને નવાઈ પામ્યા. ને હસીને બોલ્યા:

'અલ્યા! એ જુવાન! આટલું બધું તેં શું વેઠયું છે કે હૃદયનો ખૂણે ખૂણો આવો કડવો થઈ ગયો છે? મારા ભીષણ રૂપને કોઈ ભક્ત પણ જોવા માગતો નથી—આજ તારી આ વાત નવી નવાઇની સાંભળી. ભીષણ રૂપ તો પ્રલયસમે જોવાનું છે!'

'ત્યારે મારે હે ભગવાન! એ પ્રલયનું કામ છે. જનમ જનમાંતરમાં પણ ન ભૂલાય એવું વૈર મારા દિલમાં બેઠું છે. મારા પિતાને જેમણે ભોળવીને હણી નાખ્યા છે—એમને મારે હણી નાખવા છે. એ હણનારો ખુદ ઇંદ્ર હોય—તો એ ઇંદ્રને હંફાવવા માટે, મેં આપના રૂદ્રરૂપની આરાધના માંડી છે. મારે ભગવાન શંકર નહિ, મંગલસ્વરૂપ શિવ નહિ, ભગવાન રૂદ્રનો ખપ છે! એ રૂપે આવો પ્રભુ! પછી હું વરદાન માગું!

'પણ અલ્યા એ જુવાન! વૈરની યાદ તાજી રાખનારો માણસ પણ ગણાતો નથી. તું ઋષિનો પુત્ર છે. તારા પિતાએ તો દેવોના જુદ્ધ માટે દેહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્પણ કર્યો છે—એમ સમજવાનું છે. આ તને શું સૂજ્યું છે!'

'હે ભગવાન! મારા પિતાના અન્યાયી મૃત્યુ પછી મારી માતા મને જન્મ આપવા પૂરતાં પૃથ્વી ઉપર રહ્યાં—પણ મારો જન્મ થયો કે તરત મને વન-દેવતાની સંભાળમાં સોંપી પોતે દેહ અર્પી દીધો! એમના એ હૃદયમાં કેટલું દુઃખ હશે, કેટલો સંતાપ હશે, કેટલો અગ્નિ હશે—મારે એ અગ્નિની ઉપાસના છે હે ભગવાન! મારે બીજી કોઈ મૂર્તિ ખપતી નથી!

હું ભલે અસુર ગણાઉં. મારે તો વૈર—વૈર—પિતાનું વૈર લેવું છે!'

'તું કૈલાસમાં આવ હે જુવાન! હું તને મારો ભંડારી બનાવું!'

પિપ્પલાદે હસીને કહ્યુ: 'વૈભવનું નામ સાંભળીને તો મને કીડીઓ ચડે છે! મારી માએ મને તજી દીધો પછી હું પીપરનાં પાન ખાઈને તો મોટો થયો—એટલે તો મારું નામ પિપ્પલાદ પડયું છે. પિપ્પલાદ પૈસાને શું કરે? મારે તો ભયંકરતા જોવી છે. પૃથ્વીમાં ઉતારવી છે. તમામ અન્યાયીને બતાવવી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને હસીને કહ્યું: 'તો ભલે તેમ હો. તને હવે તારી ઉગ્રતા જ શમતા શીખવશે. ત્યારે જો બેટા! જે રૂપ તારે નિહાળવું છે, એ રૂદ્રરૂપ તો, જ્યારે સૃષ્ટિનો સંહાર થવાનો હોય ત્યારે પ્રગટે છે. ત્યારે પૃથ્વી હાલક ડોલક થાય છે. પર્વતો તણખલા જેવા બને છે. સરિતાનાં જળ અગ્નિમય બને છે. ઉગ્ર અગ્નિદાહ તમામ વસ્તુને ભરખી જાય છે. ત્યારે માતા, સ્ત્રી, ભગિની, નારીનું કોઈ રૂપ પવિત્ર રહેતું નથી. ત્યારે માણસો પિશાચ જેવાં બને છે. પિપ્પલાદ! તારે એ રૂપ જોવું છે!'

'પિપ્પલાદે વજ્જર જેવો જવાબ વાળ્યો: 'હા ભગવાન! મારે એ રૂપ જોવું છે!'

'જે યુગાંતે પ્રગટે છે તે?'

'હા ભગવાન! એ. મને મુનિ પરશુરામની, હણી નાખનારી પરશુ—આ જનોઈ કરતાં વધારે જગત ઉદ્ધારક લાગી છે!'

'ત્યારે જો પિપ્પલાદ! એક દિવસ તું એ રૂપ જોશે. અગ્નિની શિખા જેવું મારું ત્રીજું નેત્ર તારા હૃદયમાં પ્રગટશે. ત્યારે એ રૂપ તને જોવા મળશે. પણ બેટા! એમાં આનંદ નહિ મળે હો—તારી ઉગ્રતા તને જ ભરખી જાશે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બીજાને ભરખ્યા પછી ભલે મને ભરખી જાય ભગવાન!'

એક મૃદુ પ્રેમભર્યું હાસ્ય માત્ર સંભળાયું. ભગવાન અદૃશ્ય થઈ ગયા હતા.

ત્યાર પછી એક દિવસ પિપ્પલાદના હૃદયમાં ભગવાન રૂદ્રના ત્રીજા નયનનો સાક્ષાત્કાર થયો. અગ્નિની બાળી નાખે તેવી શિખા જાણે ત્યાં પ્રજ્જ-વલી રહી હતી! એને કોઈ સમાવી શકે નહિ. કોઈ જોઈ શકે નહિ. કોઈ જાણી શકે નહિ. કેવળ પિપ્પલા-દને એનાં દર્શન થયાં!

પછી એ અગ્નિશિખામાંથી એક કૃત્યા પેદા થઈ. પેદા થતાંની સાથે જ એ તો સર્વભક્ષીની જેમ—ખાઉં ખાઉં કરતી બોલી: 'બોલ ઋષિપુત્ર! કોનો નાશ કરવો છે?'

પિપ્પલાદે કહ્યું: 'તમામ દેવોનો!'

'તમામ દેવોનો?'

'હા...'

પિપ્પલાદે હા કહી અને તરત જ કૃત્યાએ એને પકડયો.

'અરે! મારો નહિ—મારો નહિ, દેવોનો નાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો છે !'

'પણ એ માટે માણસનો નાશ પહેલો કરવો રહ્યો. દેવત્વનો અંશ પણ નહોય એવો કોઈ માણસ જ નથી. માટે પહેલો ભોગ—તારો !'

પિપ્પલાદ તો સાંભળીને આભો જ બની ગયો. પણ કૃત્યાની અગ્નિશિખા જેવી ભયંકર જિહ્વા ત્યાં સામે જ લસલસી રહી હતી !

પિપ્પલાદને એ વખતે ભગવાન શંકરના શબ્દો સાંભળ્યા: 'વૈરની ધૂન પહેલાં માણસમાંથી માણસાઇ લઇ લે છે ! એને અસુર બનાવે છે.'

તેણે મુંગા મુંગા ભગવાનના મંગલ રૂપની પ્રાર્થના કરવા માંડી.

ભગવાન શંકરે ફરીને એના અંતરમાં પ્રકાશ રેલાવ્યો: 'હે મુનિકુમાર ! મેં તને પહેલેથી કહ્યું ન હતું કે, જે વૈરનો અગ્નિ જાગતો રાખે છે, તે પોતાનું જ ઘર બાળે છે. ઘર બાળીને તીરથ કરવા જેવી આ વાત છે. આ કૃત્યા હવે તો તારો જ પહેલાં નાશ કરશે—પછી બધાનો . . .'

'પણ ભગવાન! એ તો આપઘાતનો પંથ થયો!' પ્રત્યુત્તર આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે ઋષિપુત્ર! વૈર તમામ આપઘાતને જ નોતરે છે!'

'પણ ત્યારે ભગવાન! મારે આ કૃત્યાનું કામ નથી. એને હવે શમાવી દો! મારે વૈર લેવું નથી!'

'એને હવે તું જ શમાવી શકશે હે પિપ્પલાદ! તારે વૈર લેવું નથી–એ ભાવના વડે જ એ હવે શમે. એ અગ્નિજવાલા ત્યારે જલરૂપે પછી વહી જશે!'

કથા કહે છે કે પિપ્પલાદે શમાવેલી એ કૃત્યા પછી પાંચ નદી રૂપે વહી ગઇ.

પણ ત્યારથી ઋષિકુમારના અંતરમાં એક ગાંઠ બંધાઈ ગઇ.

જે વૈરને જાગતું રાખે છે તે પોતાનું જ ઘર બાળે છે!

[૧૩] ગાર્ગી

મિથિલા નગરીમાં રાજા જનકે યજ્ઞ આદર્યો. દેશ વિદેશના બ્રાહ્મણો, ઋષિઓ, મુનિઓ ત્યાં આવ્યા. એ બધાને ત્યાં એકસાથે જોઈને રાજા જનકના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં એક નવી નવાઈની વાત ઊભી થઈ. એને એમ થયું કે આટલા બધા વિદ્વાનોમાં સર્વશ્રેષ્ઠ કોણ હશે?

હવે સર્વશ્રેષ્ઠ કોણ છે એ શી રીતે ખબર પડે?

પૂછવા નીકળે તો કાંઇ પત્તો લાગે નહિ. મત લેવા બેસે તો એમાં પણ મતભેદ જ મળે. પણ જેની વિદ્વતા વિષે બે મત જ ન હોય, એવો સર્વશ્રેષ્ઠ આમાં કોઈક તો હોવો જ જોઈએ.

રાજા જનકે પરીક્ષાની એક રીત શોધી કાઢી. એને એમ થયું કે પૂછવાથી તો કોઈ નહિ કહે કે હું શ્રેષ્ઠ છું! પણ આપણે એક વાડામાં એક હજાર ગાયો પૂરો. એ ગાયોને શીંગડે સોનામહોરો બંધાવો. પછી ઘોષણા કરાવો કે જે સર્વોત્તમ બ્રાહ્મણશ્રેષ્ઠ હોય, જે બ્રહ્મનિષ્ઠ હોય, તે આ ગાયો લઈ જાય!'

રાજા જનકની એ ઘોષણા સૌએ સાંભળી.

પણ આંહીં જ્યાં સેંકડો બ્રાહ્મણપુત્રો આવ્યા હતા, ત્યાં કોની પાસે કેવી અગાધ વિદ્યા હશે, એનો શું પત્તો લાગે? એટલે આ હજાર ગાયોને લેવા માટે કોઈ આગળ આવવા હિમ્મત કરતો નથી.

સુંદર કામધેનુ જેવી એકહજાર ગાયનું જુથ ત્યાં ઊભું છે. દરેક ગાય શણગારેલી છે. દરેકને શીંગડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનામહોરો બાંધી છે. પણ હિમ્મત કોની ચાલે કે પોતાને સર્વશ્રેષ્ઠ ગણાવે? ઊભો થઈને ગણાવે ને બીજો કોઈ વિદ્વાન એને બ્રહ્મ વિદ્યાના પ્રશ્નો પૂછીને હંફાવી દે તો? હાથે કરીને પોતાની આબરૂના કાંકરા થાય! એટલે કોઈ ઊભું થતું નથી.

એવામાં એક ઋષિ ઊભા થયા. યાજ્ઞવલ્કય એનું નામ. થોડીવાર એ વિદ્વદ્સભા તરફ જોઈ રહ્યા. પછી પોતાના શિષ્ય સામશ્રવાને તેણે શાંતિથી કહ્યું: 'સામશ્રવા! આ ગાયો આપણે હાંકી લ્યો!'

એનાં એવાં વેણ સાંભળતાં તો મોટો કોલાહલ થઈ પડયો. પ્રશ્નો પૂછાવા મંડયા: 'એ કોણ પોતાને વિદ્વાનોમાં શિરોમણિ માને છે? કોણ છે એ? બ્રહ્મ વિષે એ શું જાણે છે?'

જનકરાજાનો પુરોહિત આશ્વલ પ્રશ્ન કરવા ઊભો થઈ ગયો:

'યાજ્ઞવલ્કય! તું શું અમારામાં સૌથી શ્રેષ્ઠ છે કે આ ગાયો લઈ જાય છે? તું શું બ્રહ્મનિષ્ઠ છે?'

લેશ પણ શાંતિ ખોયા વિના યાજ્ઞવલ્કયે જવાબ વાળ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમે શ્રેષ્ઠતાનો દાવો કર્યો નથી. અમે તો માત્ર ધેનુઓ લઈ જવાની વાત કરી છે. પણ હવે તમે તમારી વાત શરૂ કરોને!'

આશ્વલે યાજ્ઞવલ્કયને કહ્યું: 'હે યાજ્ઞવલ્કય! સૌ કોઈ મૃત્યુને આધીન છે. ત્યારે યજ્ઞ કરનારો માણસ શી રીતે મૃત્યુને જીતે છે?'

'વાણી એ એક જ એવી શક્તિ છે, આશ્વલ! જે મૃત્યુને હંફાવે છે. આજથી સો વર્ષ પહેલાંનો—કે આજથી હજાર વર્ષ પહેલાંનો માણસ—આપણી વચ્ચે, કેવળ વાણીને લીધે, જાણે કે જીવે છે! આપણે એને જાણે કે બોલતાં સાંભળીએ છીએ. એવું એ વાણીમાં બળ છે. પણ વાણીનું એ બળ—એ અગ્નિમાંથી જન્મે છે. અગ્નિ જેમ બધાને ભસ્મ કરે છે, અને તેજ પણ આપે છે, તેમ જે દોષોને ભસ્મ કરે છે, અને અનુભવની સરાણે વાણીને તેજસ્વી બનાવે છે, તે અમર વાણી કહી શકે છે. એ વાણી જીવે છે. એટલે મેં કહ્યું કે હોતા—યજ્ઞ કરનારો—વાણી વડે મૃત્યુ જીતે છે."

ત્યારપછી જે સંવાદ થયો, એમાં એક પછી એક બીજા વિદ્વાનો પણ ઊભા થતા ગયા. કોઈએ કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછયું. કોઇએ બીજું પૂછયું. પરંતુ લેશ પણ થડકયા વિના યજ્ઞવલ્કયે સૌને એવા તો સુંદર પ્રત્યુત્તરો આપ્યા કે સૌનાં મોં ઝાંખાં પડી ગયાં! યાજ્ઞવલ્કયની પાસે એવી વિદ્વતા હતી કે જેની પાસે સૌની વિદ્વતા પાણી ભરે!

જ્યારે સૌ હાંફી ગયા ત્યારે ગાર્ગી ઊભી થઈ. એ વિદ્વાનની પણ વિદ્વાન ગણાતી. તેણે કહ્યું: 'હું હવે બે પ્રશ્નો પૂછું?'

'પૂછોને' યાજ્ઞવલ્કયે કહ્યું.

'આ જગત્ શેમાં રહ્યું છે? જેવી રીતે તાણા-વાણા થઈને વસ્ત્ર બને છે, તાણાવાણા છુટા કરો—એટલે ત્યાં કેવું વસ્ત્ર ને કેવી વાત!—તેમ આ જગત્ એ શેમાં રહ્યું છે!'

'હે ગાર્ગી! જેમ વસ્ત્ર એ તાણાવાણાને આધારે છે, તેમ જગત્ એ એક બીજા જગત્ને આધારે છે. તાણાવાણા વણાતા જાય છે તેમ વસ્ત્ર થાય છે. એવી રીતે જે જગત્ દેખાય છે તે સ્થૂળ જગત્ છે. પણ તે છે, સૂક્ષ્મ જગત્ને આધારે. એને અવકાશ—કહો તો ચાલે. કારણ કે ઘણાને માટે એ જગત્ છેજ નહિ! ખાલી આકાશ જ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે યાજ્ઞવલ્કય! ત્યારે હું એક બીજો પ્રશ્ન પૂછું છું.'

'પૂછો!'

'આ બીજું સૂક્ષ્મ જગત્ છે, એ શેમાં ઓત-પ્રોત છે?'

'સ્થૂલ જગત્ સૂક્ષ્મ જગત્ને લીધે છે. પણ સૂક્ષ્મ જગત્ કારણ જગત્ને લીધે છે. જેમ આ મારી આંખ છે તે સ્થૂળ છે. તે જોવાનું કામ કરે છે. પણ ખરી રીતે એનામાં એ જોવાની શક્તિ ક્યાંથી આવી? આંખ જોવાનું કામ કરે, નાક સુંઘવાનું કામ કરે, એવી અતિ સૂક્ષ્મ રચના કોણે કરી? એ રચના જેની સાક્ષીથી ચાલી રહી છે, તે મારું સૂક્ષ્મ જગત્. એને હું આંખની પણ આંખ ગણું. પણ એ આંખની પણ આંખ, જેની આજ્ઞા વિના ફરકી શકતી નથી, તે અવિનાશી છે. તે જ ખરા કારણરૂપ છે. કોઈ આંહીં રહે—હજારો વર્ષ રહે, બધાં શાસ્ત્રો વાંચે, પણ જો આ અવિનાશી તત્ત્વ વિષે કાંઈ જ જાણે નહિ, તો એનું જીવ્યું બધું ફોક! એ જીવ્યો ન જીવ્યો. એ સૂક્ષ્મતત્ત્વ આંખે જોવાય તેમ નથી. કારણ કે એ પોતે જ આંખને તેજ આપી રહ્યું છે. આંખ પોતે પોતાને શી રીતે જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે? કાન પોતે પોતાને શી રીતે સાંભળે? હવે આ સૂક્ષ્મ તત્ત્વ એ બુદ્ધિથી મેળવાય તેમ નથી. કારણ કે એના વડે જ બુદ્ધિ કામ કરે છે. પણ એના સિવાય–બીજું કાંઈ જ નથી. એને જ બ્રહ્મનિષ્ઠો અવિનાશી અક્ષર બ્રહ્મ કહે છે. જે એને અનુભવે–એને પછી બીજું કાંઇ અનુભવવાનું ન રહે. કાંઈ મેળવવાનું ન રહે. કાંઈ જાણવાનું ન રહે. આ અવિનાશી બ્રહ્મ જ બધાના મૂળમાં છે. પાંદડું હાલે તો એની ઇચ્છાથી. ધરતી-કંપો થાય તો એની ઇચ્છાથી. એની ઇચ્છા જે જાણી શકે તે બ્રહ્મનિષ્ઠ–કારણ કે એ બ્રહ્મમાં રહ્યો છે. ને બ્રહ્મ એનામાં રહ્યું છે.'

યાજ્ઞવાલ્કયની અનુભવવાણી સાંભળીને ગાર્ગી છક્ક થઈ ગઇ. એ સમજી ગઈ કે તમામ વિદ્વાનોએ અભ્યાસ કર્યો હતો. આ યોગીએ તો બ્રહ્મનો અનુભવ કર્યો હતો. એની વાણીની તોલે કોઇની વાણી ન આવે. તે બે હાથ જોડીને બોલી: 'હે બ્રાહ્મણો! આના પરાજયનો વિચાર છોડો. આની પાસેની વાણી કોણ જાણે ક્યાંથી આવી રહી છે!'

પછી યાજ્ઞવલ્કયને શકલના પુત્રે એક અટપટો પ્રશ્ન પૂછ્યો: 'હે યાજ્ઞવલ્કય! દેવ કેટલા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે યાજ્ઞવલ્કયે તો એક જૂના મંત્રને આધારે કહ્યું કે ત્રણહજાર ત્રણસો અને છ.

પણ આ દેવનો અર્થ સમજવા જેવો છે. આપણે "આંખના દેવતા ઉઠી ગયા" એમ કહીએ છીએ. 'વાણીના દેવતા ગયા!' એમ કહીએ છીએ. માણસ મરણોન્મુખ થતો હોય ત્યારે આ પ્રમાણે આપણે બોલીએ છીએ. એનો અર્થ એ કે દેવતા—એ એક પ્રકારની એવી આંતરશક્તિ છે કે જેને આધારે ઇંદ્રિયો કામ કરે છે. આવી શક્તિઓ, કોઈએ ત્રણ હજાર ત્રણસો અને છ કહી છે, જે માનવ શરીરને અનેકવિધ કામમાં પ્રેરે છે.

એટલે યાજ્ઞવલ્કયે કહ્યું: 'ત્રણ હજાર ત્રણસો અને છ'

પણ તરત જ શકલના પુત્રે ફરીને પૂછ્યું: 'એ તો બરાબર. છતાં ખરેખર દેવ કેટલા?'

'તેત્રીસ!' યાજ્ઞવલ્કયે કહ્યું.

'એ પણ બરાબર. પણ હજી ફરીને કહો—દેવતા કેટલા?'

'ત્રણ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ પણ બરાબર—પરંતુ ખરેખર કેટલા?'

'એક!'

યાજ્ઞવલ્કયનો છેલ્લો જવાબ સૂચક હતો. જે કાંઇ છે તે પ્રાણને આધારે છે. પ્રાણ શરીરમાં હોય, તો સત્ત્વવૃત્તિ, રાજસીવૃત્તિ, તમોવૃત્તિ—એમ વૃત્તિઓ ઊભી થાય. ન હોય તો શું ઊભું થાય? કાંઇ જ નહિ! માટે છેવટે તો એક જ રહે છે: પ્રાણ!

અને એ પ્રાણ પણ—મહાપ્રાણમાં સમાઈ જાય છે!

એટલે જેટલાં શરીર એટલા પ્રાણ. પણ શરીરના ચોકા નોખા નોખા. છતાં પ્રાણ તો બધાના એક. જેટલા પ્રાણ—એટલાં જુદાં જુદાં શરીર દેખાય. તમામ પ્રાણોનો છેવટનો આધાર—મહાપ્રાણ. એ અમર. એને મરણ નહિ, જન્મ નહિ. ઘટવાપણું નહિ. વધવાપણું નહિ. એની જ આ બધી લીલા.

આ યાજ્ઞવલ્કયનો ઇતિહાસ જાણવા જેવો છે. તે વૈશંપાયનના શિષ્ય—પણ આ વૈશંપાયન તે મહાભારતના વૈશંપાયન નહિ. 'વૈશંપાયન એણી પેર બોલ્યા, તું સાંભળ જનમેજય રાયે' એમ જે મહાભારતની કથામાં આવે છે, તે વૈશંપાયન આ નહિ. આ બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. તે પણ જ્ઞાની હતા. પણ યાજ્ઞવલ્કયે તો ઘણું જ્ઞાન પોતાની જાતે પ્રાપ્ત કરેલું. એનો મુખ્ય વિષય જ યોગનો. 'અહં બ્રહ્માસ્મિ' એ ગૌરવભરેલા મહાવાક્યના બોલનારા. એ હું આત્મા જ છું. અને આત્મા જ પરમાત્મા છે. એટલે સુખ, દુઃખ, શોક, મોહ, લોભ, વાસના, પાપ એ કોઈ ખરી રીતે માણસ માટે છે જ નહિ. માણસનો સાચો વારસો તો કેવળ એક જ પદાર્થ માટે છે. આનંદ માટે—એ આનંદ—એવો છે કે જેનું કોઈ વર્ણન કરી શકતું નથી. કારણ કે એ વર્ણનનો વિષય નથી, અનુભવનો વિષય છે. આપણે સાકર ગળી છે એમ બોલીએ, પણ જો કોઈ એમ પૂછે કે કેવી ગળી? તો એ અનુભવ એને સમજાવી શકીએ નહિ. એના જેવો આ આનંદનો વિષય છે.

આ યાજ્ઞવલ્કયને બે પત્ની હતી. એકનું નામ મૈત્રેયી. બીજીનું નામ કાત્યાયની. આમાંથી કાત્યાયનીને લીધે એનો જીવનવ્યવહાર સચવાતો. તો મૈત્રેયી—એના તત્ત્વજ્ઞાનમાં રસ લેનારી તેજસ્વી નારી હતી.

એક વખત યાજ્ઞવલ્કયને વિચાર થયો કે વનમાં એકાંતમાં રહેવું જોઈએ. એ અનુભવ વળી કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું જ સત્ય આપી જશે.

એટલે એમણે તો તરત, જે ક્ષણે વૈરાગ્ય આવે તે જ ક્ષણે સંસાર છોડી દેવો, એ સૂત્ર પ્રમાણે વનમાં જવાની તૈયારી કરી. બન્ને સ્ત્રીઓને બોલાવી એમના વચ્ચે સરખા ભાગ પાડી દીધા કે પાછળથી કોઈ કાંઇ બોલે નહિ!

પણ એમાંથી મૈત્રેયીને તો એમણે તત્ત્વજ્ઞાનનો રસ ચખાડયો હતો. એને ખબર હતી, કે ધન, વૈભવ ને મોટાં મોટાં રાજ–અરે! આ આખી પૃથ્વી પણ, પ્રાણ જતાંની સાથે, આંહીં જ રહી જાય છે. માટે સૌથી અમૂલ્ય પદાર્થ માણસનો પ્રાણ–આત્મા છે. એ જે કાંઇ આંહીંથી પોતાની સાથે ઉપાડી જતો હોય, વાસના, કર્મ કે સ્મૃતિ–એમના વિષે વધારેમાં વધારે શોધખોળ કરવામાં જ ખરી મજા રહી છે. એટલે એણે યાજ્ઞવલ્કયને કહ્યું: 'તમે મને આ ધનસંપત્તિ તો આપી. પણ એ ધનસંપત્તિ વડે હું અમરત્વ પામીશ?'

'અમરત્વ? ના રે ના, મૈત્રેયી, તારા આ પ્રશ્નથી તો તું મને વધુ પ્રિય લાગે છે. કારણ કે એમાં જ્ઞાનની સાચી જિજ્ઞાસા રહી છે. ધનસંપત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી પૃથ્વીની ભેગી કરો--તો પણ અમરત્વ ન મળે!'

'ત્યારે એ જે રીતે મળે તે રીત મને બતાવો. મારે તો એનું કામ છે!'

'જો મૈત્રેયી! આ દુનિયામાં જે કાંઈ આપણને પ્રિય લાગે છે, તે ખરી રીતે, આત્મા છે, એટલે પ્રિય લાગે છે. આત્મા ન હોય તો એમાંનું કાંઇ જ પ્રિય નહિ લાગે. મરી ગયેલા મનુષ્યને એક કરોડ ધેનુઓ આપો તો પણ એનું રૂંવાડું નહિ ફરકે! એનો અર્થ તો એ થયો કે સૌથી વધારે જાણવા જેવું આત્મા વિષે છે. આ આત્મા તમામ પ્રાણીઓમાં એકજ રીતે રહે છે. ચેતના રૂપે. જ્ઞાન રૂપે. અવાજ તમારે સાંભળવો હોય તો કર્ણેન્દ્રિયનો ખપ પડે. પણ આત્મા વિના કર્ણેન્દ્રિય પણ કાંઇ કામ નહિ કરે. માટે તમામ અવાજ, તમામ રૂપ, તમામ આનંદ, તમામ વિદ્યા, તમામ મનોરથો, એ બધું આત્માને આધારે છે. આત્મા ગયો કે ખેલ ખલાસ!'

'અરે! પણ આ તો ક્ષણિકજીવન વિષે ગુંચવાડો ઊભો થાય તેવું છે!'

'પણ મૈત્રેયી! એમાં કાંઈ જ ક્ષણિક નથી. આત્મા તો અવિનાશી છે. એ એનો ધર્મ છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માને તમે જાણો--એટલે તેની સર્વવ્યાપકતા જોઈને છક્ક થઇ જાઓ. પછી તો 'સુંગે કુ સુપનો ભયો--સમજ સમજ હરખાય' એવી આનંદમય અવસ્થા આવે. આના કરતાં વધારે જ્ઞાન કયાંય નથી. આત્મજ્ઞાન થયું કે માણસ અમર થઈ ગયો.

[૧૪] પ્રાણ જ બળવાન છે!

એકવાર નારદજી ફરતા ફરતા સનત્કુમાર પાસે જઈ ચડયા. સનત્કુમાર મોટા બ્રહ્મનિષ્ટ ઋષિવર હતા. જેવી રીતે વીજળીની વાતો જાણનારો આપણને વીજળી વિષે ઘણું ઘણું નવું જ્ઞાન આપી શકે, ને સમજાવી શકે તેમ બ્રહ્મની વાતો જાણનારો, બ્રહ્મ વિષે કહી શકે. એટલે સનત્કુમારને નારદજીએ કહ્યું કે 'મહારાજ! મને ઉપદેશ કરો!'

સનત્કુમારે કહ્યું: 'પહેલાં તમે જે જાણતા હો તે મને કહો. એટલે પછી મારે કયાંથી પગથિયું માંડવું એ મને ખબર પડે.'

ત્યારે નારદજી બોલ્યા: 'હું ચાર વેદ જાણું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ ભણ્યો છું. ગણિત શીખ્યો છું. તર્ક શાસ્ત્ર મને આવડે છે. નીતિશાસ્ત્ર પણ શીખ્યો છું. જ્યોતિષ જાણું છું. આ પ્રમાણે આ બધી વિદ્યાઓ, જેમનો આધાર મનની એકાગ્રતા ઉપર છે અને અભ્યાસની એકાગ્રતા ઉપર છે, એ હું જાણું છું. પણ આત્મ-જ્ઞાનનો કક્કો મને સમજાયો નથી. અને મનને સાચી શાંતિ તો એના વિના મળતી નથી. માટે મારે આત્મ-જ્ઞાન વિષે જાણવું છે!'

સનત્કુમારે કહ્યું કે ત્યારે તમે આ બધું જે ભણતર ગણાવ્યું તે કામનું છે. પણ આત્મજ્ઞાન વિના એ શોભે નહિ. આત્મજ્ઞાન વિના આ તમામ વિદ્યાઓ વાંઝણી!'

'પ્રભુ! ત્યારે મને એ આત્મજ્ઞાનની ઝાંખી કરાવો!'

સનત્કુમારે કહ્યું: 'ત્યારે જુઓ, દરેક નામ એ એના લેનાર માટે, માત્ર નામ છે. જેમકે બ્રહ્મ. જેમકે શંકર. તમને એ નામમાં જ્યાં સુધી ઊંડામાં ઊંડો રસ ન પડે, ત્યાં સુધી એ માત્ર નામ છે. એનો એથી વિશેષ કાંઈ જ અર્થ તમારે માટે નથી. તમે ભલે બ્રહ્મ બ્રહ્મ બોલો—પણ એનો અર્થ કાંઈ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પહેલાં નામનો મહિમા તમારે માટે પ્રગટ થવો જોઈએ.

એ નામનો મહિમા ક્યારે પ્રગટે? તમે વાણીનું સામર્થ્ય સમજો તો. વાણી, એ કોઈ સામાન્ય વસ્તુ નથી. માણસ માણસની વચ્ચેના તમામ વ્યવહારને વ્યવસ્થિત કરનારી એ શક્તિ છે. અને એ જ વાણી પ્રાર્થના રૂપે તો ભગવાન પાસે પહોંચી જનારી શક્તિ છે એમ તમે સમજો, તો તમે વાણીને સમજ્યા છો એમ કહેવાય. પણ એ વાણી જ્યાં પહેલી પ્રગટે છે એ મન, વાણીના કરતાં પણ વધારે બળવાન છે. માટે મનને સમજો.

પરંતુ એ મનના કરતાં પણ એક મોટી વસ્તુ તમારી પાસે છે. એનું નામ ચિત્ત.

સામાન્ય માણસને તો મન કે ચિત્તમાં કાંઈ ભેદ જ જણાતો નથી. પણ એમાં મોટો ભેદ છે. મનમાં વિચાર આવે તે પહેલાં જે ક્રિયા થાય છે— એટલે કે એવો વિચાર જ્યાંથી સ્ફુરે છે તે ચિત્ત છે. એક જ પ્રકારનું દૃશ્ય જોઇને બે માણસને એક વખતે એક જ જાતનો વિચાર આવવો જોઈએ. પણ એમ થતું નથી. શા માટે? કારણ કે બન્નેનાં ચિત્ત—એટલે સંસ્કારની છાપ જુદી છે. એટલે પહેલાં તમે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત સ્વીકારી કે બ્રહ્મ સૌથી મૂલ્યવાન છે. તમારું એ એક રીતે ધ્યેય થયું. પણ એ ધ્યેયને સમજવા માટે, વાણી મન કે ચિત્તના કરતાં પણ વધારે મહાન એવા કોઈ પદાર્થની જરૂર છે. ત્યારે ચિત્ત કરતાં પણ વધુ બળવાન તે ધ્યાન. જે ધ્યાન દઈ શકે તે બળવાન બની શકે. પણ એ ધ્યાન, કાંઈ મન વિષેનો છેલ્લો શબ્દ નથી. જેમ આકાશના ક્ષિતિજમાં રંગ અને એની પાછળ રંગ, અને એની પાછળ રંગ, એમ રંગની શોભાનો કોઈ પાર હોતો નથી—તેમ માનવી સૃષ્ટિનો પણ કોઈ પાર નથી. ધ્યાનથી વધુ બળવાન તે વિજ્ઞાન. કારણ કે એ પોતાને મેળવવાના પદાર્થ સિવાય—બીજી તમામ વાતોને, સુપડું જેમ રેતી કચરો ફેંકી દે છે, તેમ ફેંકી દઈ શકે છે. માટે વિજ્ઞાન એ ધ્યાનથી પણ વધુ બળવાન. જેમ આપણે સામાન્યો તો સમજીએ કે રાતો રંગ એટલે રાતો રંગ. સામાન્ય માણસો માટે એ રાતો રંગ છે. પણ રંગરંગનીવચ્ચેની વિશેષ સમજણ જાણનારો, એ એક લાલ રંગમાંથી જરા જરા રંગભેદે, હજાર જાતના નવાં નવાં નામ શોધી કાઢે છે. તેમ આપણે માટે તો મન, ચિત્ત, ધ્યાન, એ બધું એક જેવું જણાય છે. પણ એમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂક્ષ્મભેદ જાણવાથી જ મૂળવસ્તુને પકડાય! આ વિજ્ઞાન પછી, માણસ જેને વધારે ઊંડાણમાં જતાં શોધી કાઢે, તે પ્રાણ.

એ પ્રાણની જ ઉપાસના બ્રહ્મની ઉપાસના. માણસને એનો પિતા ગમે તેટલો પ્રિય હોય—પણ એના પ્રાણ ગયા કે તરત એ માણસ માટે, એની કિમ્મત કોડીની પણ ન રહી. એવી રીતે દરેક વસ્તુનું થાય છે. માટે પ્રાણ જ સૌથી બળવાન.

આ પ્રાણ સૌથી બળવાન સત્ય છે. માટે હે નારદજી! તમે તમારા પ્રાણને બળવાન બનાવો. એ માટે વિજ્ઞાનનો, ધ્યાનનો, ચિત્તનો, મનનો, વાણીનો અને નામધ્યેયનો—માર્ગ શોધી કાઢો. એ માર્ગ ઉપર સ્થિર રહેનારને સિદ્ધિ મળે જ મળે.

[૧૫] ઉષસ્તિનો આચાર!

"ઉષસ્તિનો આચાર" એવી કહેવત કહેવાનું મન થઈ આવે એવી આ વાત છે. એક વખત દેશમાં ભારે દુકાળ પડયો. એવો દુકાળ પડયો કે ન પૂછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત. દાણો શોધ્યો હાથ લાગે નહિ એવી તંગી આવી ગઈ !

એ વખતે નહિ કોઈ એવાં સાધન કે પાંચ પંદર દિમાં બીજેથી દાણો આવી પડે. પોઠ ઉપર વ્યવહાર ચાલે. અને જ્યાં આખા દેશમાં કાળ વ્યાપી ગયો હોય ત્યાં કોણ કોને મદદ કરે ?

એ વખતે ચક્રનો પુત્ર ઉષસ્તિ અન્ન વિના ભારે સંકટમાં આવી પડયો. એક દિવસ એણે ફરતાં ફરતાં એક ચાંડાલ કન્યાને થોડાક અડદ બાફીને ખાતી જોઈ. જ્યાં દાણાનું દર્શન જ થતું ન હતું, ત્યાં આ ચાંડાલ કન્યાને, અડદ ખાતી જોઈને, ઉષસ્તિએ પોતાના પ્રાણ ટકાવવા માટે, તેની પાસે જઈને થોડાક અડદ માગ્યા !

બ્રાહ્મણશ્રેષ્ઠને આ પ્રમાણે અડદ માગતા જોઈને પેલીએ જવાબ આપ્યો: 'હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! હું ચાંડાલકન્યા છું ને આ અડદ અજીઠા છે. એ તમારા કામના નથી !'

ઉષસ્તિએ જવાબ વાળ્યો: 'મને એમાંથી આપો !'

પછી પેલી ચાંડાલકન્યાએ પોતાના અજીઠા અડદમાંથી થોડા ઉષસ્તિને આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્નને આધારે પ્રાણ છે એ વાત જાણે સિદ્ધ થતી હોય તેમ ઉષસ્તિના પેટમાં અડદ જતાં જ એના પગમાં કૌવત આવ્યું ! હાલવા ચાલવાની હિમ્મત આવી. જીવમાં જીવ આવ્યો !

ઉષસ્તિએ અડદ ખાઇ લીધા. એટલે વિનયની ખાતર પેલી ચાંડાલકન્યા પાણી લઈને આવી: 'ઋષિજી લ્યો, આ પાણી પણ લાવી છું.'

ઉષસ્તિએ જવાબ વાળ્યો: 'ના રે ! મારાથી હવે અજીઠું પાણી કેમ લેવાય ?'

ચાંડાલકન્યા તો ઋષિનો આ જવાબ સાંભળીને છક્ક થઈ ગઈ. જે ઋષિજી હમણાં એના અજીઠા અડદ, બુભુક્ષિતની પેઠે ખાઈ ગયા, એ જ ઋષિજી હવે આવી ચાંપલાશ કરે એ એનાથી સહન થઈ શકી નહિ.

તેણે ઉતાવળે કહ્યું: 'ઋષિજી ! આ અડદ ખાઇ ગયા એ શું એઠા ન હતા ?' ઉષસ્તિએ શાંતિથી જવાબ વાળ્યો: 'જેમ રાજા આવતાં તમામ માણસો એને રસ્તો આપે છે, તેમ પ્રાણનો સવાલ હોય ત્યારે તમામ આચાર ગૌણ બને છે. અડદ અજીઠા હતા જ. પણ એ જો હું ન ખાઉં—તો હવે દેહ ટકવો જ મુશ્કેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. એટલે એ મેં લીધા. પણ હવે થોડું ચાલવાનું મારામાં બળ છે. ને દેહ ટકશે કે નહિ ટકે, એવી મોટી આપત્તિનો કોઈ સવાલ નથી. માટે હવે પાણી લેવું એ આળસ છે. એ આચારનો અવિવેક છે ! પાણી તો હવે બે ડગલાં આવે જઈને હું મેળવી શકું ! માટે પાણી અજીઠું છે. અડદ અજીઠા ન હતા !'

ચક્રના પુત્ર ઉષસ્તિનો આ આચારવિવેક એ ખરેખર બહુ જ ઊંડી જાતનિરીક્ષણામાંથી આવ્યો કહેવાય !

આચાર આચારની વચ્ચે પણ આવો સૂક્ષ્મ ભેદ છે ! દેશ, કાલ, પરિસ્થિતિ એ તમામનો વિચાર કરીને માણસે આચારનો વિવેક કરવો જોઈએ. આચારની જડતા યે નકામી. અને શિથિલતા યે નકામી. એનો વિવેક કામનો !

[૧૬] આત્માની ઓળખાણ !

એક વખત એવું બન્યું, દેવોના રાજા ઇંદ્રને અને દાનવોના રાજા વિરોચનને મનની અંદરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિમાં શું રહ્યું છે, તે જાણવાનું મન થઈ આવ્યું. બહારની સૃષ્ટિની વાત કરનારો તો કોઈને કોઈ મળી રહે. વળી એ વિષે વાત કરવી હોય તો હજાર જાતની મદદ પણ મળે. દાખલા તરીકે મીઠા વિષે તમારે કોઈને સમજાવવું હોય તો મીઠું લાવીને એને દેખાડો, વાત કરો, એનાં રસ, ગંધ, રૂપ, રચના બધા વિષે તમે કહી શકો. અને સાંભળનારો સમજે. પણ મન વિષે કહેવું હોય તો? એના વિષે જેણે અભ્યાસ કર્યો હોય, શાંતિથી એના પડે પડને ઉખેડીને જાણ્યાં હોય, એ એના વિષે વાત કરી શકે. બીજો કોઇ વાત કરે તો આંધળે બેહરું કૂટ્યા જેવું થાય.

એટલે વિરોચન બ્રહ્મદેવ પાસે ગયો. એને આત્માની વાત જાણવી હતી. આત્મા, આત્મા, એમ બોલે તો સૌ કોઈ, પણ જેનું બોલવું આપણા હૃદયને અજવાળી દે, એનું બોલ્યું પ્રમાણ! વિરોચન બ્રહ્મદેવ પાસે ગયો. અને ઇંદ્ર પણ ત્યાં આવ્યો. બ્રહ્મદેવે બન્નેને કહ્યું: 'જુઓ ભાઈ! આ કાંઈ છોકરાની રમ્મત નથી, કે હું તમને હપ દઈને બતાવી દઉં. અને તમે સમજી જાવ. આ આત્માની તમારે ઓળખાણ કરવી જ હોય તો એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી સરત એ કે તમારે બ્રહ્મચર્ય પાળવું જોઈએ.

બ્રહ્મચર્યનો અર્થ એ છે કે તમે દુનિયાના તમામ પદાર્થો કરતાં તમારી મનની સ્વચ્છતાને વધારે મૂલ્યવાન ગણો છો!

પણ મન છે તમારું મર્કટ જેવું. એટલે એ ધીમે ધીમે ખીલે બંધાશે. એને સ્થિર શાંત કરવા માટે બ્રહ્મચર્ય પાળો. અને પછી મારી પાસે આવજો!'

વિરોચન અને ઈંદ્ર બન્ને ત્યાં રહ્યા. ને પ્રજાપતિના કહેવા પ્રમાણે સંયમ પાળીને મનને સ્વચ્છ કર્યું. પછી પ્રજાપતિ પાસે આવ્યા.

પ્રજાપતિએ કહ્યું: 'બોલો, તમારે શું જાણવું છે?' બન્નેએ જવાબ આપ્યો: 'સૌ કોઈ, આત્મા, આત્મા એમ વાતો કરે છે. તો એ આત્મા શું છે? એને શી રીતે જાણવો?'

પ્રજાપતિએ જવાબ વાળ્યો: 'તમારી આંખમાં એક નાનકડું પ્રતિબિંબ બેઠું છે, એ આત્મા! એક કુંડું પાણીથી ભરો. તેમાં તમારું પ્રતિબિંબ દેખો!'

એક કુંડું આણીને એમાં પાણી ભર્યું. પછી બન્ને જણાએ પોતપોતાનાં પ્રતિબિંબ એમાં જોયાં. સમજ્યા કે આ પ્રતિચ્છાયા દેખાય છે એ જ આત્મા!

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પ્રજાપતિએ તરત કહ્યું: 'હવે તમે શરીરે વસ્ત્રાભૂષણ પહેરો. ને પછી પાણીમાં જુઓ!'

બન્નેએ એવી રીતે કર્યું. ને બન્ને જણા પછી ચાલ્યા ગયા. પણ બ્રહ્મદેવે તો, આ સાદી જેવી વાતમાં એક મહાન સત્ય કહ્યું હતું. એટલે એ વખતે તો એ ચાલી નીકળ્યા, પણ બન્નેની સમજણમાં ફેર હતો. એટલે વાત એકની એક હતી, છતાં બન્ને સમજ્યા જુદી જુદી રીતે. વિરોચન એમ સમજ્યો કે બ્રહ્મદેવે એમ કહ્યું છે કે, દેહને સાચવો, એટલે આત્મા સચવાઈ રહે છે. માટે દેહ એજ આત્મા.

પણ ઇંદ્રને વાટમાં જ વિચાર આવ્યો: બ્રહ્મદેવે પહેલાં શરીરનું પ્રતિબિંબ જોવાનું કહ્યું, ત્યારે વસ્ત્રાભૂષણ ન હતાં. પછી વસ્ત્રાભૂષણ ધારણ કરવાનું કહ્યું. એમાં શું રહસ્ય હશે?

એમ તો સારાં કપડાં પહેરવાથી પ્રતિબિમ્બ સારું લાગે. લધરવધર કપડાં હોય તો પ્રતિબિમ્બ પણ લધરવધર દેખાય. એક આંખ ફૂટી જાય—તો પ્રતિબિમ્બ પણ કાણું દેખાય.

હવે જો આ પ્રતિબિમ્બ એ આત્મા હોય, તો તો શરીર દેખાતું બંધ થાય—એટલે પડછાયો પણ બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય. એનો તો કાંઈ અર્થ જ નથી. શરીર નાશ પામતું હોય ને સાથે જો બધું જ નાશ પામી જતું હોય તો તો પછી એ ઘોલકીની રમ્મત થઈ! એમાં જાણવાનું શું ને વિચારવાનું પણ શું?

માટે આત્મા, એ દેહમાં રહે છે, છતાં દેહથી જુદો હોવો જોઈએ.'

એ તો પાછો પ્રજાપતિ પાસે ગયો. પ્રજાપતિએ કહ્યું: 'ભાઈ! હું ખાઉં તો જેમ તારી ભૂખ ભાંગતી નથી, તેમ હું અનુભવું, એથી એ તારો અનુભવ થતો નથી. તું ફરીવાર શાંતિથી બેસી જા. વાત, તારા મનમાં ઉગે, ત્યારે હું જે કહું તે તુ સમજે, એવી આ વિદ્યા છે. એને માટે બીજો કોઈ માર્ગ નથી. ખરેખરી લગની હોય તો તું પોતે વિચાર કરવા માંડ!'

ઇંદ્ર તો વળી ત્યાં બેસી ગયો. શાંતિથી વિચાર કરવા લાગ્યો. પછી બ્રહ્મદેવે કહ્યું: "સ્વપ્નમાં જે દેખાય છે તે આત્મા છે. એ અમર છે."

એમાંથી ઇંદ્રને સ્ફુર્યું. "સ્વપ્ન આવે છે, એમાં આનંદ થાય છે, એ વખતે, આપણો દેહ તો જડ હોય છે, છતાં એ આનંદ કોણ ભોગવે છે? એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા ન હોય તો બીજું કોણ? એ ઉપરથી ઇંદ્રે નિર્ણય બાંધ્યો કે નેત્રપુરુષ નહિ, પણ સ્વપ્ન પુરુષ એ આત્મા.'

એ શાંત થઈને પોતાને માર્ગે ગયો.

પણ વળી માર્ગમાં એને શંકા થઈ. "સ્વપ્નમાં જે પુરુષ ભોગ ભોગવે તે આત્મા શી રીતે હોઈ શકે? સ્વપ્નમાં તો રડવાનું થાય, ભય પામવાનું આવે, ઘૂજારી છૂટે—અને આત્માને તો આવો કોઈ અનુભવ હોયજ નહિ. એતો નિર્ભય છે. અમર છે. અને આ અનુભવ તો એને બીકણ બતાવે છે! માટે આ સ્વપ્ન પુરુષ પણ આત્મા નહિ!'

વળી પાછો એ તો બ્રહ્મદેવ પાસે આવ્યો. હાથ જોડીને કહ્યું: 'હજી મનમાં સમાધાન થતું નથી!'

'વાત સાચી છે ઇંદ્ર! હજી તું આંહીં રહી જા. ધીમે ધીમે પ્રકાશ મળશે!'

બ્રહ્મદેવે પછી એને કહ્યું: 'હે ઇંદ્ર! સ્વપ્ન પણ ન આવે એવી જે અવસ્થા, તેમાં આત્માનું દર્શન રહ્યું છે!'

ઇંદ્રે માન્યું કે આ વાત બરાબર છે. ગાઢનિદ્રામાં પડેલાને કોઇ ભય નથી. કોઇ શોક નથી. માટે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસ્થા આત્માની સાથે મેળમાં છે.

એ પાછો ચાલ્યો ગયો. પણ રસ્તામાં એને શંકા થઈ 'ગાઢનિદ્રામાં પડેલાને તો કોઇ જાતનું જ્ઞાન નથી એનું શું? ને આત્માને તો સર્વજ્ઞાનનો સાગર માન્યો છે! આ ગાઢનિદ્રાવાળાને તો પોતાની પણ જાણ નથી! માટે આ વાત આત્માને લગતી નથી. કાંઈ સમજફેર થઈ. વળી એ પાછો ફર્યો.

આમ જ્યારે ઇંદ્રે સિદ્ધ કર્યું કે એને આત્મ-જ્ઞાનની સાચી લગની છે, ત્યારે પછી પ્રજાપતિએ એને આત્માની ઓળખાણ આપી. જો મનમાં સાચી લગની ન હોય તો તો આત્માની વાત કરવી એ નકામી જ છે. એ રેતીમાંથી દોરડાં વણવાની વાત થઈ. પણ જો સાચી લગની હોય તો થોડું થોડું અજ-વાળું મળતું જાય. ને એ પોતાના અજવાળાને લીધે જ માણસને રસ્તો મળી જાય.

પ્રજાપતિએ કહ્યું: 'હે ઇંદ્ર! સૌ કોઈ જાણે છે કે પ્રાણ ઉડી જતાં શરીરની કિમ્મત એક ફૂટી બદામની પણ નથી. સ્વજનો હોય તો પણ, એ શરીરને બેપળ ઘર આંગણે કોઇ રહેવા દેતું નથી. એ ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું નક્કી થયું કે શરીરમાં જે રહેતો હતો તેજ મૂલ્યવાન હતો.

પણ એ પાછળ રહેલા શરીરને, કોઇ સુખ, દુઃખ, શોક, ગ્લાનિ કાંઈ કહેતાં કાંઈ થતાં નથી. એટલે જેવો આત્મા શરીરમાં આવે છે, તેવી જ સુખદુઃખની વાત શરૂ થાય છે.

હવે જેમ આ નિશ્ચેતન શરીરને સુખદુઃખ નથી. તેમ આત્માને પણ નથી. છતાં એ બન્નેની સાથેની વાત ન્યારી છે. શરીર, આત્મા વિનાનું થઈ ગયું, એટલે એ જ્ઞાનહીન થઇ ગયું. તેથી સુખદુઃખ જાણતું નથી. તેમ આત્મા–નિર્લેપ થઈ ગયો, આ શરીર મારું છે એમ માનતો બંધ થઈ ગયો, એટલે એનું સુખદુઃખ ગયું. રથને ઘોડો જોડો તો રથ ચાલે. એક રથ ભાંગી જાય તો બીજો રથ આવે. દેહ એ રથ છે. આત્મા એ ઘોડો છે. એક રથ ભાંગી જશે તો બીજો રથ આવશે. એમ જે જાણે, એને પછી કઇ પરિસ્થિતિનો શોક રહે? કોઇ સ્થિતિનો નહિ. એને દરેક ફેરફારમાં આનંદ આનંદ લાગે! નવાં વસ્ત્રો પહેરવાનો જેમ છોકરાંને આનંદ લાગે છે, તેવો જ આનંદ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રિયોને પોતપોતાના કામમાં આ આત્મા પ્રેરે છે. આ એટલે હૃદયની ઊંડી ગુહામાં રહેલી મનુષ્યની ચેતના. એ હોય નહિ, તો આખી સૃષ્ટિ ઊભી હોય, છતાં કાંઈ હોય નહિ !

આ આત્માનું જ્ઞાન ત્યારે મળે, જ્યારે આત્માના જ્ઞાન સિવાય બીજી કોઇ ઇચ્છા મનમાં રહે જ નહિ. તે વિના એ ન મળે.

આત્માની ઓળખાણનો પંથ ઘણો ધીમો છે. એ આવે છે ધીમે ધીમે. પણ એ પંથ કોઈ કાપી આપે એવું નથી. એ રસ્તાની માત્ર આંગળી ચીંધી શકાય. પણ રસ્તે જવાનું તો માણસને પોતાને જ છે.

[૧૭] તપ, વિદ્યા, યજ્ઞ

કેટલાક માણસો એમ માનતા લાગે છે કે સંસાર છોડીને, જંગલમાં રહેવું, માળા ફેરવવી, ભગવાનનું નામ લેવું, અનાયાસે જે મળે તે ખાઈ લેવું, આવું આવું કરવું તે તપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તપ છે. પણ એ એકલું જ કાંઈ તપ નથી. તેમ જ એ ઉત્તમ પ્રકારનું તપ એમ પણ નથી. તપના અનેક પ્રકાર હોય છે. માણસને દુઃખ પડે, અને એ દુઃખ અનિવાર્ય હોય, ત્યારે જે માણસ એ શાંતિથી સહી શકે, તે માણસનું તપ કાંઈ ઓછું ન ગણાય. માણસ માંદો પડે તે વખતે એ શાંતિ બતાવે, તેને પણ તપનો જ એક પ્રકાર ગણવો. કોઈ સ્વજન મૃત્યુ પામે ત્યારે શોક કર્યા વિના, જેમ ખરેલા ફૂલને કોમળતાથી ભેગાં કરીને વિસર્જન કરીએ છીએ, તેમ મૃત્યુ પામેલાને શાંતિથી વિસર્જન આપીએ, તે પણ એક પ્રકારનું તપ જ ગણાય. રોકકળ કરીને આકાશ ગજવી મૂકવું એ અશાંત અવસ્થા કાંઇ તપ નથી. માણસને શાંતિથી અગ્નિને શરણે કરી દેવો ને તેની છેલ્લી રજા લઇને, ઘેર આવી, પોતાનાં કર્ત્તવ્ય કરવાં એ પણ તપનો જ એક પ્રકાર છે.

એટલે લોકોનો તપ વિષેનો આખો ખ્યાલ ઘણો ખોટો છે. માણસ પોતાના નિત્યજીવનમાં પણ હરપળે તપ કરી શકે છે. છોકરો ખોટું બોલે કે ખોટી રીતે ચાલે એને અડબુથે દેવો એ કામ અશાંત મન બતાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એને સુધારવા માટે પોતાની જાતને કસોટીમાં મૂકવી તે તપ બતાવે છે. આવું તપ માણસને મોટા પ્રકારના તપ માટે તૈયાર કરે એમ પણ કહેવાય.

તપ વિષે, વિદ્યા વિષે, તેમ જ યજ્ઞ વિષે આપણે સાચી સમજ મેળવીએ તો એમાંથી આપણું નિત્યનું જીવન સુંદર બને. આપણે આ શબ્દો વિષે ખોટા ખ્યાલો રાખ્યા છે તે બરાબર નથી. એથી ગતાનુગતિક, બાપદાદા કરતા આવ્યા છે માટે એમ કરીએ, એવી જડતા ઊભી થાય છે. વિદ્યા કોને કહેવી એનું એક જુનું ઉદાહરણ છે.

અરૂણનો પૌત્ર શ્વેતકેતુ રાજા પ્રવાહણ પાસે ગયો હતો. રાજાએ તેને પૂછયું: 'તને તારા પિતાએ વિદ્યા આપી છે?'

શ્વેતકેતુએ જવાબ દીધો: 'હું બ્રાહ્મણ છું. વિદ્યા વિનાનો બ્રાહ્મણ હોય નહિ. મને મારા પિતાએ વિદ્યા આપી છે.'

રાજાએ કહ્યું: 'તમે શું વિદ્યા ભણ્યા છો?'

શ્વેતકેતુએ કહ્યું: 'એ હું કહું એના કરતાં તમે જ સવાલ પૂછોને એટલે તમને ખાત્રી થાશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ પૂછ્યું : 'માણસ મૃત્યુ પામ્યા પછી ક્યાં જાય છે તે તમે જાણો છો ?'

શ્વેતકેતુએ કહ્યું : 'ના. એ વાત તો હું જાણતો નથી !'

રાજાએ કહ્યું : 'ત્યારે તમે કેમ કહોછો કે હું ભણ્યો છું ? ખરી વિદ્યા તો એ છે, જે જાત વિષે સૌથી પહેલું શીખવે. તમે તમારા વિષે કાંઈ જ જાણો નહિ, ને આખી દુનિયાનું ડોળો એમાં શું ફાયદો? માણસ મરણ પામે ત્યારે એના જીવને જવા માટે બે રસ્તા છે. એક પિતૃમાર્ગ કહેવાય છે. બીજો દેવમાર્ગ કહેવાય છે. એ વિષે તમે શું જાણો છો ?'

'માણસના મૃત્યુ વિષે તો હું કાંઈ જાણતો નથી' શ્વેતકેતુએ કહ્યું.

આ પ્રમાણે પ્રવાહણ રાજાને પોતે ઉત્તર આપી શક્યો નહિ તેથી શ્વેતકેતુ શરમાયો. એ પિતાની પાસે પાછો ગયો. જઈને પિતાને કહ્યું: 'પ્રવાહણ રાજાએ મને પ્રશ્નો પૂછ્યા. એ પ્રશ્નોનો હું ઉત્તર આપી શક્યો નથી.'

પિતાએ કહ્યું: 'એવા કેવા પ્રશ્નો રાજાએ પૂછ્યા કે તું ઉત્તર આપી શક્યો નહિ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાજાએ એમ પૂછયું કે મૃત્યુ પછી શું છે? મૃત્યુ પછી માણસ કયાં જાય છે? એનું શું થાય છે?'

'ત્યારે શ્વેતકેતુ! એ પ્રશ્નોના ઉત્તર તું ન આપી શકયો એમાં મુંજવાનું કારણ નથી. એના ઉત્તર તો હું પોતે પણ આપી શકું તેમ નથી. આપણે રાજા પાસે જઈને એના ઉત્તર જાણવા પડશે!'

પછી ઋષિ એકલા રાજા પાસે ગયા. રાજાએ તેમનો આદરસત્કાર કર્યો. જે જોઈએ તે માગવાનું કહ્યું.

પણ ઋષિને માગવાનું આ જ હતું. મૃત્યુ પછી જીવ કયાં જાય છે?

પણ આવું ગૂઢજ્ઞાન કાંઈ એકદમ ન મળે. એટલે ઋષિ ત્યાં રાજા પ્રવાહણની પાસે રહ્યા.

રાજાએ કહ્યું: 'માણસ પાસે જે શક્તિ છે તે શક્તિ વડે જ એ સારાં નરસાં કામ કરી શકે છે. એ શક્તિ એ જ દેવતા.

આ દેવતાને આપવાનો પદાર્થ તે માણસની શ્રદ્ધા.

એટલે શ્રદ્ધા વડે જે પોતાની શક્તિ પ્રમાણે કામ કરે તે યજ્ઞ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી રીતે યજ્ઞમાં અગ્નિ છે. તેમાં હોમવા માટે સમિધ છે. તેમ માણસ પોતે જ એક યજ્ઞકુંડ જેવો છે. એ પોતાની ઇંદ્રિયોદ્વારા જે જે કામ કરે, તે એનાં સમિધ. આ સમિધને એ અગ્નિમાં હોમે છે. એવી રીતે જે માણસ પોતાના હરેક કામને યજ્ઞની ભાવનાથી કરે છે, પછી તે કાર્ય સ્ત્રીપુરુષના શારીરિક સંબંધનું હોય કે ગમે તે હોય–તે માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે, એને દેવયાન માર્ગ મળે છે.

હવે એમ પણ બને કે આટલી બધી પળ પળની નિત્ય જાગ્રતિ બતાવવી આકરી થઈ પડે. છતાં જેઓ સદ્ અસદ્નો વિવેક રાખી શકે અને દાન વગેરેથી યજ્ઞનું રહસ્ય જાળવી રાખે, તેમને માટે પિતૃયાન માર્ગ છે.

પણ જેમણે કેવળ યજ્ઞની ભાવનાથી કામ કર્યું તેમનામાં વાસનાનો તદ્દન ક્ષય થઈ ગયો કહેવાય. એમને માટે પુનર્જન્મનું કોઈ કારણ રહેતું નથી. જેમણે સ્થૂળ અર્થમાં દાન વગેરેથી યજ્ઞની ભાવના સેવી, એમનામાં શુભકર્મનું ફળ માગવાની કાંઇક વાસના તો રહે જ છે. માટે એમને પુનર્જન્મની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશ્યકતા રહે છે.

જન્મ મરણનું કારણ માણસની વાસના છે. વાસના નથી તો જન્મ નથી. મરણ નથી.'

પ્રવાહણ રાજર્ષિએ આપેલો આ બોધ સમજવા જેવો છે. 'યજ્ઞ' વિષે પણ માણસો 'તપ'ની જેમ ખોટો ખ્યાલ રાખે છે. માણસે હરેક પળે જીવનમાં યજ્ઞની ભાવના જાગ્રત રાખવાની છે. માત્ર અગ્નિમાં સમિધ દેવા બેસે ત્યારે જ તે થાય એમ પણ નથી. જે મનથી એમ માને છે કે સ્ત્રીપુરુષના સંબંધમાં પણ, કોઈ એક વધુ તેજસ્વી આત્માને, આંહીં લાવવાની વસ્તુ જ પ્રધાન છે, તેને માટે તો એ સંબંધ પણ યજ્ઞ જ છે.

યજ્ઞનો આવો અર્થ સમજવો ઘટે છે.

આ પ્રમાણે તપ વિષે, વિદ્યા વિષે, યજ્ઞ વિષે આપણામાં સાચી સમજ આવે, તો જ એ વસ્તુઓ જીવનને તેજ આપે. નહિતર એવું થાય કે આગળથી ચાલ્યું આવે છે માટે આ કરો! એનો અર્થ તો કાંઈ સમજવાનો જ નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૮] પ્રાણની ઉપાસના

સત્ય કામ જબાલની પાસે એક શિષ્ય હતો. ઉપકોસલ. તે જમાનામાં વિદ્યા ગુરુની પાસેથી જ મેળવાતી.

પુસ્તકમાંથી એ મળતી નહિ. ગુરુના શબ્દો ઉપર જ આધાર. અને ગુરુ શિષ્યની પરીક્ષા કર્યા વિના વિદ્યા આપે પણ નહિ.

હવે આ ઉપકોસલ, ગુરુને ત્યાં બાર વરસ સુધી રહ્યો. એણે ગુરુની અનન્ય ભાવે સેવા કરી. પણ ગુરુએ હજી એને વિદ્યા ન આપી. બીજા એની સાથે ભણનારા વિદ્યા લઈ લઈને ઘર ભેગા થઇ ગયા. પણ ઉપકોસલ તો હતો ત્યાં ને ત્યાં રહ્યો. ગુરુ એને રજા આપતા નથી. અને વિદ્યા લીધા વિના એને જવું નથી.

આ પ્રમાણે ઉપકોસલને અન્યાય થતો જોઇને ગુરુ પત્નીએ આચાર્યને કહ્યું: 'આ ઉપકોસલને પણ હવે જવાની રજા આપો!'

પણ ગુરુ તો ક્યાંક બહાર ગામ જવું હતું ત્યાં જવા માટે ઉપડી ગયા અને ઉપકોસલ તો લટકતો રહ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અંતરનું કોઈ દુઃખ બરાબર સમજાય તો માનવનેમહાન બનાવ્યા વિના રહેતું નથી. ઉપકોસલને અંતરમાં એવું દુઃખ થયું કે એ તો ખાધા પીધા વિના ત્યાં બેઠો જ રહ્યો.

ગુરુપત્ની તેની પાસે આવ્યાં : એને વહાલથી કહ્યું : ' ઉપકોસલ ! તું નહિ ખાય તો સુકાઇ જશે બેટા ! તું ખાઈ તો લે. '

ઉપકોસલે કહ્યું : ' જમવાનું માણસને ત્યારે ગમે જ્યારે મનમાં કોઈ અતૃપ્ત ઈચ્છા ન હોય. જ્યારે કોઈ જાતનું દુઃખ ન હોય. હું તો દુઃખથી ભરેલો છું. વળી મારી એકે ઈચ્છા તૃપ્ત થઇ નથી. એટલે હું ભોજન નહિ કરું ! '

ઉપકોસલને આ પ્રમાણે પોતાના અંતરમાં અત્યંત દુઃખી થતો જોઈને અગ્નિ દેવતાએ વિચાર કર્યો : ' આના અંતરમાં વાણી પ્રગટાવો તો એને જે જ્ઞાનની ઈચ્છા છે તે જ્ઞાન મળે ! '

પછી ઉપકોલસના હૃદયમાં જ્ઞાન પ્રગટયું. તેમાં એમ વાત આવી કે પ્રાણ, બ્રહ્મ છે. આનંદ, બ્રહ્મ છે. આકાશ, બ્રહ્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઉપકોસલ આનો મર્મ સમજ્યો નહિ. પ્રાણ બ્રહ્મ છે એટલે કે આપણો આત્મા બ્રહ્મ છે, એ અર્થ સમજ્યો. પણ બીજો અર્થ કાંઈ બંધ બેઠો નહિ.

પછી બધા અગ્નિઓએ તેને કહ્યું કે હવે વધુ વાત તને ગુરુ કહેશે.

ગુરુ ઘેર આવ્યા. ત્યારે ઉપકોસલને જે થોડી ઘણી જ્ઞાનની વાત મળી હતી તેથી એના મોં ઉપર આનંદ આનંદ થઈ ગયો હતો.

ગુરુએ એ આનંદની છટા દેખી અને એ સમજી ગયા કે આના હૃદયમાં ફેરફાર થયો છે. તે વિના આવું તેજ હોય નહિ !

તેણે પૂછ્યું : 'ઉપકોસલ! તને કોઈએ કાંઈ જ્ઞાન વાર્તા કહી છે ?'

ઉપકોસલે હાથ જોડીને કહ્યું : 'હા પ્રભુ ! મને અગ્નિઓએ થોડી જ્ઞાન વાર્ત્તા કહી છે !'

'ત્યારે એટલી જ્ઞાન વાર્ત્તા સાંભળીને તને આ જે આનંદ થયો, તે બતાવે છે કે તું એ જ્ઞાનવાર્ત્તાનો સાચો અધિકારી છે. અધિકાર વિના આ વસ્તુ કોઈ આપવા ધારે તો પણ આપી શકતું નથી. આંધળાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ ગમે તેટલી વાત કરે, તો પણ સૂર્યબિંબની ખાત્રી શી રીતે કરાવી શકે?

તેવી વાત આ આત્મજ્ઞાનની છે. એ જ્ઞાન તેને મળે છે, જેને એની લાલાવેલી લાગે છે. ત્યારે જો, હવે હું આ બ્રહ્મ વિષે તને વધારે કહું. સૌથી મહાન આપણો પ્રાણ છે. માટે એને જાણવાથી જ આપણે મહાન થઈએ.

પણ આ પ્રાણને જાણવા માટે જરૂર છે જ્ઞાનની. એ જ્ઞાન એટલે સારા નરસાનો વિવેક. એ જ્ઞાન ક્યાં રહે છે? એ જ્ઞાન આપણા મનમાં રહે છે. માટે સૌથી પહેલું મનને ઘડવું પડે. મનને ઘડયા વિના પ્રાણની વાતો કરવી નકામી. પણ મનને ઘડવા માટે ઇંદ્રિયોને વશ કરવી પડે. અને ઇંદ્રિયોને વશ રાખવા માટે મોટામાં મોટું કોઇ સાધન હોય તો માણસની શ્રદ્ધા. એટલે આ શ્રદ્ધા છે તે જાણવા જેવી, સમજવા જેવી, આચરવા જેવી વાત છે. સૌથી મોટી વાત એ છે કે, આપણો પ્રાણ જ આપણો મિત્ર છે. માટે એને રહેવાનું જે આ ઘર—આપણું શરીર—તે એના માટે હરેક રીતે યોગ્ય રાખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જે સમજણ તે પ્રાણ વિષે શ્રદ્ધા ધરાવે છે એમ કહેવાય.

શ્રદ્ધાનો અર્થ આ.

મોંએથી તો સૌ કોઈ બોલે કે 'આપ મુએ પીછુ ડુબ ગઈ દુનિયા.'

પણ જે બોલે છે તે જો સાચું સમજતા હોય, તો જેનાથી પ્રાણના ગૌરવની હનિ થાય તેવું કામ કેમ કરે ?

કોઈ રાજાને ગધેડે બેસારે ? એને બેસવા માટે તો હાથી હોય ! પ્રાણ મહા બળવાન છે, તે સત્ અને નિત્ય છે. એ કાંઈ દીન એટલે ગરીબ કે ક્ષુદ્ર નથી. પણ માણસને તો આપણે ઘણી વખત સાવ નિર્માલ્ય-ની પેઠે હલકટ બનતો જોઈએ છીએ. ક્ષુદ્રની પેઠે વરતતાં જોઈએ છીએ. એ બતાવે છે કે પ્રાણની વાતો કરનાર પણ પ્રાણનો મહિમા સમજતા નથી.

એ મહિમા સમજનારો તો જાણે, કે પ્રાણ, મન, ઇંદ્રિયો એ જ મહત્ત્વનાં છે. માટે એમની સંભાળ લેવી; આપણી ઇંદ્રિયો આપણી ઉપરવટ થઈ આપણને નપાવટ ન કરી મૂકે એ જોતું રહેવું. એનું નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા. આત્મજ્ઞાન. એ જ પહેલું પગથિયું અને એ જ છેલ્લું પગથિયું. કારણ કે આમ. જેણે એક પગલું ભર્યું—એને પછી આગળનો રસ્તો મળતો જ રહે છે.

બ્રહ્મવિદ્યાનો, આચાર્યે ઉપકોસલને જે ઉપદેશ કર્યો, તેનો આપણે સમજવા જેવો સાર, આ છે.

[૧૯] દાસીપુત્રની જ્ઞાન જિજ્ઞાસા!

એક દાસી પુત્ર હતો, તે સત્યકામ જાબાલની પેઠે વિદ્યા મેળવવા માટે હારિદ્રુમત પાસે ગયો. ગુરુએ એની આકરી કસોટી માંડી. આપણે સૈન્યમાં દાખલ થવા જઈએ, તો ભુખ, તરસ, ઠંડી, તાપ કેવાં વેઠી શકીએ છીએ, તેની જેમ પરીક્ષા લેવાય છે, તેમ જુના વખતમાં વિદ્યાર્થીની આવી પરીક્ષા થતી. આ શિષ્યની હારિદ્રુમતે પરીક્ષા લીધી. આ પરીક્ષા મન સંબંધી હતી. આ પરીક્ષા દ્વારા એને જાણવું હતું કે, દાસીપુત્ર કેવળ દેખાદેખીથી ભણવા આવ્યો છે, કે જ્ઞાન મેળવવાની એને સાચી જિજ્ઞાસા છે. એટલે એણે એને કહ્યું: 'તું આ કેટલીક ગાયો લઈને અને વૃષભને લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનમાં જા. જ્યારે ગાયોની સંખ્યા એક હજારની થાય ત્યારે પાછો આવજે.'

પેલી લોકવાર્તામાં આવતું નથી કે પ્રેમની કસોટી કરવા ચારણે એક ચંદરી સો ભેંશો લાવવા કહ્યું હતું—એના જેવું આ આકરું વ્રત હતું.

એ ગાયોની સંખ્યા ક્યારે એક હજાર થાય તે કોણ કહી શકે? મરે, જીવે, કોઈને જાનવર હણે, એ બધી વાતનું ધ્યાન રાખતાં રાખતાં દાસી પુત્ર તો એક ચિત્તે પોતાને જે કામ સોંપાયું તે ધ્યાન દઈને કરવા લાગ્યો.

યુદ્ધ કાલના નિયમો વિષે કહેવાય છે કે એમાં સૈનિકે 'શા માટે! એમ પૂછવાનું નથી હોતું, કેવળ આજ્ઞા પાલન—એ એક જ ધર્મ પાળવાનો હોય છે.

એ વ્યવસ્થા જેવી જ આ વ્યવસ્થા હતી. એમાં ગુરુના શબ્દો વિષે અશ્રદ્ધા રાખવાની ન હતી. શંકા પણ કરવાની ન હતી.

દાસીપુત્ર જંગલમાં ગાયો ચરાવે અને જંગલને નિહાળ્યા કરે. પોતાનું કર્ત્તવ્ય બરાબર બજાવે.

એમ કરતાં કરતાં, કેવળ શ્રદ્ધા વડે લીધેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારીરિક શ્રમનું એને ફળ મળ્યું. શરીર તંદુરસ્ત, સુંદર, મજબૂત બન્યું.

એમાંથી એનું મન પણ બળવાન બન્યું. શ્રદ્ધા પણ બળવાન થઈ. અંતર પણ બળવાન થયું.

એના મનમાં ને મનમાં, આ બધું જોતાં એક દિવસ વિચાર આવ્યો કે, આ આકાશનો કોઈ પાર નથી. પૃથ્વીનો પાર નથી. તો બ્રહ્મ એટલે આત્માનો —પાર કેમ હોય? એ આત્મા આપણામાં બેઠો છે— એટલે જાણે છેડાવાળો લાગે છે. બાકી નહિતર તો એ આકાશ અને પૃથ્વીની પેઠે અનંત હોવો જોઈએ.

કહેવાય છે કે, ભુસ્તર શાસ્ત્રીઓએ, જ્યારે પૃથ્વી ગોળ છે એમ કલ્પના કરી, ત્યારે એ કલ્પના એમને સુજી આવી રીતે: એમણે જોયું કે, સૂર્ય ગોળ છે, ચંદ્ર ગોળ છે, તો પૃથ્વી પણ ગોળ કેમ ન હોય?

એટલે માણસ, કુદરતના સાન્નિધ્યમાં, ઘણી વખત, એના આખા હૃદયને પ્રકાશથી ભરી દે, એવું જ્ઞાન, સહજ રીતે મેળવી જાય છે.

આ દાસીપુત્રને પણ એમ જ થયું. બ્રહ્મ અનંત છે એવી એને શ્રદ્ધા થઈ ગઇ. ગેલીલીઓ નામે એક ભુસ્તર શાસ્ત્રી થઈ ગયો. તેણે પહેલું સિદ્ધ કર્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી ગોળ છે. ને ફરે છે. પણ નવાઇની વાત તો જુઓ, આજે એ વાત પાંચ વરસનું છોકરું પણ કરે છે, પણ ત્યારે એવી વાત કરવી એ પાપ ગણાતું ! ને આવા પાપનું પ્રાયશ્ચિત પણ કેવું ? દેહાંત દંડ ! માણસ જમાને જમાને કેવી વિચિત્રતા દાખવતો આવે છે !

એક જમાનામાં જે વાત પવિત્રમાં પવિત્ર ગણાતી હોય, એ જ આવતા જમાનામાં પાપીમાં પાપી ગણાવા માંડે !

તેથી ગેલીલીઓને પણ એવી આકરી સજા થઈ. એ સજાનો ભય બતાવીને સત્તાધીશોએ એના શબ્દો એની પાસે પાછા પણ ખેંચાવ્યા. છતાં છેવટે એ બોલી ઉઠયો. 'ના, ના, પૃથ્વી ગોળ જ છે ને ફરે છે એમાં શંકા નથી !'

ત્યારે જે વાતની આપણને પ્રતીતિ થઇ ગઇ, તે વાત આપણી શ્રદ્ધાનો વિષય બની ગયો. આ દાસી-પુત્રને પણ શ્રદ્ધા બેઠી કે આત્માને કોઈ અંત નથી. એ અનંત છે !

પણ જેમ સાકર વિષેની તમામ વાત જાણવી હોય તો એ એકલી ગળી છે, એમ કહેવાથી એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષે બધું કહી શકાતું નથી, તેમ આત્મા અનંત છે, એટલું કહેવાથી કાંઈ બધું જાણ્યું ન કહેવાય.

ત્યારે એ જ કુદરતે એને શીખવ્યું કે સૂર્ય ચંદ્ર એ સૌની પઠે આત્મા પણ પ્રકાશવાન છે. સૂર્યને માટે જેમ અંધારું નથી, તેમ આત્માને માટે રાત્રિ નથી, કે અંધારું નથી. આપણી આંખને માટે અંધારું છે. પણ એવી એ આંખ, જો આત્માનો સંસર્ગ સાધી શકે, તો એને માટે ક્યાંય અંધારું નથી !

વળી એ એક નવી વાત સમજ્યો. જેવું પિંડમાં તેવું બ્રહ્માંડમાં એ વાતનો ભેદ એ પામી ગયો. એ સમજી ગયો કે શરીરની મર્યાદા જ આત્માને નડે છે. બાકી આત્માની શક્તિને કોઈ મર્યાદા હોય નહિ !

આ પ્રમાણે જ્ઞાનની કેડી મેળવતાં મેળવતાં આ દાસીપુત્ર જ્યારે હજાર ગાય થઈ, ત્યારે ગુરુ પાસે પાછો ગયો. પણ આટલા વખતમાં એની ધીરજની, શાંતિની, અનુભવ મેળવવાની, અવલોકન કરવાની, કોઈ વસ્તુથી ન ડગવાની—એવી અનેક વાતની કસોટી થઈ ચુકી હતી. પછી ગુરુએ એને ઉપદેશ આપ્યો. અને એ તરત ગ્રહણ કરી શક્યો.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે એ વખતે આ પ્રમાણે વિદ્યા મેળવાતી. એમાં વધારેમાં વધારે વાત માણસાઈ સ્થાપવાની આવતી. આ દાસીપુત્રે જ્ઞાન આવી રીતે મેળવ્યું, એ વસ્તુ એમ પણ બતાવે છે કે, જ્ઞાન મેળવવાનો અધિકાર તમામને છે. આત્મા આપણી પાસેમાં પાસે છે. જેમ રાજા પાસે ઊભો હોય તો લોક ખોટું કામ કરતાં શરમ અનુભવે, તેમ હૃદયમાં આત્મા છે, એમ શ્રદ્ધાથી માનનાર માણસ, કોઈ પણ ખોટું કામ કરતાં શરમ અનુભવશે. એ જાણશે કે આ તો આત્મા હીણો પડે છે! આવું જ્ઞાન એ જ સાચી વિદ્યા. એ માણસને માણસ બનાવે. ને એ જ માણસાઇ સ્થાપે.

[૨૦] એક રૂપક

આ આપણું શરીર એક વૃક્ષ સમાન છે. વૃક્ષમાં જેમ પંખી માળા બાંધે છે તેમ આપણા શરીરમાં પણ બે પંખી માળા બાંધીને રહ્યાં છે. આ બે પંખી કોણ?

એક આપણો આત્મા. બીજો પરમાત્મા. સહેલી ભાષામાં કહીએ તો એક જીવ, બીજો શિવ. આપણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા ઘણો બળવાન છે, છતાં એ પરમાત્માનો તો એક અંશ ગણાય. આ આત્મા દેહમાં આવીને વસ્યો છે એટલે એ પોતાનું મૂળ રૂપ ગુમાવી બેઠો છે.

આ જીવને, વૃક્ષનો મોહ છે. એને શોક, મોહ, અભિમાન, દ્વેષ, બધી જ વાતો નડે છે. ત્યારે જે શિવ છે એ બેઠો મજા કરે છે! એને જાણે કે કાંઈ લાગતું વળગતું નથી!

આ વૃક્ષની લીલા નિહાળો! એની એક ડાળે માળો બાંધી રહેલો જીવાત્મા, કોઇ વખત પુત્ર શોકથી જ્યારે પછાડા નાખે છે, રો કકળ કરે છે, આપઘાત કરવા તૈયાર થાય છે, ત્યારે એ જ વૃક્ષમાં બીજી ડાળે ઝૂલી રહેલો શિવાત્મા બેઠો, આ અજ્ઞાની ઉપર ખડ-ખડાટ હસે છે! ને આનંદ કરે છે! એ જાણે છે કે આંહીં તો કોઇ જન્મતું નથી. કોઈ મરતું નથી. મરેલું કોઈ ખોવાઈ જાતું નથી. એટલે એને કાંઈ કહેતાં કાંઈ થાતું નથી!

પણ એક જ વૃક્ષમાં રહેલા આ શિવનો એમ પત્તો લાગતો નથી. એનો સંસર્ગ સાધવા માટે જીવને ત્રણમાંથી ગમે તે એક રસ્તે મુસાફરી કરવાની હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ! જીવની, શિવને મેળવવાની આ મુસાફરી, આપણા શરીરમાં હમેશાં ચાલતી હોય છે—ને એમાં હમેશાં નિષ્ફળતા પણ મળતી હોય છે ! આપણને એની ખબર નથી હોતી એટલું જ.

ત્યારે આ મુસાફરીના ત્રણ રસ્તા. એક તો કર્મયોગ. એટલે પોતાને ભગવાને જે શક્તિ આપી હોય તે પ્રમાણે, ફળ મળે ન મળે, પણ ઉદ્યોગ કરતો રહેવો, અને ન્યાય તથા સત્યનો પંથ ન ચૂકવો. આ કર્મયોગ.

બીજો જ્ઞાનયોગ. જેમાં એમ પ્રતીતિ થાય કે બધું ઈશ્વરેચ્છા પ્રમાણે થાય છે. આપણું જીવવું પોતે જ ઈશ્વરેચ્છા પ્રમાણે છે. એટલે એને કોઈ વાતનો શોક રહેતો નથી. આ જ્ઞાનયોગ. ત્રીજો ભક્તિ-યોગ. મનને ભગવાનમય કરીને જે કાંઈ કામ કરવું તે ભગવાનને અર્થે જ કરવું એ ભક્તિયોગ.

આ ત્રણમાંથી ગમે તે એક રસ્તો માણસ પકડી લે તો એની જીવનયાત્રા સફળ થઈ કહેવાય.

પણ એ રસ્તો પકડવા માટે, જેમ આપણે ગામ જવાનું થાય ને બીસ્રા બાંધવાના હોય છે, તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસને તૈયારી કરવાની હોય છે. આ તૈયારી એના નિત્યના જીવનમાં વણાયલી હોવી જોઇએ.

એ તૈયારી માટે આ સંસાર જ સૌથી સુંદર સ્થળ છે.

એટલે નરસિંહ મહેતાએ ગાયું કે 'સંસાર સું સરસો રહે ને મંન મારી પાસ!'

ત્યારે આ તૈયારી કરવા માટે માણસ, પોતાના સંસારને, ન્યાયથી, સત્યથી, પવિત્રતાથી, માણસાઇથી, ભરી દે એ પહેલું પગથિયું.

એ રસ્તે જે ચડે તેનું જીવન સફળ નીવડે.

ઉંધે રવાડે ચડીને કેવળ બહારની વાતો કરે—ને મનને કોરું ધાક રાખે—એને હજાર વર્ષે ય આ જીવ શિવનો ભેદ ન મળે!

માણસની વાસના મરે છે, ત્યારે એનો સંસાર મરે છે. ત્યાર પછી એને જન્મ મરણ રહેતું નથી. માટે ઉપનિષદ્‌માં કહ્યું છે કે બહુ વિદ્વાન હોય પણ કર્મચંડાળ હોય તો એને કાંઈ આત્માની વાત જડે નહિ. આત્માની વાત એને મળે—જેણે રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ છોડયાં છે ને પોતાનો સંસાર સુંદર બનાવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૧] અસત્માંથી સત્માં !

'ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઇ જા !'

પગમાં કાંટો વાગે છે તો તરત હાથ એને મદદ કરવા દોડે છે. અને મોંમાંથી વાણી પણ જાણે મદદ કરવા દોડતી હોય તેમ 'આ હ!' એમ બોલી જાય છે. કારણ કે તમામ ઇંદ્રિયો એક જ અંગમાં રહે છે. ને એક બીજાને આધારે રહે છે.

આ જ પ્રમાણે સમાજનું કામ ચલાવવા માટે ચારવર્ણ રચાયા હતા. એ ચારે વર્ણ એક બીજાને આધારે રહે. એક બીજાને મદદ કરે.

એ વિષે એક જાણવા જેવી કથા છે. પૃથ્વીમાં જ્યારે કાંઈ કહેતાં કાંઈ નહિ હોય, ત્યારે પણ કાંઇક તો અવશ્ય હશે. એ કાંઇક જ આ પૃથ્વીમાં સર્વ-વ્યાપી ને સર્વશક્તિમાન ગણાય. એને આપણે સત્ કહીએ—બ્રહ્મ કહીએ, ચેતના કહીએ, ઈશ્વર કહીએ, પરમાત્મા કહીએ, ગમે તે નામ આપીએ; જે પૃથ્વીના છેક શરૂઆતના પહેલા પ્રભાતે અસ્તિત્વમાં હતું, તે બ્રહ્મ કહેવાતું. આ બ્રહ્મ એકલું હતું, એટલે તેણે નિજાનંદની ખાતર સૃષ્ટિ ઊભી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ પ્રમાણે શરૂઆતના સમાજમાં એકલો બ્રાહ્મણ હશે.

એનો અર્થ એ કે, જે માણસ હશે, તે બ્રાહ્મણ હશે. એ પોતાનું બધું કામ પોતે કરતો હશે. પ્રકૃતિને પૂજવાનું, કુદરતને ગીતથી ભરી દેવાનું, રાંધવાનું, પોતાનું રક્ષણ કરવાનું, પોતાનું અન્ન ઉત્પન્ન કરવાનું, પોતાની સેવા કરવાનું. એટલે એ માણસ બ્રાહ્મણ હતો—પ્રભાતે સંધ્યાએ ઈશ્વરોપાસના કરતો ત્યારે; એ જ ક્ષત્રિય હતો, જ્યારે પોતાનું રક્ષણ કરવા માટે લડતો ત્યારે; એ જ વૈશ્ય હતો, અન્ન ઉત્પન્ન કરવા ખેતરમાં જતો ત્યારે; એ જ શુદ્ર હતો, પોતાનું બીજું પરચુરણ કામ પોતે કરતો ત્યારે.

આ પ્રમાણે એક જ માણસ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર હતો. તે વખતે ચાર વર્ણ ન હતા. જાતિભેદની જરૂરિયાત ન હતી.

પણ દિવસો ગયા, તેમ માણસનો સંસાર વધતો ગયો. એને થઈ પડ્યું બાવાજીની લંગોટી જેવું.

એટલે એ એકલો કામને પહોંચી શકે તેવું રહ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ મોટો થતો ગયો–એટલે એક માણસ બધું કામ કરે એ અશક્ય થવા માંડયું.

એટલે રક્ષણ કરવાનું કામ એક જૂદો જ વર્ગ કરવા માંડયો. એ ક્ષત્રિય સમાજ ગણાયો.

કામ તો સમાજનું વધતું જ ચાલ્યું. દાણા દુણી પેદા કરનારો વર્ગ અને એ દાણાદુણીને બીજે દેશ લઈ જઇ, ત્યાંની વસ્તુઓ લાવનારો વર્ગ, એમ જુદાં જૂદાં કામ વધતાં જ ગયાં. એટલે વળી એક નવો વર્ગ પાડયો. તે વૈશ્ય વર્ગ. એ દેશનો અન્નભંડાર બન્યો.

પણ દરેક માણસ પોત પોતાના કામમાં તલ્લીન થતો ગયો, એટલે એના સર્જક કામની શ્રેષ્ઠતાની ખાતર, એને થોડાક આરામની જરૂર પડી. એટલે એનું પોતાનું અરચુરણ પરચુરણ કામ કરવા વળી એક નવો વર્ગ સ્થાપ્યો. આ વર્ગ તે શુદ્ર.

પણ આ ચારે વર્ગ ઊંચનીચના ભેદ સ્થાપવા માટે હતા જ નહિ. માણસ પડતો ગયો, એટલે ભાઈ પડયા પણ ટંગડી ઉંચી, એમ પોતાની શ્રેષ્ટતા ગણવા માંડયો. બાકી તો એક જ અંગમાંથી ચારે વર્ણ નીકળ્યા છે, એ બતાવે છે કે, એ ચારે એક બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે છે, એક બીજાને આધારે છે, એક જ સમાજના અંગ છે. તમામને માટે એક જ ધ્યેય છે. અસત્માંથી સત્માં જવાનું. અંધારામાંથી પ્રકાશ મેળવવાનું. મર્ત્યમાંથી અમર્ત્ય બનવાનું. માણસમાંથી દેવ થવાનું.

ત્યારે આ ધ્યેય સિદ્ધ કરવાનો રસ્તો એક જ. પોતાનું જે કામ હોય, તે શ્રેષ્ટ રીતે કરવાનો. જે પોતાનું કામ શ્રેષ્ટ રીતે કરે તે માણસ. જે પોતાનું કામ બગાડે તે ક માણસ. આ એક જ ગુરૂચાવી બધે કામ કરે.

પ્રશિયાના રાજાની વાત છે. એ એક વખત બજારમાં ચાલ્યો જાય. એટલામાં સામેથી બે માણસ ચાલ્યા આવે. એમાં એક મહા વિદ્વાન હતો. બીજો એનો મિત્ર હતો.

રાજાને આવતો જોઈને પેલો મહા વિદ્વાન માર્ગમાંથી ખસી ગયો. તેણે રાજાને જવાનો રસ્તો કરી દીધો. એ જોઈને પેલા માણસે એની મશ્કરી કરી:

'શું તમે પણ? રાજાની શેહમાં તણાયા કે?'

વિદ્વાને જવાબ વાળ્યો: 'એને માન આપવું એ ફરજ છે. એના ઉપર દેશના રક્ષણનો ભાર છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાં એનામાં કેટલો વિવેક છે– એ હું તમને હમણાં બતાવું ... '

એમ કહીને એણે, રાજા જે રસ્તે જઈ રહ્યો હતો તે તરફ, એના મિત્રની દૃષ્ટિ ખેંચી.

એ બન્ને રાજાને જતો જોઈ રહ્યા હતા, તેટલામાં જ એક મજુર રાજાને સામો મળ્યો. તે મજુરના માથા ઉપર ભાર હતો. રાજાએ એ જોયું. અને એણે તરત ખસીને મજુરને માર્ગ કરી દીધો!

બન્ને જોનારા રાજાની આ વિવેકબુદ્ધિથી છક્ક થઈ ગયા. એમાં વિવેક કે ઉપર ટપકેનો શિષ્ટાચાર ન હતો. વિવેકબુદ્ધિ હતી. વસ્તુ, રાજાના અંતરમાંથી ઉઠતી હતી.

ત્યારે આ પ્રમાણે વિદ્યા ભણાવતો બ્રાહ્મણ જેટલો સમાજને આવશ્યક છે, તેટલો જ ચામડાં કેળવતો શુદ્ર પણ આવશ્યક છે. માટે એમાં કોઈ કોઈને ઉંચ નીચ ગણે એ અવિવેકની દૃષ્ટિ ગણાવી જોઈએ.

યજ્ઞનું રહસ્ય આ રીતે સમજે તો ઘણો ફેર પડે કે સમાજના તમામ વર્ગો જેમાં સાથ આપે તે હરેક કામ યજ્ઞ જેવું ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ કે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને શુદ્ર એ તમામ જેને આધારે છે તે સત્ય જ સૌથી શ્રેષ્ટ છે.

એટલે સમાજના મૂલ્યાંકનને પરિણામે, થોડું મેળવનારો શુદ્ર એ જો સત્યને પંથે હોય, તો એનો અધિકાર બ્રાહ્મણ જેટલો જ. અધિકારની મારામારી એ તો ખરી રીતે પાછળથી ઊભી થયેલી અજ્ઞાન દૃષ્ટિ છે. અને સ્વાર્થી અધિકારી વર્ગે એ ફેલાવી છે.

બાકી એટલું ખરું, વંશપરંપરા એકનું એક કામ કરવાથી, કોઈ એક વર્ગમાં, એક પ્રકારની શક્તિ બીજા વર્ગ કરતાં વધારે આવે, એવું બને. પણ તો એ શક્તિનો ઉપયોગ સાર્વજનિક હોઈ શકે. તો એ એનો યજ્ઞ કહેવાય.

આપણે શાસ્ત્રોમાંથી રૂપકના ભેદ સમજવા જોઈએ. વિષ્ણુના મોંમાંથી બ્રાહ્મણ આવ્યા, પગમાંથી શુદ્ર આવ્યા, એ બધાનો ભેદ આ છે. એ બધા એક જ સમાજનાં આવશ્યક અંગો છે. એવી જ રીતે માણસની પોતાની જીવનકથાનાં પણ ચાર આવશ્યક ભાગ છે. એટલે વિદ્યા મેળવવી, પુરુષાર્થ કરવો, તત્ત્વચિંતન કરવું, સર્વત્યાગ કરવો. આ એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનના ચાર ભાગ. એનું નામ જ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ. આ ચાર વર્ણ–અને ચાર આશ્રમ, એ માણસની સમાજ-વ્યવસ્થા અને જીવનવ્યવસ્થા માટે જરૂરી છે. આ દેશ માટે જરૂરી છે ને બીજે જરૂરી નથી, એમ પણ નથી. વિશ્વશાંતિ માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ ચાર વર્ણ હોવા જરૂરી છે. અને માણસની જીવનવ્યવસ્થા માટે ચાર આશ્રમ જરૂરી છે. આ વ્યવસ્થાને જે કોઇ પ્રજા વિવેકથી સ્વીકારશે તે શાંતિ પામશે જ. એમાં માથાફોડ જુદ્ધ કરવાં પડે એવી કોઈ વાત આવતી નથી. બધી વાત મનની છે. પણ પેલી ચીન દેશની એક વાતમાં આવે છે તે સમજવા જેવું છે. ધજાને ફરફરતી જોઇને એક માણસ બોલ્યો: 'ધજા ચાલે છે!' બીજો બોલ્યો: 'ના, પવન ચાલે છે!'

બન્નેની વાત એક વિદ્વાન સાંભળી રહ્યો હતો તે બોલ્યો: "ધજા પણ ચાલતી નથી, પવન પણ ચાલતો નથી, તમારું મન ચાલે છે!' એટલે જ,

'मन एव मनुष्याणां कारणं बंध मोक्षयो :'

★

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪ ધૂમકેતુના નવાં પુસ્તકો

મેઘબિન્દુ	ઐતિહાસિક પ્રસંગ-કથનિકાઓનો સંગ્રહ	૩-૦
વનછાયા	અભિનવ નવલિકાઓનો નવો સંગ્રહ	૩-૦
જિબ્રાનની જીવનવાણી		૩-૮
પ્રતિબિંબ	નવો વાર્તાસંગ્રહ	૩-૦
ચારિત્રકથાઓ		૧-૦
ઉપનિષદ્કથાઓ		૨-૦
જ્ઞાનગોષ્ટિ		૧-૦
વડને છાંયડે		૧-૦
બોધકથાઓ ભા. ૧		૧-૦
બોધકથાઓ ભા. ૨		૧-૦
સંસ્કારકથાઓ		૧-૦
જાતસમર્પણની કથાઓ		છપાય છે
વેદકથાઓ		,,
ગીતાંજલિ		,,

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફરનાન્ડિઝ પૂલ નીચે · ગોવાનાજ · અમદાવાદ-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મુદ્રક · કુમાર પ્રિન્ટરી · અમદાવાદ